Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૮૪
તા.૩૦-૦૪-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - પુનમ
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૮ સૂર્યાસ્ત : ૦૭:૦૫

તાપમાન
ડીસા ૪૧.૮ | વડોદરા ૪૦.૮
અમદાવાદ ૪૩.૧ | સુરત ૩૩.૬
ગાંધીનગર ૪૨.૫ | નલિયા ૩૫.૪

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# જીએસટીના પરિણામે અસંગઠિત ક્ષેત્ર બરબાદ : રાહુલ

## રામલીલા મેદાનથી કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે રણશિંગુ ફૂંક્યું : જનઆક્રોશ રેલીમાં નિરવ મોદીથી લઇને ડોકલામ સહિતના મુદ્દે મોદી પર પ્રહારો કર્યા

નવીદિલ્હી

દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનથી કોંગ્રેસે વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી માટે આજે ચૂંટણી પ્રચારનું રણશીંગૂ ફૂંકી દીધું હતું. દેશભરમાંથી આવેલા નેતાઓની ઉપસ્થિતિ માં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાધીએ વડાપ્રધાન મોદી અને ભાજપ ઉપર સીધા પ્રહાર કર્યા હતા. ડોકલામ, ખેડૂતોના દેવા, ભ્રષ્ટાચાર, ન્યાયપાલિકા સાથે સંઘર્ષ જેવા મુદ્દા ઉપર રાહુલે મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ચાર જજ જનતાની સામે આવીને ન્યાય માંગે છે પરંતુ મોદી મૌન રહે છે. રાહુલે કહ્યું હતું કે, કોર્ટ, ચૂંટણી પંચથી લઈને આઈઆઈટી, આઈઆઈએમ જેવી તમામ સંસ્થાઓમાં આરએસએસના લોકોને મુકવામાં આવી રહ્યા છે. દરેક મંત્રીની પાસે આરએસએસના ઓએસડી છે પરંતુ મોદી મૌન રહેલા છે. મોદીએ દર વર્ષે બે કરોડ લોકોને રોજગારી આપવાની વાત કરી હતી પરંતુ ચાર વર્ષમાં રોજગારીની વાત છોડી દેવામાં આવે તો આઠ વર્ષમાં બેરોજગારીનો આંકડો સૌથી ઉપર પહોંચી ગયો છે. જીએસટીને ફરી એકવાર ગબ્બરસિંહ ટેક્સ ગણાવીને રાહુલે કહ્યું હતું કે, આના કારણે અસંગઠિત ક્ષેત્રને માઠી અસર થઇ છે. ચીન ૨૪ કલાકમાં ૫૦ હજાર લોકોને રોજગારી આપે છે જયારે ભારતમાં માત્ર ૪૫૦ લોકોને રોજગારી મળી રહી છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે, દેશના ૧૫ સૌથી મોટા ઉદ્યોગપતિઓના ૨.૫ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ કરવામાં આવ્યું છે પરંતુ દેશના ખેડૂતોનું દેવું માફ કરવામાં આવ્યું નથી. રાહુલે કહ્યું હતુ કે, તેઓ તેમની ઓફિસમાં પહોંચ્યા હતા અને કહ્યું હતું કે, આપે ૧૫ લોકોનું દેવું માફ કર્યું છે. દેશના ખેડૂતોના દેવાને પણ માફ કરવામાં આવે પરંતુ મોદીએ તેમના પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી વગર આ દેશના ખેડૂત જીવી શકવાની સ્થિતિમાં નથી. જો કોંગ્રેસ પાર્ટી ઉભી થઇ ન હોત તો ભારતના ખેડૂતોની તમામ જમીનો મોદી લઈ ગયા હોત. દેશભરમાં

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### મારી કવિતા

અગિયારેક વરસની ઉંમરે કરાંચીમાં દાદાની પેઢીના થડા ઉપર બેસીને ઈશ્વરસ્તુતિના દોહરાઓ લખતો; તે પછી મારી કાવ્યરચના- પ્રવૃત્તિ કોઈ કોઈ વાર આછી બની છે, પણ થંભી કદી યે નથી. એ જ કિશોરઅવસ્થામાં સાંપડેલા હિમાલયના પ્રથમ દર્શને મારા ચિત્ત ઉપર જે કામણ કર્યું છે, તે પણ ઓસર્યું કદી નથી- બલ્કે વધતું રહ્યું છે.

એક તરફ માણભટ્ટો ને કથાવ્યાસો, 'કાવ્યદોહન' ના દસ ભાગો દ્વારા દેશી ઢાળો, માત્રા મેળ છંદો, અને બીજી તરફ 'ભાગવત', 'રઘુવંશ' આદિ દ્વારા સંસ્કૃત ભાષાની સત્ત્વત્તાની સભાનતા- એ બન્ને મારા જીવનના લગભગ પરોઢમાં જ જાગ્યાં.

આમાં પાલ્ગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી' દ્વારા અંગ્રેજી કાવ્યસૃષ્ટિનો ભવ્યનવ્ય રોમાંચ ભળ્યો. આ બધામાં વળી મહાત્માજીના અસહકાર-આંદોલનોએ નવો પ્રાણ પ્રેર્યો. કવિતા વાંચનાર- લખનારને એણે કવિતા જીવવાનો અવસર પણ લાવી આપ્યો.

'આલબેલ' માં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો મેં લખ્યાં ત્યારે હું જેલમાં હતો; ત્યાં મે ગુજરાતી કાવ્યો સાથે થોડાંક અંગ્રેજીમાં પણ લખેલા. 'હરિનાં લોચનિયાં' કાવ્ય મેં મૂળ અંગ્રેજીમાં જ લખ્યું હતું- મને જેલમાં આવેલ એક સ્વપ્ન ઉપરથી!

'ખાખનાં પોયણાં' એ કાવ્યક્ષેત્રે મારૂં પ્રથમ પ્રકાશન (૧૯૩૩). 'આલબેલ' ૧૯૩૫ માં પ્રગટ થયું, 'મહોબતને માંડવે' ૧૯૪૧ માં ૧૯૪૪ માં 'કલ્યાણયાત્રી' ની રચના થઈ.

કરાંચીનું મારૂં અંગ્રેજી દૈનિક 'ડેઈલી મીરર' ૧૯૩૯ માં બંધ થતાં હું મુંબઈ આવી 'જન્મભૂમિ' ના તંત્રીમંડળમાં જોડાયો. તેની સાથે મારી મૂળ કાવ્યધારાની સમાંતરે કટાક્ષકાવ્યધારા 'વૈશંપાયનની વાણી' અને 'અહો રાયજી, સુણિયો!' એ બે શીર્ષકો તળે શરૂ થઈ અને દસેક વરસ સુધી દૈનિકોમાં વહેતી રહી.

કરસનદાસ માણેક

## બનાસકાંઠા ગરમીથી શેકાયું : ૪૧.૮ ડીગ્રી તાપમાન

### ગરમીથી ડીસા, પાલનપુરના માર્ગો પર કરફ્યૂ જેવો માહોલ

ડીસા

બનાસકાંઠા જિલ્લાના આજે તાપમાનનો પારો સીઝનમાં સૌથી વધુ નોંધાતા તેની સ્પષ્ટ અસર જનજીવન પર જોવા મળી હતી. કાળઝાળ ગરમીમા રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યાં છે.


ભરત સુંદેશા

બનાસકાંઠા જિલ્લામાં પણ છેલ્લા એક અઠવાડિયાથી ગરમીનું પ્રમાણ ધીરે ધીરે વધી રહ્યું છે. ત્યારે આજ સવારથી ગરમ લૂ અને સુક્કા હવામાનના પગલે શહેરના માર્ગો સુમસામ જોવા મળી રહ્યા હતા. બપોર બાદ કાળઝાળ ગરમીના લીધે જનજીવન સહિત અબોલ પશુઓની હાલત પણ કફોડી થઈ ગઈ હતી. કાળઝાળ ગરમીના કારણે લોકોને ઘરમાંથી નીકળવું પણ મુશ્કેલ બની રહ્યું છે જેના કારણે લોકો સુતરાઉ કાપડમાં ગોટમોટ થઈને બહાર નીકળી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગો સુમસામ બની જાય છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળેલી માહિતી પ્રમાણે આજે તાપમાન વધુ હોવાના કારણે લોકોએ અસહ્ય ગરમીનો એહસાસ કરી રહ્યા છે ત્યારે મૌસમની સૌથી વધુ ગરમી હોવાનું પણ હવામાન વિભાગે જણાવ્યું હતું. કાળઝાળ ગરમીનાં કારણે રસ્તાઓ સુમસામ થઈ જવા પામ્યા છે અને બપોરનાં સમયે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. તો ન છુટકે નીકળતા લોકો ગરમીથી બચવા મોઢું ઢાંકીને નીકળી રહ્યાં છે.

## ભીલડી હાઈવે ઉપર લકઝરી બસની ટક્કરથી બાઈક ચાલકનું મોત

### બાઈકનો કચ્ચરઘાણ : લકઝરી બસચાલક ફરાર

પ્રતિનિધિ ભીલડી

ભીલડીથી ડીસા તરફ જઈ રહેલ લકઝરી બસના ચાલકે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. લકઝરી ચાલક બસ મુકીને ફરાર થઈ ગયો હતો.


કંચનજી ઠાકોર

મળતી માહિતી મુજબ ડીસા તાલુકાના ભીલડી રેલ્વે પુલથી ઉતરતાં જ ભીલડી તરફથી રોંગ સાઈડમાં આવી રહેલ લકઝરી બસના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક નેસડા ગામના ઠાકોર યુવાન વિનુજી ભોમાજી રાઠોડ (રહે. નવાનેસડા)નું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાની ભીલડી પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે જઈ લકઝરી બસ (નં.જી.જે.૮- ડબલ્યુ ૯૮૫૮) ને કબજો લઈ બસને ભીલડી પોલીસ મથકે લઈ જવાઈ હતી અને બાઈક (નં.જી.જે.૮-ઈ ૫૭૨૧) નો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો. પોલીસે મરણ જનાર રાઠોડ વિનુજી ભીમાજીની લાશને ડીસા સિવીલ ખાતે પી.એમ. માટે મોકલી લાશનું પી.એમ. કરાવી વાલીવારસોને સોંપી હતી. જ્યારે ફરાર લક્ઝરી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## સાર સમાચાર...

### શિસ્ત, સમર્પણ અને કઠોર પરિશ્રમથી સફળતા મળે છે : મોદી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં પેગમ્બર મોહમ્મદ સાહેબના ઉપદેશોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, રમઝાનના પવિત્ર મહિનાની શરૂઆત થઇ રહી છે. વિશ્વભરમાં રમઝાન મહિનાને સંપૂર્ણ શ્રદ્ધા અને સન્માન સાથે મનાવવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે,

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠાની રી-સર્વે માપણીમાં જિલ્લા જમીન રેકર્ડ કચેરીની ગેરરિતીઓ

### ખેડૂતોના જમીનના પ્રશ્નો રી-સર્વે બાદ પણ અધ્ધરતાલ : અરજદારોના લાભાર્થે જમીનમાં સુધારાના હુકમો થયા

ડીસા

સમગ્ર ગુજરાત રાજ્યમાં જમીન રેકર્ડના આધુનિકરણ માટે રાજ્ય સરકારે ખાનગી એજન્સી દ્વારા રીવીઝન સર્વે (ફેરમાપણી) કરાવીને ખેડુતોની જમીનોના પ્રશ્નોનો નિકાલ થાય તે માટે એક મિશન ચલાવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં પણ ખાનગી એજન્સી દ્વારા રીવીઝન સર્વે થયું છે. પરંતુ જિલ્લાના દરેક તાલુકાઓના તમામ ગામડાઓ ખેડુતોના જમીનોના પ્રશ્નો રીવીઝન સર્વે બાદ પણ અધ્ધરતાલ રહેવા પામ્યા છે. જે અંગેની ચકાસણી કરતા કેટલીક વાંધાજનક બાબતો બહાર આવી છે. જેમાં માપણી કરનાર ખાનગી એજન્સી અને જિલ્લા જમીન રેકર્ડ કચેરીના અધિકારીઓની મિલીભગત સામે આવી છે. આ માપણી બાબતે જાગૃત ખેડુતોએ વાંધા અરજી આપી હતી. ખેડુતોની જમીનોની સ્થળ માપણી વખતે ૭/૧૨ માં જેનું નામ હોય અને તે વ્યક્તિનો સ્થળે કબજો ન હોય તો તેવા ૭/૧૨ બંધ કરી દેવામાં આવ્યા છે. જેની સામે આ જ પરિસ્થિતિવાળા કેટલાક ૭/૧૨ બંધ ન કરી શકાય તેવા જવાબો આપવામાં આવ્યા છે અને આવા કેટલાક ૭/૧૨ માં જમીનનું ક્ષેત્રફળ પણ વધારી દેવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જિલ્લા જમીન રેકર્ડ કચેરીના અધિકારી અને જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટનો ચાર્જ એક જ અધિકારી પાસે હોવાથી પોતાના જ હુકમો પોતે રદ કરવા અને સુધારવાની સત્તા હોવાથી આવા કેટલાક ગોટાળાઓ થયાનું જાણવા મળેલ છે. એપ્રિલ માસમાં આ કચેરી દ્વારા સૌથી વધુ સુધારા હુકમો થયા છે અને કેટલીક જમીનોમાં તો એકથી વધુ વખત પણ અરજદારના લાભાર્થે સુધારા હુકમો થયા છે.

પાલનપુર તાલુકાના આકેસણ ગામમાં આવેલી સર્વે નં. ૩૮/અ પૈકી ૨ કે જેનો નવો સર્વે નંબર ૨૭૫ છે. જેના સુધારા હુકમમાં રીતસરના કબજા બદલાયા હોય તેવું સ્પષ્ટ થાય છે. નવા સર્વે નં. ૨૭૫, ૨૭૬ અને ૨૭૮ ત્રણેયનો કબજો આજુબાજુમાં બતાવીને નવો સર્વે નં. ૨૭૬ અમલમાં લાવવાનો હુકમ કચેરી દ્વારા કરવામાં આવ્યો છે. જે જમીનને પાલનપુર શહેરનો કોઈ સીમાડો લાગતો નથી. છતાં સુધારા હુકમ નં. સર્વે / વાંધાઅરજી / આકેસણ/ વશી / ૧૫૪ / ૨૦૧૬ માં પાલનપુર શહેરનો સીમાડો બતાવીને અરજદારને રીતસરનો ફાયદો કરાવ્યો છે. આ ફાયદો કરાવવા માટે ઘણા મોટા પ્રમાણમાં પત્રમ્ પુષ્પમ્ થયું હોવાનું ચર્ચાસ્પદ છે. આ જ જમીનમાં આવતો ૧૦ ફુટનો રસ્તો ૩૦ ફુટનો થઈ ગયો છે. જે વિષયમાં પણ કંઈક ખોટું થયું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આમ જિલ્લાની સદરહુ જમીન રેકર્ડ કચેરી દ્વારા ઢગલાબંધ ગેરરીતિઓ થઈ હોવાનું અને કચેરીમાં એજન્ટ રાજ ચાલતું હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે. પારદર્શી વહીવટની ગુલબાંગો ફુંકતી ભાજપ સરકાર આવા ગેરરીતિ આચરતા અધિકારીઓને સબક શીખવાડશે ખરા ?

### ૭/૧૨ ના ઉતારા બંધ - ચાલુ રાખવામાં બેવડી નીતિ

કેટલાક કિસ્સાઓમાં ૭/૧૨ નો ઉતારો ધરાવનારનો સ્થળે કબજો ન હોય તેવા અરજદારોના ૭/૧૨ બંધ કરી દઈ તેઓને અન્યાય કરવામાં આવ્યો છે. સામા પક્ષે આવા જ કેટલાક કિસ્સાઓમાં ૭/૧૨ બંધ ન થઈ શકે તેવા સુધારા હુકમો કરીને મળતી અરજદારોને જમીન રેકર્ડ કચેરી દ્વારા ફાયદો કરાવીને પોતે પણ ફાયદો લીધો છે.

### પાલનપુર તાલુકાના આકેસણ ગામની જમીનના સુધારા હુકમમાં ગેરરિતી

પાલનપુર તાલુકાના આકેસણ ગામમાં આવેલી સર્વે નં. ૩૮/અ પૈકી ૨ કે જેનો નવો સર્વે નંબર ૨૭૫ છે. જેના સુધારા હુકમમાં રીતસરના કબજા બદલાયા હોય તેવું સ્પષ્ટ જણાય છે. નવા સર્વે નં. ૨૭૫, ૨૭૬ અને ૨૭૮ ત્રણેયનો કબજો આજુબાજુમાં બતાવીને નવો સર્વે નં. ૨૭૬ અમલમાં લાવવાનો હુકમ કચેરી દ્વારા કરવામાં આવ્યો છે. જે જમીનને પાલનપુર શહેરનો કોઈ સીમાડો લાગતો નથી. છતાં સુધારા હુકમ નં. સર્વે / વાંધાઅરજી / આકેસણ/ વશી / ૧૫૪ / ૨૦૧૬ માં પાલનપુર શહેરનો સીમાડો બતાવીને અરજદારને રીતસરનો ફાયદો કરાવ્યો છે.

## રાધનપુરમાં સમુહલગ્નમાં ૧૫ બાળલગ્ન અટકાવાયા : વાલીઓ વિરૂદ્ધ કાર્યવાહી

(જી.એન.એસ) રાધનપુર

રાધનપુરમાં ૧૫ જેટલા બાળ લગ્ન અટકાવવામાં આવ્યા છે. રાધનપુરમાં પ્રજાપતિ સમાજ દ્વારા બાળ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ગાંધીનગર અને પાટણની બાળ સુરક્ષા વિભાગની ટીમે સંયુક્ત કામગીરી હાથ ધરી બાળ લગ્ન અટકાવ્યા હતા.

બાળ સુરક્ષા વિભાગે સમુહ લગ્નના આયોજક અને બાળકોના વાલીઓ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

## બનાસડેરીમાં બે ટેન્કરો વચ્ચે કચડાઇ જતાં યુવકનું મોત

### પાલનપુરના દાનાપુરા ગામમાં શોકની કાલીમાં છવાઈ

પાલનપુર

એશિયાની નંબર વન બનાસ ડેરીમાં ગત સવારે એક યુવક ટેન્કર પાછળ દૂધની પાઈપ ફીટ કરી રહ્યો હતો. ત્યારે બીજા ટેન્કર ચાલકે અચાનક પોતાનું ટેન્કર રિવર્સ લેતાં યુવક કચડાઈ ગયો હતો. જેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી અમદાવાદ રીફર કરાતા રસ્તામાં જ તેનું કરૂણ મોત નિપજ્યું હતુ.

પ્રાપ્ત વિગતો મુજબ, દાનાપુરા ગામના ૨૪ વર્ષીય દિપકજી હરજી ઠાકોર બનાસડેરીમાં ટેન્કરના હેલ્પર તરીકે કામ કરે છે. જેઓ રવિવારે વહેલી સવારે દૂધ ઠલવવા માટે આવેલા ટેન્કરની

અનુસંધાન પાના નં.૬

### પત્નીને સાડી આપવાના ઓરતા અધૂરા રહ્યા

દાનાપુરા ગામના દિપકજી ઠાકોર બનાસડેરીમાં હેલ્પર તરીકે કામ કરતા હતા. જેમના લગ્ન એક વર્ષ અગાઉ વૈશાખ માસમાં થયા હતા. દરમિયાન શનિવારે સાંજે તેઓ પોતાની પત્ની માટે સાડી ખરીદીને આવ્યા હતા. જેની સાથે ભજીયા બનાવવા માટે લોટ પણ લાવ્યા હતા. નાઈટ સીફ્ટમાં જતા પહેલા પરિવારજનોને કહ્યું હતુ કે, ભજીયા તૈયાર રાખજો સવારે આવીને ખાઈશ અને પછી પત્નીને સાડી આપવા જઈશ પણ રવિવારે વહેલી સવારે જ તેમનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનો ઉપર આભ તૂટી પડયું છે.

## મધ્યપ્રદેશ : ભરચક યાત્રી બસ પલટી ખાઈ જતાં ૧૦ના મોત

### ગમખ્વાર અકસ્માતમાં ૩૦થી વધુ લોકો ઘાયલ

ઈન્દોર

મધ્યપ્રદેશમાં ગમખ્વાર અકસ્માતમાં ૧૦ના કરૂણ મોત થયા છે. મંદસોર જિલ્લામાં બસ પલટી ખાઈ જતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં ૩૦થી પણ વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બસમાં ક્ષમતા કરતા પણ વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આ ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું છે. સાથે સાથે વળતરની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લામાં રવિવારે એક બસે પલટી મારતાં ૧૦ લોકોના મોત નીપજ્યાં છે. દૂર્ઘટનામાં ૩૦થી વધુ લોકો ઘાયલ થયાં છે, જેને ઈલાજ માટે મંદસૌર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. નજરે નિહાળનારાઓએ જણાવ્યું છે દૂર્ઘટના બાઈક પર સવાર ત્રણ લોકોને બચાવવા જતા ઘટી હતી. તો પોલીસના જણાવ્યા મુજબ બસમાં ક્ષમતા કરતાં વધુ યાત્રી સવાર હોવાથી અકસ્માત થયો હતો. મુખ્યમંત્રી શિવરાજસિંહે ટ્વીટ કર દૂર્ઘટના

અનુસંધાન પાના નં.૬



સૂર્યોદય - ૬.૦૮ સૂર્યાસ્ત - ૭.૦૫

## તિથિદર્શન

વૈશાખ સુદ-૧૫ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :પુનમ સોમવાર નક્ષત્રઃ સ્વાતી બપોરે ૨.૪૭ પછી વિશાખા યોગ :સિદ્ધિ કરણઃ બાલવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ન સારણિયા ધીરેણ રસના નીરસે જને કો નામ કુરુતે ફેરૌ નાયકઃ સાયક ક્ષતિમ્

'ધીરજવાન અને સમજુ મનુષ્યે પોતાની મૂલ્યવાન અને સારથી ભરેલી વાણીનો, નીરસ મનુષ્યો આગળ વ્યર્થ ભરેલી વાણીનો, નીરસ મનુષ્ય આગળ્ વ્યર્થ વ્યય કરવો નહીં. એવો તો કયો શિકારી હશે જે શિયાળના શિકાર માટે હાથે કરીને પોતાનાં મૂલ્યવાન બાણો ને બગાડે?'

આજની યુવા પેઢી, અને એમાંય કંઈક કોઈક ડિગ્રી કે તકનીકી જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય તો તો આકાશમાં ઊડવા લાગે છે. વડીલો જે જૂની વિચારસરણી પેઢી- દર - પેઢીનું કુટુંબ પરિવારનાં રીત- રિવાજ, જૂના ડોશીવૈદોના અનુભવ જે સફળ પરિણામો આપનારાં હોય છે. તેમનાં સલાહ- સૂચન એમને વાહિયાત લાગે છે. અરે! વિના માગ્યે પણ જો માર્ગદર્શન આપવાની ભૂલ કરી નાખીએ તો નાક કપાવવાની કે અપમાનની તૈયારી રાખવી જ પડે!

આથી જ આ પ્રાચીન શ્લોકમાં સલાહ આપી છે કે જેને પોતાનું માન- સ્વમાન સાચવવું હોય એવા વડીલોએ પોતાની મૂલ્યવાન - અનુભવી અને સત્સંગ- વાંચન દ્વારા વિકસેલી બુદ્ધિ અને વાણીનો આવી ભેંસો આગળ, નીરસ - અબુધ ઉછ્રૃંખલ યુવાનો પાસે નાહક વ્યય ન કરવો. આવા લોકો પોતાને જ સર્વજ્ઞ માનતા હોય છે, ઠોકર વિના સમજતા નથી.

આવા તુચ્છ પ્રાણી માટે આપણી મૂલ્યવાન વાણીનો બગાડ શા માટે કરવો?!

## હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ દ્વારા બી.કોમ. સેમી-૪ નું ૭૯.૫૨ ટકા પરિણામ જાહેર

તાલુકા પ્રતિ. થરા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા ગત માર્ચ-૨૦૧૮ માં લેવાયેલ બી.કોમ. સેમીસ્ટર ૪ (ચાર) નું પરિણામ ૭૯.૫૨ ટકા જાહેર કરાયું હોવાનું જાણવા મળેલ છે.

બી.કોમ. સેમી-૪ માં ૪૭૫૦ પુરૂષ ૩૧૭૮ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૭૯૨૮ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તે પૈકી ૩૩૧૬ પુરુષ ૨૮૦૬ સ્ત્રી મળી ૬૧૨૨ પરીક્ષાર્થી પાસ થયેલ. ૧૨૬૦ પુરૂષ ૩૧૭ સ્ત્રી મળી ૧૫૭૭ પરીક્ષાર્થીઓ નાપાસ જાહેર થયેલ. ૭૨ પુરુષ અને ૨૫ સ્ત્રી મળી ૧૦૩ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેલ. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ૦૨ સ્ત્રી પરીક્ષાર્થીના પરિણામ ડબલ્યુ મિસ્ક. ૮૬ પુરુષ ૨૫ સ્ત્રી મળી ૧૧૧ પરીક્ષાર્થીઓના પરિણામ રદ કરવામાં આવ્યા. ૧૦ પુરુષ અને ૦૩ સ્ત્રી મળી ૧૩ પરીક્ષાર્થીઓના પરિણામ પેન્ડીગ- રીઝર્વ રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ. આ પરીક્ષામાં ૨૫૧૮ જનરલ, ૭૨૫ એસ.સી. ૧૬૭ એસ.ટી. ૪૫૧૮ ઓબીસી પરીક્ષાર્થીઓ નોંધાયેલ. તે પૈકી ૧૯૧૯ જનરલ, ૫૩૫ એસ.સી., ૧૩૨ એસ.ટી., ૩૫૩૬ ઓબીસી પરીક્ષાર્થીઓ પાસ થતાં બી.કોમ. સેમીસ્ટર-૪(ચાર) નું પરિણામ યુનિવર્સીટી નિયમ પ્રમાણે ૭૯.૫૨ ટકા જાહેર કરવામાં આવ્યું છે.

## ડીસા તાલુકા ભા.કિ.સંઘની નવિન કારોબારીની રચના

ડીસા

ડીસા તાલુકા ભા.કિ. સંઘની મીંટીગ ત્રણ હનુમાન મંદિરમાં મળી જેમાં બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ભીખાભાઈ ભુટકા તથા ચુંટણી અધિકારી હિરાજી ગણેશાજી માળી, તાલુકાના તમામ નવિન કારોબારીની બહાલી આપવામાં આવી. તાલુકાની કારોબારીની યાદીમાં પ્રમુખઃ મોહનલાલ ભેરાજી સોલંકી, ઉપપ્રમુખઃ નાઢાજી સરૂપજી ઠાકોર, મંત્રીઃ તળશાજી મોટાજી ગેલોત, સહમંત્રીઃ ગણેશાજી ગિરધારજી જાટ, યુવા પ્રમુખઃ ગોવિંદભારથી બહુભારથી ગૌસ્વામી, જૈવિક પ્રમુખઃ નરસિંહભાઈ ભુરાજી ટાંક, પ્રચાર પ્રમુખઃ કનૈયાલાલ નાગજીજી પ્રજાપતિ, બિજ અને ધાન્ય પ્રઃ પ્રકાશભાળ ગોવાજી માળી, પશુપાલન પ્રઃ માલાભાઈ હરીભાઈ રબારી, મહિલા પ્રઃ સુખીબેન કાળીદાસ સાંખલાની વરણી કરાઈ છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફિસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

**વૃષભ :** આ સપ્તાહ દરમિયાન કોઇપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

**મિથુન :** આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અનધિક્તા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિતકાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઇ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

**કન્યા :** આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઇની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

**તુલા :** આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

**ધન :** આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**મકર :** આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

**કુંભ :** આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઇ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

**મીન :** આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઇપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## ડીસા ખાતે ડીસાવળ પ્રજાપતિ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

ડીસા

બનાસકાંઠામાં ખીલેલી લગ્નોની મૌસમ વચ્ચે આજે ડીસા તાલુકામાં વસતા ડીસાવળ પ્રજાપતિ સમાજે પણ સમય સાથે તાલ મિલાવી સમુહલગ્નની ક્રાંતિકારી પ્રથાનો સ્વીકાર કર્યો છે.આજે સંપન્ન થયેલા ડીસાવળ પ્રજાપતિ સમાજના પ્રથમ સમુહલગ્ન સમારોહને નોંધપાત્ર સફળતા સાંપડી હતી. ડીસા તાલુકાના પ્રજાપતિ સમાજે પણ આ વર્ષથી સમુહલગ્નની ક્રાંતિકારી પ્રથા અમલી બનાવી છે.આજે ડીસા તાલુકાના જુનાડીસા નજીકના એક ખાનગી કોલ્ડ સ્ટોરેજ ખાતે ડીસાવળ પ્રજાપતિ સમાજનો પ્રથમ સમૂહલગ્ન સમારોહ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતો. સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિજનોની હોંશીલી હાજરીમાં યોજાયેલા આ સમૂહલગ્ન સમારોહમાં પ્રજાપતિ સમાજના ૧૪ યુગલોએ લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં.આ અવસરે ગુજરાત વેરહાઉસીગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા, પ્રજાપતિ સમાજના અગ્રણી અને ભાજપ બક્ષી મોરચાના પ્રદેશ પ્રમુખ દિનેશભાઇ અનાવાડિયા, અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના અધ્યક્ષ દલસુખભાઈ પ્રજાપતિ સહિત અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી નવ દંપતિઓને સુખી લગ્ન જીવન માટે શુભ આશિષ પાઠવ્યા હતા.આ અવસરે દિનેશભાઇ અનાવાડિયાએ સમાજની આ પહેલને આવકારી પ્રસંગના સુંદર આયોજન માટે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રજાપતિ સમાજનો ૨૧ માં સમુહ લગ્નોત્સવ યોજાયા

પ્રતિનિધિ થરા

શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજનો ૨૧ મો સમુહ લગ્નોત્સવ રાધનપુર ખાતે શાન્તાબેન હેમાભાઈ પ્રજાપતિ છાત્રાલય ખાતે યોજાયો હતો. દર વર્ષની જેમ આ વખતે ઉનાળાની સખ્ત ગરમી હોવા છતાં આઠ પરગણાના રાધનપુર પરગણા, તેરવાડા પરગણા, ઉણ પરગણા, સમી પરગણા, મુજપુર પરગણા, ખાખલ પરગણા, વાંસા પરગણા તેમજ જતોડા પરગણાના ૩૧ યુગલોએ પ્રભુતામાં પગ માંડ્યા હતા. સમગ્ર સમાજની ઉપસ્થિતિમાં ૯:૦૦ કલાકે લગ્નવિધિ સંપન્ન કરી ૧૧ કલાકે સત્કાર સમારંભ રાખવામાં આવેલ. જેમાં આનંદગીરી બાપુ (અબિયાણા) એ આશીર્વચન પાઠવ્યા હતા. અધ્યક્ષ સ્થાન પ્રજાપતિ ગોરધનભાઈ કાનજીભાઈએ શોભાવ્યું હતું. જયારે મુખ્ય મહેમાન તરીકે પ્રજાપતિ દેવરામભાઈ પીંપળાણા,



કિશોરભાઈ પ્રજાપતિ માંડલા, બાબુભાઈ ગોરધનભાઈ રાધનપુર નીતીનભાઈ, અશોકભાઈ વૈધરાજ બાબુભાઈ, આઠ પરગણાના પ્રમુખ રાધનપુર પરગણા પ્રમુખ ભેમાભાઈ પ્રજાપતિ, ત્રિભોવનભાઈ સરકારપુરા દરેક દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમુહ લગ્નને સફળ બનાવવા દિવસરાત એક કરી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા માટે સમુહલગ્ન સમિતિના પ્રમુખ જયંતીભાઈ માદેવભાઈ, ઉપપ્રમુખ છગનભાઈ ડાયાભાઈ, મંત્રી નથુભાઈ પ્રજાપતિ, પરાગભાઈ મંત્રી રાધનપુર પરગણા વગેરે હાજર રહ્યા. જયારે પાણીની વ્યવસ્થા નજુપુરાવાળા ચમનભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલ. સમારંભ પૂર્ણ થતાં મીડીયા કર્મીના ૧ પત્રકારે દાદાગીરી કરતાં અસભ્ય વર્તન કરતાં લોકો દ્વારા તેને બહાર કરી આઈકાર્ડ માગતા આઈકાર્ડ ના બતાવતા વાતાવરણ ઉગ્ર બનતા છેવટે સમજાવટ કરી મીડીયા કર્મીને બહાર મોકલતાં મામલો થાળે પડ્યો હતો.

## દીઓદર ખાતે સાલગીરી સહ મહોત્સવ યોજાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર નગરના પ્રાચીન જીનાલયનું નવનિર્માણ કરી બનાવેલ શ્રી કલ્પદ્રુમ શાંતિનાથ જીનાલયની પ્રથમ સાલગીરી ધ્વજારોહણ પ્રસંગે ત્રિ-દિવસીય મહોત્સવ યોજાઈ ગયો. તા.૨૬/૪/૨૦૧૮ના રોજ પંચ કલ્યાણક પુજા ભણાવેલ. તા.૨૭ના રોજ વીસસ્થાનક પુજા થયેલ. તા.૨૮/૪/૨૦૧૮ના રોજ સવારે અઢાર અભીષેક તથા સત્તરભેદી પુજા થયેલ. જેમાં વિધિ વિધાન મીતેશભાઈ ફોફાણીએ કરાવેલ. જયારે સંગીતનો સથવારો અજીતભાઈ ધાણધારા(થરા) એ કરાવેલ. શુભ મુહુર્તે જીનાલયનું નવ નિર્માણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર મહેતા ડોહજીભાઈ હેમજીભાઈ પરીવારના હસ્તે પ્રથમ સાલગીરાએ ધ્વજારોહણ મંત્રોચ્ચાર વચ્ચે કરવામાં આવેલ. આ પ્રસંગે સંઘ સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. મહેતા પરીવારજનો ભારે ઉત્સાહભેર ત્રિ-દિવસીય મહોત્સવમાં ઉપસ્થિત રહી પ્રભુભક્તિ કરેલ. દીઓદર જૈનસંઘના પ્રમુખ રમણીકલાલ ડી.શાહ, ટ્રસ્ટીગણ તથા સંઘના સદસ્યો સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## વાગડોદ ખાતે રબારી સમાજના ૧૦માં સમુહ લગ્ન સુખરૂપ સંપન્ન



નરસિંહ દેસાઇ

(પ્રતિ.) વડાવલ

વાગડોદ ખાતે નકળંગ દેવના ધામમાં દર વર્ષે રબારી સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવનું આયોજન થાય છે ત્યારે ગતરોજ રવિવાર ના દિવસે રબારી સમાજ નો ૧૦ મો સમુહ લગ્નોત્સવ યોજાયો. જેમાં રબારી સમાજના નવદંપતીએ પ્રભુતામાં પગલા પાડયા હતા. નકળંગ દેવ ધામ વાગડોદના મહંત શંકરનાથ મહારાજના માર્ગદર્શન હેઠળ સમૂહ લગ્નોત્સવ સુખ સંપન્ન થયો હતો.

સમૂહલગ્ન સમિતિ દ્વારા સુંદર આયોજન કરાયું હતું જેમાં રબારી સમાજના અનેક દાનવીર દાતાઓએ દાનની સરવાણી વહાવી હતી અને સમૂહ લગ્નને સફળ બનાવ્યો હતો.

## ધાનેરાના ભાટીબ ગામે દૂધ ભરાવા મુદે માર માર્યો

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ભાટીબ ગામે દુધ ભરાવા કેમ લાઈનમાં રહેતા નથી અને ડાયરેક ભરાવે છે' તેમ કહી વકીલને ગડદા પાટુનો માર માર્યાની ચર્ચા ' ટોક ઓફ ધી ટાઉન' બની છે. ટુંકી હકીકત એવી છે કે ભાટીબ ગામના મહેન્દ્રકુમાર જયરામભાઈ પ્રજાપતી (ઉ.વ. ૨૫) લાખણીમાં વકીલાતનો વ્યવસાય કરે છે. તેઓ તા.૨૮/૪/૧૮ ના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે દુધ ભરાવા ડેરીમાં ગયેલ તે દરમ્યાન ગામના જ ઓતમાજી આશુજી સાદરા (રાજપુત) પણ દુધ ભરાવા આવેલ અને આ વકીલને જોઈ તેને કહેલ કે તા.૨૬/૪/૧૮ ના રોજ તું કેમ લાઈન તોડીને વચ્ચેથી દુધ ભરાવીને જતો રહેલ તેમ કહી ગડદા પાટુનો માર મારતાં વકીલે સરકારી દવાખાને સારવાર લઈ. ઓતમાજી વિરૂધ્ધ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મારો "સમય" હતો ત્યારે મારી પાસે સમય ન્હોતો ! એ જોજો ક્યાંક પસ્તાવું ના પડે.

**મનદર્પણ**
**મંજુ પ્રજાપતિ**

"જયારે મારો 'સમય' હતો ને ત્યારે મારી પાસે સમય ન્હોતો" આ વાત આપણને સૌની બહુ વિલંબથી અને અનુભવે જ સમજાતી હોય છે.

આપણો સમય હોવો મતલબ કે આપણો પડ્યો બોલ ઝીલાવો, આપણે બોલીએ અને આખુ જગત સાંભળે અને તતેને માને પણ ખરૂ. સમાજમાં નામના હોવી, પ્રતિષ્ઠા, સંપતિ અને સુખ શાંતિ પણ હોવી.

મહદ અંશે એવું બનતું હોય છે કે, જયારે, આપણો "સમય" હોય ત્યારે જ આપણી પાસે "આપણી જાત માટે અને પરોપકાર માટે પણ જરાય સમય હોતો નથી. એમાંય જયારે સહુ આપણો પડ્યો બોલ ઝીલતાં હોય ત્યારે તો આપણી પાસે અન્યની વાત સાંભળવાનો તો "સમય" પણ ક્યાંથી હોય ? આ એવો સમય હોય છે કે, બીજા લોકોની વાત કાને ધરવાની આપણે ફુરસદ ના હોય તેટલી હદે આપણે પ્રવૃત્ત બની જતા હોઈએ છીએ. આપણને કોઈ સલાહ આપે એ પણ જરાય ગમતું નથી. આપણા પગ ધરતી પર હોતોજ નથી. આપણે માનસિકરીતે તેમજ સામાજિક રીતે એટલી ઉંચાઈએ પહોંચી ગયા હોઈએ છીએ ત્યાંથી ગયા હોઈએ છીએ કે ત્યાંથી નીચે નજર કરતાં સહુ સાવ નાના દેખાય છે. જે આપણા દંભી ગર્વને પોશે છે. આપણા અમુક અંશે મીથ્યાભિમાની બની જઈએ છીએ. આપણી વાતને સમર્થન નહીં આપનારા કે વાત નહીં માનનારાઓ પ્રત્યે આપણને તિરસ્કાર અને રોષની લાગણી જમ્મે છે.

જ્ઞાન, સફળતા, પ્રતિષ્ઠા, કીર્તિ, માન આદર અને ઉચ્ચસ્થાન પચાવવું ખુબજ અઘરૂ છે. સફળ વ્યક્તિને તેની સફળતા પચાવતા ના આવડે તો તે દેખતો હોવા છતાં તેની હાલત અંધ જેવી બની જાય છે. સફળતાનાં મદમાં તેને સારા નરસાનું ભાન નથી રહેતું. સફળતા મળ્યા પછી જો વ્યક્તિ સાલસ અને સહજ બની રહે અને અભિમાન તેને ના સ્પર્શે તો તેની સફળતા ખીલી ઉઠે છે.

આપણે સમાજમાં એવા અનેક લોકોને જોઈએ છીએ જેઓની પાસે અન્ય લોકો માટે તો ઠીક પોતાનાં અંગત માટે પણ સમય નથી હોતો. અન્ય લોકોના સુખ - દુખમાન સહભાગી નહીં થતાં સુખી સંપન્ન લોકો તરફ સમાજઘૃણા અને નારાજગી ધરાવતાં થઈ જાય છે. અલબત, સફળ વ્યક્તિની આવી ખામીઓ તરફ અગુલી નિર્દેશ કરવાની કોઈ હિંમત નથી કરતું ને જો કોઈને વળી ચાનક ચડે અને કશું બોલવાનો પ્રયાસ કરે તો તેની વાત કાને ધરવામાં આવતી નથી ને કદાચ ઘણા કિસ્સાઓમાં તો વણમાંગી સલાહ આપવા જતાં અપમાનિત થવું પડે છે. ક્ષોભજનક આપણા સમગ્ર જીવનકાળ દરમ્યાન જયારે પણ આપણો સમય (સુવર્ણ કાળ કે પછી દશકો) શરૂ થાય ત્યારે અન્ય જરૂરિયાતમંદ લોકો તેમજ આપણી સફળતામાં સામેલ થયેલા જાણીતા - અજાણ્યા તમામ લોકો માટે "સમય" કાઢવો એ આજંના સમયની ખરેખર માંગ છે. પરિસ્થિતિનો સામનો કરવાની પણ ફરજ પડતી હોય છે.

એવુ સાવ અમસ્તા જ નથી કહેવાયું કે, "...ઐસી કરનીકર ચલોકે તુમ હંસો જગ રોએ." ઘણા લોકો પોતાનાં પરિવાર, સગા સંબંધીઓ માટે તો જે કાંઈ થઈ શકતું હોય તે સત્કાર્ય કરતાં હોય છે. કેટલાક લોકો વળી એવા નિઃસ્વાર્થ હોય છે કે સમાજના હિતમાં પોતાની પુરી જિંદગી ખર્ચી નાંખે છે. સમાજ આવા સેવાભાવી માનવીઓને યાદ કરે છે. આ સેવાભાવી હસ્તિ આ ફાની દુનીયા છોડી જાય છે ત્યારે સમાજ રડે છે. બીજાનાં દુઃખે દુઃખી થતા લોકોની સંખ્યાં દિવસે ને દિવસે ઘટતી જાય છે.

માટે જ એમ કહેવાનું મન થાય છે કે, આપણા સમગ્ર જીવનકાળ દરમ્યાન જયારે પણ કુદરતની પરમ મહેરબાનીથી આપણો "સમય" એટલે કે સુવર્ણકાળ શરૂ થાય ત્યારે આપણી સફળતાના પ્રત્યેક પગલે આપણને ઉપયોગી થયેલા કે પછી ઉપયોગી થતા હોય તેવા જાણીતા - અજાણ્યા સૌને યાદ રાખવાના ગુણો સૌ કોઈ કેળવે તો સમાજમાં એક નવા પરિવર્તનની લ્હેરખી જરૂર અનુભવાશે તેમાં શંકા નથી.

અંગ્રેજીમાં એક કહેવત છે કે જેનું ગુજરાતી આપણે અવારનવાર વાંચ્યું હશે કે...

૧"પરિવર્તન એ સંસારનો નિયમ છે." "એચેન્જઈઝ ધ અનચેન્જીગ લો ઓફ લાઈફ" ઘડિયાળના કાંટા થંભી જાય તો પણ 'સમય' કદી રોકાતો નથી. સમયનું કામ જ "સમય" જોયા વગર દોડયે જવાનું છે. સમગ્ર ચક્ર પણ મેળાના ચગડોળ જેવું છે. ચગડોળમાં બેઠા હોઈએ ત્યારે આપણે ટોચ પર પહોંચીએ એ વખતે કોઈની ઉપર થુંકવુ નહી, કેમ કે જેમને થુંક ઉડ્યું હશે એ વ્યક્તિ જયારે ટોચ પર પહોંચશે ચોક્કસપણે આપણી ઉપર પેશાબ કરશે.

સાવ સામાન્ય વ્યક્તિ નજરે સમાજને નિહાળીએ ત્યારે ખ્યાલ આવે છે કે, સમાજમાં જે વ્યક્તિની બોલબોલા થઈ જાય છે તેમની પાસેથી આજ જનતાં ઘણી બધી અપેક્ષા રાખતી હોય છે. જોકે કરૂણા એ છે કે આવી અપેક્ષાને સમજવા માટે એ સફળ વ્યક્તિઓ પાસે સમય નથી હોતો. ખરેખર તો ટોચ પર પહોંચેલી વ્યક્તિએ બીજા લોકો માટે ખાસ સમય કાઢવો જોઈએ. પરંતુ આવું બેનતું નથી અને પછી સમય વિત્યે ટોચ પર બેઠેલા વ્યક્તિ નીચે ગબડે ત્યારે તેને બેઠું કરનાર કોઈજ મળતું નથી. પાટું મારનાર ચોક્કસ મળે છે. સમય સંજોગોને પારખીને ચાલવા માટે વ્યક્તિએ પોતેજ જાગૃતિ કેળવવી પડે છે. જોકે એક વાત સમજાતી નથી કે, ટોચ પર પહોંચેલી વ્યક્તિ અન્ય જરૂરીયાતમંદ વ્યક્તિઓ માટે પોતાનો સમય ખર્ચે તો તેમાં તેણે સમય સિવાય કશું ગુમાવવાનું નથી,

ઉલ્ટાનું લોકો તરફથી અમાપ પ્રેમ અને લાગણી તેને મળવાની છે, પણ સફળ વ્યક્તિને મન કદાચ તેનું કંશુજ મુલ્ય નહીં હોતુ હોય !

'આપણો સમય આવે ત્યારે જરૂરિયાતમંદ લોકો માટે પણ આપણે સમય કાઢતા શીખીશું તો એક નવા સુખી સમાજનું નિર્માણ કરવા ભણી પ્રથમ પગલું માંડ્યું ગણાશે. તો..ચાલો સહુ દોડવા માંડીએ...

મંજુ પ્રજાપતિ

એજન્ટ મિત્રો અને ગ્રાહકોની માંગણીને ધ્યાને લઇને વાર્ષિક લવાજમ યોજના ૧૦ મે સુધી લંબાવી છે...
વરસોની પરંપરા... રખેવાળ વાર્ષિક લવાજમ યોજના... લાભ અધિક લાભ...
૧ વાર્ષિક લવાજમ રૂા.૭૨૦/- ના બદલે ચૂકવો રૂા.૬૫૦/- લવાજમ ભરતાની સાથે જ રૂા.૭૦/- નું રોકડ ફાયદો
એક નહિં... બે...બે... વિકલ્પો સાથે...
તેમજ વાર્ષિક લવાજમ ભરનારને ડ્રો દ્વારા લાખો રૂપીયાના ઇનામો જીતવાની તક
૨ વાર્ષિક લવાજમ રૂા.૭૨૦/- ભરો અને મેળવો એક આકર્ષક પાણીની બોટલ (સેલો કંપનીની ૪ બોટલનો સેટ)

હવે માત્ર... ૧૧ દિવસ જ બાકી
વધુ વિગતો માટે આપના નજીકના વિતરક અથવા રખેવાળ કાર્યાલય, ડીસા.
ફોન : (૦૨૭૪૪) ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ઉપર સંપર્ક કરો.

## એક તરફી પ્રેમ કરનાર યુવકનું કારસ્તાન

# વડગામની મહિલાને બળજબરી પૂર્વક પોતાની કરવા ધમકી આપતા યુવક સામે ફરિયાદ

**મંદિરમાં પરિવાર સાથે દર્શને ગયેલ મહિલા સાથે છેડતી કરી પરિવારને જાનથી મારી નાખવા ની ધમકી**

પ્રતિનિધી છાપી

વડગામ તાલુકાની એક મહિલાને એક તરફી પ્રેમ કરી પોતાની કરવાની કોશીશ કરનાર યુવકે આખરે મહિલાનો પીછો કરી ધમકી આપી જાહેરમાં છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલા એ યુવક વિરુદ્ધ છાપી પોલીસ મથકે રવિવારે ફરિયાદ નોંધાવી હતી.

છાપી પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વડગામ તાલુકા ની એક મહિલાના લગ્ન દશ વર્ષ પહેલાં થયા હતા જોકે પતિ સાથે અણબનાવ થતા છૂટાછેડા લઈ પોતાના માતા પિતા સાથે રહેવા ગઈ હતી દરમિયાન ગામનો એક યુવક છેલ્લા એક માસથી તેની સાથે એક તરફી પ્રેમ કરી પરેશાન કરવા સાથે પોતાની કરવા દબાન કરતો હતો દરમિયાન મહિલા તેના માતા અને ભાઈ સાથે બાધા પુરી કરવા મગરવાડા વીર મન્દિરમાં ગઈ હતી. જે દરમીયાન વરના કારમાં વડગામના કાળુભાઈ ઉર્ફે કમલેશભાઈ લક્ષ્મણભાઈ અને એક અજાણ્યો ઈસમ આવીને ઉભા રહ્યા હતા અને મહિલા ને કહેવા લાગ્યા હતા કે હું તને એક માસથી તારા માટે ટાઈમ બગાડી ફરું છું તું કેમ મારી થતી નથી તેમ કહી છેડતી કરી હતી. જેથી મહિલા એ બુમાબુમ કરતા મહિલાના ભાઈ,માતા અને બહેન વચ્ચે પડી છોડાવ્યા હતા તે દરમિયાન .યુવકે જતાજતા મહિલા ના ભાઈને ધમકી આપતા કહ્યું હતું કે તારી બેનને મારી કરીને જ રહીશ અને તને જાનથી મારી નાખીશ ઝપાઝપીમાં મહિલાની સોનાની ચેન પણ ગુમ થઈ હતી. પીડિત મહિલાએ કમલેશ ચૌધરી અને અન્ય અજાણ્યા ઈસમ સામે માર મારી તેમજ જાનથી મારવા સાથે છેડતી કરવાની ફરિયાદ છાપી પોલિસ મથકે નોંધવી હતી ફરિયાદ આધારે છાપી પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ બાદ સુવિધાઓમાં વધારો થતાં દર્દીઓમાં ખુશી

પાલનપુર

પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવાના નિર્ણયથી સર્જાયેલ ઉહાપોહ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ખાનગી સંસ્થાના પ્રયત્નોથી સિવિલમાં પ્રાથમિક સુવિધાઓમાં વૃદ્ધિ થતા દર્દીઓએ હાશકારો અનુભવ્યો છે અને મોટાભાગના દર્દીઓ આ મામલે સંતોષની લાગણી અનુભવી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરમાં આવેલ સિવિલ હોસ્પિપલમાં પહેલા પ્રાથમિક સુવિધાનો અભાવ ઉડીને આંખે વલગતો હતો.જોકે તાજેતરમાં સિવિલનું સંચાલન બનાસડેરીના ગલબાકાકા ચેરીટેબલ ટ્રસ્ટને સોપાતા ટ્રસ્ટ દ્વારા સિવિલમાં જુદી-જુદી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ રહી છે જેથી દર્દીઓ કંઈક અંશે રાહતનો અહેસાસ કરી રહ્યા છે.

પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં દુર-દુરથી દર્દીઓ સારવાર માટે આવે છે.પરંતુ અગાઉ સિવિલના બર્નિંગ વોર્ડમાં એસી અને પંખા પણ બંધ હાલતમાં હતા.જેથી દર્દીઓને પુરતા પ્રમાણમાં સુવિધાઓ મળતી નહોતી અને દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડતો હતો.પરંતુ છેલ્લા કેટલાક સમયથી સિવિલનું સંચાલન બનાસ ડેરીના ગલબાકાકા ચેરીટેબલ ટ્રસ્ટને સોંપાયું છે.જેથી ટ્રસ્ટ દ્વારા ૩૦૦ નવી પથારી,આઈસીસીયુ,એમઆઈસયુ,એસઆઈસીયુ,મૂક બધીર દર્દીઓ માટે ઓડીયોમેટ્રી રૂમ સહીતની અધતન સુવિધાઓ પુરી પાડવામાં આવતા દર્દીઓએ રાહત અનુભવી છે. ટ્રસ્ટના સંચાલકોએ જણાવ્યું હતું કે ટ્રસ્ટ દ્વારા આગામી સમયમાં ચાર ઓપરેશન થિયેટરમાં સેન્ટ્રલ એસી અને સેન્ટ્રલ ઓક્સિજન જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાની કામગીરી પણ હાથ ધરાઈ છે.અત્યાર સુધી સરકાર દ્વારા જે ચાર્જ લેવામાં આવતો હતો એજ ચાર્જમાં હાલ દર્દીઓને પૂરતી સેવા અપાઈ રહી છે.આગામી સમયમાં તમામ બીમારીને લગતા ડોકટરોની પણ કરાશે જેથી દર્દીઓને બહાર જવું નહી પડે. દર્દીઓને સિવિલ સંકુલમાં જ ચોખ્ખું પાણી મળી રહે તેવી તકેદારી પણ રખાશે.સફાઈ બાબતે પણ નવા સફાઈ કામદારો રાખી સ્વચ્છતાની જાળવણી માટે પણ આયોજન કરાશે.ટ્રસ્ટ દ્વારા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને કોઈ પણ રીતે તકલીફ ના પડે તેનું ખાસ જ્યાં રાખવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬

# મીઠી મધ જેવી શક્કર ટેટીની ખેતી કરીને માત્ર ૭૦ દિવસમાં ખેતાજી સોલંકીએ રૂ.૨૧ લાખની કમાણી કરી

**૭ વીઘા જમીનમાંથી ૧૪૦ ટન શક્કર ટેટીનું મબલખ ઉત્પાદન મેળવતાં ચંદાજી ગોળીયાના પ્રગતિશીલ ખેડૂત**

પાલનપુર

વિકાસના આ યુગમાં સમય સાથે કદમ મિલાવીને આયોજનપૂર્વક આગળ ધપનાર મહેનતું માણસને સફળતા મળે જ છે. બનાસકાંઠા જિલ્લાયના ઘણા ખેડૂતોએ કૃષિક્ષેત્રે રાષ્ટ્રીદય અને આંતરરાષ્ટ્રી ય ક્ષેત્રે નવા રેકોર્ડ બનાવ્યા છે. ખેડૂતોને વિવિધ રીતે સહાય કરવામાં રાજ્ય સરકારે પણ મહત્વરની ભૂમિકા નિભાવી છે. પહેલાં ખેતીને મજુરી સાથે જોડવામાં આવતી હતી. લોકો એવુ સમજતા હતા કે ખેતી એટલે કાળી મજુરી અને બદલામાં ખાસ વળતર નહી. હવે ગુજરાતભરમાં ખેતીની વ્યાયખ્યામ અને એની આવકમાં મોટું પરિવર્તન આવ્યું છે. લોકોને હવે બહુ સારી રીતે સમજાયું છે કે બે ચાર વીઘા પણ ખેતીની જમીન હશે તો તે દ્વારા આયોજનપૂર્વક સારી કમાણી કરી જ શકાશે.

જેમણે પરંપરાગત કે જુની પુરાણી ખેત પધ્ધીતિઓ છોડીને તથા આધુનિક ખેત પધ્ધમતિઓ અપનાવીને નવા બદલાવ સાથે ખેતી કરી રહ્યા છે તે બધા ખેડૂતો સફળ કે પ્રગતિશીલ ખેડૂતો ગણાયા છે. રાજય સરકારના વિવિધ અભિયાનોને લીધે ખેડૂતોની જાગૃતિ અને નવી જાણવાની ધગશથી તેમની આવકમાં મબલખ વધારો થયો છે. વિકાસના આ ફાસ્ટલયુગમાં માર્કેટીંગની પણ ચિંતા નથી. ખેત ઉત્પાંદનને ખરીદવા હજારો કિ.મી. દૂરથી વેપારીઓ ખેતરમાં આવીને ખરીદી કરી જાય છે.

ડીસા તાલુકો આમ તો બટાટાનું હબ ગણાય છે. પરંતુ ડીસા તાલુકામાં ફક્ત બટાટા જ પાકે છે એવું નથી. આ વિસ્તારના ખેડુતો બધા જ પાકો અને શાકભાજીનું વાવેતર કરે છે. ડીસા તાલુકાના ચંદાજી ગોળીયા ગામના ખેડુતશ્રી ખેતાજી સોનાજી સોલંકીએ ખેતીમાં પરિવર્તન લાવીને સાત વીઘા જમીનમાં તા. ૧૨ ફેબ્રુઆરી-૨૦૧૮ના રોજ શક્કર ટેટીનું વાવેતર કર્યુ હતુ. અને એપ્રિલના બીજા અઠવાડીયા ઉત્પાદન પણ લઈ લીધું છે. માત્ર ૭૦ દિવસના ટુંકાગાળામાં રૂ. ૨૧ લાખની આવક શક્કર ટેટીના પાકથી મેળવી છે. તેમણે કહ્યું કે શક્કર ટેટીના વેચાણ માટે બહાર જવું પડતું નથી વેપારીઓની માંગને આધારે જમ્મુ કશ્મીર, રાજસ્થાન અને દેશના જુદા જુદા રાજયોમાં નિકાસ કરવામાં આવે છે. બહારના રાજયોમાં નિકાસ થતી હોવાથી ભાવ પણ સારા મળે છે. તેમણે કહ્યું કે આમ તો બાગયતી ખેતી લીલાછમ્મ વિસ્તારોમાં જ થાય છે

અનુસંધાન પાના નં.૬

# વડગામનું વર્ષો જુનું જર્જરીત પિકઅપ સ્ટેન્ડ નવું બનાવવાની માંગ



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામમાં એસ.ટી.તંત્ર દ્વારા અગાઉ કાર્યરત પિકઅપ સ્ટેન્ડ જર્જરીત થઈ જતાં તેમાં બિનઅધિકૃત લારી- ગલ્લાવાળાઓએ કબ્જો જમાવ્યો છે. સત્વરે જૂના પિ-કઅપ સ્ટેન્ડને પુનઃ નિર્માણ કરી અગાઉની જેમ કેન્ટીન પ્રાથમિક સગવડો, બસોના સમયપત્રક દર્શાવતું બોર્ડ લગાવવામાં આવે તો એસ.ટી.ને મુસાફરોમાં વધારો થશે અને બહારગામ જવા- આવવાવાળા પેસેન્જરોને સરળતા રહેશે. જલોત્રા હાઈવે રોડ ઉપર બનાવેલ પીકઅપ સ્ટેન્ડ જેવું જ પીકઅપ સ્ટેન્ડ બનાવવા તાલુકાના સહકારી અગ્રણી ડી.એસ.ધુળીયાએ માંગ કરી છે, અત્યારે તાત્કાલિક જૂના પિકઅપ સ્ટેન્ડમાં બિનઅધિકૃત કબ્જો ભોગવતા લારી ગલ્લાવાળાઓને હટાવવામાં આવે તો બસસ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિક હળવો થશે અને મુસાફરો સહેલાઈથી હરીફરી શકશે. આ અંગે ટુંક સમયમાં વડગામ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવા દલસંગભાઈ એમ. ધુળીયાએ ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજસ્થાનથી વિદેશીદારૂની ખેપ મારતા લાખણી તાલુકાના બે ઝડપાયા



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના પી.આઇ તથા પોલીસ કર્મચારીઓ રવજીભાઈ રૂપસીભાઇ તથા દશરથ હીરાભાઈ તથા નરેશભાઇ જવાનજી શનિવારની રાત્રે કોમ્બિંગ નાઇટમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન તેઓને કરણાસર થી સણાવીયા ગામ તરફ આવતા માર્ગેથી રાજસ્થાનથી વિદેશીદારૂની જથ્થો ભરીને એક જીપ આવનાર હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી પોલીસે રાત્રિના એક વાગ્યાના સુમારે કરણાસર પાસે નાકાબંધી કરી વૉચ ગોઠવી હતી. દરમ્યાન જીજે.૦૮.એજે. ૬૪૯૦ નંબરની શોર્ટ ડી.આઇ. જીપ આવતાં તેને વાહનની આડાશ કરી રોકાવી તેમાં તપાસ કરી હતી.

દરમિયાન જીપમાંથી સાત પેટીમાં રહેલી વિદેશી દારૂની ૩૩૬ બોટલ કિંમત ૩૩૬૦૦ની મળી આવી હતી. પોલીસે જીપમાં બેઠેલા બે શખ્સો પોપટભાઈ રાયાભાઈ ચૌહાણ રહે.લુવાણા તથા ધનાભાઈ બબાભાઈ માજીરાણા રહે કુવાતા બંન્ને તાલુકો લાખણી ની અટકાયત કરી હતી. તેમજ કુલ રૂપિયા ૨૩૩૯૦૦ મુદ્દામાલ કબજે લઇ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરના માનસરોવર રેલવે ફાટક પર ત્રણ મહિના વાહનવ્યવહાર બંધ

પાલનપુર

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર ખાતે માનસરોવર તળાવ નજીક આવેલ રેલવે ફાટક પર ત્રણ મહિના માટે વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકી દેવાયો છે

જિલ્લા મથક પાલનપુર શહેરમાં પ્રવેશ કરતા વાહનચાલકો આગામી ૯૦ દિવસ સુધી માનસરોવર રેલવે ફાટક ઓળંગી શહેરમાં પ્રવેશ કરી શકશે નહિ.આ અંગેનું જાહેરનામું અધિક કલેક્ટર દ્વારા જારી કરી દેવાયું છે. માનસરોવર ફાટક પર ઓવરબ્રીજ બાંધવાનું કામ યુધ્ધના ધોરણે આગળ વધી રહ્યું છે ત્યારે આ પૂરું કરવામાં કોઈ અડચણ ના સર્જાય તે માટે અધિક કલેકટરે જાહેરનામું બહાર પાડી આ રેલવે ફાટક પર વાહનવ્યવહાર ત્રણ મહિના માટે પ્રતિબંધીત કરી દીધો છે.

પાલનપુર શહેર માટે આશીર્વાદરૂપ માનસરોવર ફાટક પર ઓવરબ્રીજ બાંધવાનું અડધું પૂરું થઇ ગયું છે. જ્યારે ફાટક પરનું કામ હજુ બાકી છે. જેથી શાળાઓની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ તરત જ અધિક કલેક્ટરે જાહેરનામું બહાર પાડી ૯૦ દિવસ માટે આ રેલવે ફાટક પરથી પસાર થતા વાહનો માટે ડાયવર્જન આપ્યુ છે.જેથી પાલનપુર શહેરમાં પ્રવેશવા કરવા માટે હવે ત્રણ મહિના સુધી હરિપુરાવાળા રસ્તેથી શિવનગરવાળા રસ્તે થઈ અથવા અમીરબાગ વાળા રસ્તાનો ઉપયોગ કરવો પડશે.પાલનપુરમાં માનસરોવર ફાટક પરની અવર-જવર પર અધિક કલેક્ટર દ્વારા પ્રતિબંધ ફરમાવી દેવાયો હોઈ હવે કોન્ટ્રાકટર કંપની પણ ઓવરબ્રિજના કામને કોઈ અડચણ વગર આગળ ધપાવી શકશે.

# થરાદના કુંભારા ગામમાં તસ્કરોએ ગોગ મહારાજની ચાંદીની મૂર્તિ ઉઠાવી જતાં ખળભળાટ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના કુંભારા ગામમાં રબારીવાસમાં ગોગ મહારાજનું મંદિર આવેલું છે. જે મંદિર શુક્રવારની રાત્રિના સુમારે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. અને મંદીરનાં તાળાં તોડી તેમાંથી ગોગા મહારાજની અંદાજિત પાંચ કિલો વજનની ચાંદીની મૂર્તિ ઉપરાંત મંદિરમાં રેલી અન્ય નાની-મોટી ચાંદીની મૂર્તિ તથા છત્ર જેવી ચીજવસ્તુઓની ચોરી કરીને લઇ ગયા હતા.આ બાબતની ગોગાના સેવકો અને ગ્રામજનોને જાણ થતાં સરપંચને જાણ કરી ચોરી અંગે થરાદ પોલીસને જાણ કરી હતી.આથી દોડી આવેલી પોલીસે તપાસ કરી હતી.આ બનાવથી થરાદ પંથકમાં ચકચાર મચવા પામી હતી.

# વડગામ સહિત જિલ્લો કાતિલ ગરમીમાં શેકાયો



પુષ્કર ગોસ્વામી

## બપોરના સમયે કરફયુ જેવો માહોલ

તા.પ્રતિનિધિ વડગામ

બનાસકાંઠામાં કાળઝાળ ગરમીએ લોકોને દઝાડ્યા છે. ગતરોજ તા. ૨૯/૪/૨૦૧૮ ને રવિવારે બપોરે સૌથી વધુ ગરમીનો પારો રહેતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વડગામ પાલનપુરના ધાન્ધાર વિસ્તારમાં ગતરોજ લગ્નો વધુ હોવાથી લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગરમીના કારણે દવાખાના દર્દીઓથી ઉભરાવા લાગ્યા છે. વર્ષો પછી સૌથી વધુ રેકોર્ડ બ્રેક ગરમી હોવા છતાં તાલુકાનું સ્થાનિક વહીવટીતંત્ર નિષ્ક્રિય સાબિત થયું છે. વર્તમાન તંત્રના અધિકારીઓ પબ્લીક કરતાં ખાદીધારીઓની આગતા સ્વાગતા કરવામા સક્રિય રહ્યા છે, પરંતુ કાળઝાળ ગરમીથી પ્રજાને શું મુશ્કેલી પડે છે તેનું કોઈ આયોજન કરાયું નથી. વળી તાલુકાના મુક્તેશ્વર જળાશયનું પાણી વડગામ સિવાય ખેરાલુ અને સમી, હારીજ પહોંચાડવામાં આવે છે પરંતુ સ્થાનિક તળાવો ભરી પશુઓને જીવાડવાનું આયોજન કરાયું નથી. જેથી તાલુકાવાસીઓમાં રોષ છવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં હાલમાં સૂર્ય નારાયણ અગનગોળા વરસાવી રહ્યાં છે તેથી લોકો સિઝનની સૌથી વધુ ગરમીનો સામનો કરી રહ્યાં છે. કાળઝાળ ગરમીના કારણે બપોરના સુમારે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે તો ખીલી ઉઠેલી લગ્નોની મોસમમાં પણ ગરમી રંગમાં ભંગ પાડી રહી છે. અસહ્ય ગરમીથી બચવા લોકો અવનવા નુસ્ખા અજમાવે છે પણ એકેય ઉપાય કારગત નીવડતો નથી. તેથી લોકો પરસેવે રેબઝેબ થઈ ઉઠ્યા છે. હવામાન વિભાગે ગરમીનું જોર હજુ વધવાની આગાહી કરી છે તેથી લોકોને નજીકના સમયમાં ગરમીથી રાહત મળે તેવા કોઈ અણસાર જણાતા નથી.

# ધાનેરા મામલતદાર કચેરીમાં વગર વરસાદે પાણીના રેલાં

**વારંવાર સમારકામ છતાં પાણી ટપકે છે : તંત્ર ચૂપ**




એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા મામલતદાર કચેરી બનાવ્યાને પાંચ વર્ષ પણ થયા નથી. પરંતુ નબળાં બાંધકામના કારણે પાણી ટપકે છે જેનું વારંવાર સમારકામ કરવા છતાં હાલમાં વગર વરસાદે કચેરીની દિવાલોમાં પાણી ટપકી રહ્યું છે. છતાં તંત્રની ચૂપકીદી સૂચક બની ગઈ છે.

ધાનેરા ખાતે મામલતદાર કચેરીને બનાવ્યા બાદ કેટલી વખત રીપેરીંગ થયું તે સરકારી દફતરેથી જાણવા મળશે. પરંતુ અગાઉ પાણી ટપકતુ હતું. જેથી અખબારોએ ધ્યાન દોરતા રીપેરીંગ કર્યુ. ત્યારબાદ પાણી આવ્યા પહેલાં સંડાસ બાથરૂમનું રીપેરીંગ ત્યારબાદ નદીનું પૂર આવ્યા બાદ નબળા બાંધકામના કારણે ટાઈલ્સ બેસી ગયેલ. તેનું રીપેરીંગ છતાં પણ હજુ સુધી આ બિલ્ડીંગમાં પાણીની ટાંકીમાં ભરેલ પાણી કચેરીમાં બિલ્ડીંગની દિવાલોમાં ટપકી રહ્યું છે. જેથી આ દિવાલો નબળી પડી કોઈ અરજદાર કે કર્મચારીને ઈજાઓ પહોંચાડીને પહેલાં બાંધકામ ખાતું જાગશે ખરા કે પછી...

અત્રે સરકારી ક્વાર્ટરોનું કામકાજ ચાલી રહ્યું છે. તે પણ અધિકારીઓની દેખરેખ ન હોવાથી ભવિષ્યમાં કોઈ તકલીફ ન પડે તે માટે અધિકારીઓની દેખરેખ નીચે થાય તો સરકારી કર્મચારીઓ ભવિષ્યમાં સુખચેનથી આ નવિન ક્વાર્ટસ બની રહ્યા છે. તેમાં રહી શકે. તંત્ર જાગૃત થાય એવી પ્રજાની અપેક્ષા છે.

# થરાદના ખાનપુરમાં દીકરીને લગ્નમાં પિયરના મુકતા વેવાઈઓનો હુમલો

પ્રતિનિધિ થરાદ

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે થરાદ તાલુકાના ખાનપુર ગામના કેશરાભાઇ જગશીભાઇ માજીરાણાના પુત્ર મુકેશભાઈ અને પુત્રનાં લગ્ન સાટાપ્રથામાં ભોરોલ ગામમાં કરવામાં આવેલ છે.ચાર દિવસ પહેલા પુત્ર મુકેશભાઈના શાળા રાંણાભાઈનાં લગ્ન હતાં પરંતુ મુકેશભાઈએ તેની પત્નીને લગ્નમાં જવા દીધી ન હતી. આથી શુક્રવારની સાંજના સાત વાગ્યાના સુમારે તેમના વેવાઈ શંકરભાઈ ડાયાભાઈ માજીરાણા તથા ઓખાભાઈ ડાહ્યાભાઈ માજીરાણા તથા સવજીભાઈ ડાહ્યાભાઇ અને અશોકભાઈ ઓખાભાઈ માજીરાણા એક જીપડાલામાં હાથમાં લાકડીઓ સાથે ખાનપુર ગામે આવ્યા હતા. આ વખતે કેશરાભાઈ તથા તેમની પત્ની સવિતાબેન ઘરે હાજર હતા આવેલા વેવાઈઓએ કેશરાભાઈ ને કેમ મારી દીકરી શિવાબેનને લગ્નમાં મુકેલ નથી તેમ કેતા કેશરાભાઈએ તમારા જમાઇ ખેતરમાં છે તેમને પૂછો તેમ કહેતા ઉશ્કેરાઇને અપશબ્દો બોલી માથામાં લાકડી ફટકારી હતી. આથી સવિતાબેન છોડાવવા વચ્ચે પડતા તેમણે પણ લાકડી મારી ઈજાઓ પહોંચાડી હતી. અંધારામાં ઝપાઝપી દરમિયાન કેશરાભાઈ ની કાનની સોનાની મરકી પણ ખેંચાઈને ક્યાંક પડી જવા પામી હતી.આ વખતે હોબાળો થતા આ જ તો બચી ગયા છો પરંતુ મારી દીકરીને નહીં મુકોતો જાનથી મારી નાખવાની ધમકી આપી ચારેય જણા જતા રહ્યા હતા. કેશરાભાઈની ફરિયાદના આધારે પોલીસે તેમના ચારેય વેવાઈ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદના મીયાલમાં ભાઈને ત્યાં લગ્નમાં જતા ભાઇઓ પર હિચકારો હુમલો

પ્રતિનિધિ થરાદ

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે થરાદ તાલુકાના મિયાલ ગામના ચેનાજી હરજીજી તથા પટેલ પુનમાજી અને તથા મોગાજી સાથે મળીને મડાલ ગામે લગ્ન પ્રસંગે જવા નીકળ્યા હતા. આ વખતે મિયાલ ગામની સીમમાં ખારાખોડાના નાળા પાસે મીયાલ ગામના પટેલ ધનાજી હેમરાજજી તથા પટેલ દિપાજી ધનાજી તથા પટેલ પ્રહલાદજી ધનાજી અને બે અજાણ્યા શખ્સોએ ટ્રેક્ટર લઇને ઉભેલ હતા.જેમણે આ ત્રણ ગાડી રોકાવી હતી અને કેમ મારા ભાઈ ભુરાભાઇ ને ત્યાં લગ્નમાં જાઓ છો તેમ કહી ઉશ્કેરાઈ અપશબ્દો બોલી ધારીયા તથા પાઈપ અને લાકડી જેવા હથીયારો વડે ત્રણ ભાઇઓ પર હુમલો કર્યો હતો.જેમાં ચેનાજીને હાથે ફ્રેક્ચર થવા પામ્યું હતું.તેમના પુત્ર સમરથભાઈ પટેલની ફરિયાદના આધારે પોલીસે પાંચ શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# અનુસૂચિત જનજાતિ રાષ્ટ્રીય આયોગની ટીમ યાત્રાધામ અંબાજીની મુલાકાતે



પ્રતિનિધિ અંબાજી

ભારત સરકારના અનુસૂચિત જનજાતિ રાષ્ટ્રીય આયોગની એક ટીમ આજ યાત્રાધામ અંબાજી ખાતે પહોચી હતી. આ ટીમના કુલ ૫ મુખ્ય હોદ્દેદારો આયોગના અધ્યક્ષ નંદકુમાર સાંઈ સાથે ગત રાત્રીએ અંબાજી પહોચી સરકારી ગેસ્ટહાઉસમાં રાત્રી રોકાણ કર્યું હતુંને આજે સવારે અંબાજી મંદિરની મુલકાતે પહોંચ્યા હત્તા જ્યાં બ્રાહ્મણ દ્વારા કુમકુમ તિલક કરી તેમનું સ્વાગત કરાયું હતું અને ત્યાર બાદ આ આખી ટીમે અંબાજી મંદિરમાં માં અંબાની મંગળા આરતીનો લાભ લીધો હતો જ્યાં થયા બાદ પૂજારી દ્વારા કુમકુમ તિલક કરી ચૂંદડી પહેરાવી માતાજીની પાદુકાથી આશીર્વાદ આપ્યા હતા. આ ટીમે માતાજીની ગાદી ઉપર ભટજી મહારાજના આશીર્વાદ લઈ રક્ષા પોટલી બંધાવી હતી જોકે અંબાજી પહોંચેલી આ ટીમના એટલે કે ભારત સરકારમાં અનુસૂચિત જનજાતિ રાષ્ટ્રીય આયોગના અધ્યક્ષ નંદકુમાર સાંઈએ જણાવ્યું હતું કે આ આયોગ જનજાતિ સમાજ ના હિત માટે અને તેમના સુરક્ષા માટે બનાવમાં આવ્યું છે અને આ જાતીના લોકોને કોઈ અન્યાય તો થતો નથી ને તેમજ જમીન, જગ્યા

અનુસંધાન પાના નં.૬

# અમરેલી ખાતે દશનામ સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે પરિચય મેળો યોજાશે

તા.પ્રતિનિધિ વડગામ

દશનામ દર્શિત પરિવાર આયોજિત દશનામ દર્શિત મુખપત્ર ત્રીજો વાર્ષિકોત્સવ, પરિચય મેળો અને સન્માન સમારોહ તારીખ ૧૪/૫/૧૮ ને સોમવારના રોજ બપોરે ૩-૩૦ કલાકે ત્રિમંદિર લીલીયા રોડ બાયપાસ ચોકડી અમરેલી ખાતે દશનામ સમાજની બહોળી ઉપસ્થિતિમાં ઉજવાશે.

આ પ્રસંગે દશનામ સમાજના નામી મહંતો, કથાકારો, શ્રી મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ તથા ગુજરાતના તમામ મંડળો અને સંસ્થાના પદાધિકારીઓ દશનામ સમાજના આગેવાનો, ફિલ્મ કલાકારો, ગાયકો, ક્રિકેટરો, સેલિબ્રિટ-ીઓ, વિવિધ ક્ષેત્રમાં એવોર્ડ વિજેતાઓ, નામી ભજનીકો, વકીલો, ડૉક્ટરો, પોલીસ અધિકારીઓ, લગ્નોત્સુક યુવક યુવતીઓ તેમના વાલીઓ, દશનામ દર્શિત મુખપત્રના પ્રતિનિધિઓ પરિવાર સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# ૧૦૨ વર્ષની જેફવયે વાવ બનાસડેરીના ડીરેક્ટરના પિતાનું દુઃખદ નિધન

**અંતિમ સંસ્કારમાં મંત્રી પરબતભાઈ પટેલ સહિત રાજકીય અગ્રણીઓની બહોળી સંખ્યામાં હાજરી**



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના મોરીખા ગામ ખેમજીભાઈ કાનજીભાઈ (ડીરેક્ટર બનાસડેરી - વાવ) ના પિતાશ્રી કાંનજીભાઈ ખેતાભાઈ ચૌધરી (પટેલબા) નું ગતરોજ તા.૨૯/૪/૨૦૧૮ ને રવિવારના રોજ ૧૦૨ વર્ષની જેફવયની ઉમરે કુદરતી મૃત્યુ થતાં ચૌધરી સમાજે એક મોભી અગ્રણી ગુમાવ્યા છે. ગતરોજ સદ્ગતની અંતિમયાત્રામાં ગુજરાત સરકારના મંત્રી પરબતભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં રાજકીય અગ્રણીઓ વેપારી મિત્રો સ્નેહિજનો - ગ્રામજનો, બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સદ્ગતને શ્રધ્ધાજલી અર્પી હતી. સદ્ગત કાંનજીભાઈ ખેતાભાઈ ચૌધરી પટેલ સમાજના એક મોભી અગ્રણી હતા સમાજના વિકાસ માટે તેમનો મહત્વનો સિંહફાળો રહ્યો હતો. સદ્ગત એક કાર્યકુશળ, હોંશિયાર અને પ્રામાણિક મહેનતુ અગ્રણી તરીકેની છબી ધરાવતા હતા સદ્ગતની વિદાયથી સમસ્ત ચૌધરી સમાજને એક મોટી ખોટ પડી છે.

# ભીલડી ખાતે શ્રી લાખુ માતાજીનો યજ્ઞ યોજાયો



કંચનજી ઠાકોર

## લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષ તેમજ પક્ષીઓ માટે કુંડા અને પુસ્તકોનું વિતરણ

પ્રતિનિધિ ભીલડી

ભીલડી ખાતે ઠક્કર ભુવાજી શાંતિલાલ મધાજી પરિવાર દ્વારા હોટલ સિલસિલા ખાતે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તે નિમિત્તે લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા ઉપસ્થિત સંતો મહંતોના હસ્તે વૃક્ષો તેમજ પક્ષીઓ માટે કુંડાનું વિતરણ કરાયું હતું. જેમાં ધાર્મિક પુસ્તકોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યજ્ઞ શાસ્ત્રોક્ત રીતે પંડિતો દ્વારા મંત્રોચ્ચાર વિધિથી આહુતિ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંતશ્રી પરમ પુજ્ય ગુરૂદેવ સંતશ્રી ૧૦૦૮ ડુંગરા પરમેશ્વર શ્રી શંકરપુરીજી મહારાજે (કાળા મહારાજ) ખાસ હાજર રહીને આશીર્વચન આપ્યા હતા અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનોએ દર્શનનો લાભ લીધો હતો.

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી ...

### આનંદનું મૂળસ્ત્રોત સંતોષ છે.

## સરકારના વહીવટીતંત્રની કામગીરીથી રાષ્ટ્રીય આયોગ સંતુષ્ટ

સામાન્ય જનોના પ્રશ્નો હલ કરવા માટે સરકારી તંત્ર નિષ્ફળ જાય છે ત્યારે લોકોને રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના દ્વાર ખટખટાવવા પડતા હોય છે. એક હકીકત છે કે લોક સમુદાયના પ્રશ્નો હલ કરવા માટે કોઈ પણ જાતનો ભેદભાવ ચાલી શકે નહિં. વળી ગુજરાતમાં દલિતોના પ્રશ્નો ઝડપથી હલ થતાં નથી. તેની પાછળનું કારણ શું? રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની બે દિવસની ગુજરાતની મુલાકાત દરમ્યાન તેમને વિવિધ વર્ગ તરફથી જે રજુઆતો આવી અને તેમાંય ગુજરાત સરકાર દ્વારા જે રીતે પગલા લેવાયા છે તે જોતાં સરકાર અને વહીવટીતંત્રની કામગીરી સંવેદનશીલ અને સંતોષકારક હોવાનું આયોગના ચેરમેન-ન્યાયમૂર્તિ એલ.એચ.દત્તુએ જણાવેલ. દલિતોને ન્યાયી રીતે જમીન આપવી જોઈએ. તેઓના આ પ્રશ્ન ક્યારેક ગંભીરરૂપ ધારણ કરી શકે છે. તેમજ બાળમૃત્યુદર, સફાઈ કામદારો પાસે હજુ માથે મેલુ ઉપાડવા અંગેની ફરિયાદો આયોગને કરવામાં આવી હોવાનું બહાર આવેલ છે. જો કે ગુજરાત વહીવટીતંત્રની કામગીરી સંતોષકારક હોવાનું આયોગે જણાવેલ.

આયોગ સમક્ષ જે કંઈ પ્રશ્નો રજુ થાય છે તે પ્રશ્નો સંદર્ભે સરકાર દ્વારા પુરતી તપાસ ચલાવાય છે અને ત્યારબાદ તેની ચર્ચા વિચારણા કરવામાં આવતી હોય છે. જયારે રાજય માનવ અધિકારમાં પણ જો પૂરતો સ્ટાફ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના હોય તો તે ગોઠવવું જોઈએ. તેવું પણ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે જણાવેલ છે. ગુજરાતમાં તમામ પ્રકારની ફરિયાદ પોલીસે લેવી જોઈએ પછી ભલે દલિતોના પ્રશ્નો હોય કે કોઈ અત્યાચારનો બનાવ હોય! ફરિયાદ ના લેવાય તે યોગ્ય નથી. જે કિસ્સાઓમાં દલિતોને કાયયદેસર રીતે મળનારી જમીનના કબજા અપાયા નથી. તેમાં અધિકારીઓને તાકીદે જમીન આપવા તાકીદ કરવામાં આવી છે. સફાઈ કામદારો અને માથે પેલુ ઉપાડવા મુદ્દે પણ આયોગને રજુઆત કરાઈ હતી. તે અંગે આયોગના સભ્ય જયોતિ કાલરીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારને આ મામલે કેટલીક બાબતો જણાવવામાં આવી છે. સાથે સાથે સફાઈ કામદારને ઊંડી ગટરમાં ઉતારવામાં ન આવે તેવી વ્યવસ્થા હાથ ધરવા માટે આયોગે સરકારને ટકોર કરી હોવાનું પણ બહાર આવેલ છે.

રાજયમાં ૧૯૯૩ પછી થયેલા ૧૬૧ જેટલા સફાઈ કામદારોના મૃત્યુમાં સુપ્રિમ કોર્ટ દ્વારા ૧૦ લાખ રૂપિયાના વળતરની જોગવાઈ કરવામાં આવી છે, હાલમાં ૩૯ કિસ્સાઓમાં વળતર ચૂકવાયું છે, રાજયના મુખ્ય સચિવનું પણ આ ગંભીર બાબતે ધ્યાન દોરવામાં આવ્યું છે. તેમ જ રિપોર્ટ તૈયાર કરવા જણાવાયું છે. રાજયમાં આયોગ દ્વારા પ્રથમ દિવસે કુલ ૧૩૬ ફરિયાદો સાંભળવામાં આવી છે. જેમાંથી ૬૩ નો ઉકેલ હાલ લાવવામાં આવેલ છે. પાંચ જેટલા કેસમાં રાજય સરકારને લાખો રૂપિયાનું વળતર આપવા આયોગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જયારે સાબરકાંઠામાં આદિવાસીઓની હત્યા, હોસ્પિટલોમાં બેદરકારીના કારણે થતાં મોત જેવા મુદ્દાઓની રજુઆત આયોગને કરવામાં આવી છે, જયારે જુનાગઢમાં બાળકોને નદીના કારણે શાળામાં જવાની તકલીફ પડતી હોવાથી ત્રણ માસમાં પુલ બાંધવાની રાજય સરકાર દ્વારા ખાત્રી અપાઈ છે તે વિચારધારા યોગ્ય માની શકાય.

## ગોડ બ્લેસ ફાઉન્ડેશન દ્વારા જીવનતીર્થના સહયોગથી ૧૦૦ કૂંડાનું વિતરણ કરાયું



ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપે તેમજ પક્ષીઓને આશરો મળી રહે તેવા આશયથી અમદાવાદની એક સેવાકીય સંસ્થા, ગોડ બ્લેસ ફાઉન્ડેશને જીવનતીર્થના સહયોગથી ૧૦૦ કૂંડા અને પંખીના માળાનું વીતરણ કર્યુ.

## પેસ કોસ્મેટિક ઈન્ડિયા રજૂ કરે છે નવી સિલ્કી મેટ લિપસ્ટિક



આ ઉનાળામાં /૨૦૧૮માં આ પિગ્મેંટેડ કલર્સ અને સરળ એપ્લિકેશન સાથે તમે મેટ ઈફેક્ટ સાથે એલિગંટ ફિનિશમાં ખોવાઈ જશો . સિલ્કી મેટ લિપસ્ટિક એક સુખદ નરમ અને ક્રીમી અનુભૂતિ આપશે જયારે લોંગ લાસ્ટિંગ ટેક્સ્ચર લાંબા સેમી સુધી રહેશે . સિલ્કી મેટ લીપસ્ટિક ૧૦ આકર્ષક કલર્સ માં ઉપલબ્ધ છે . લિક્વિડ લિપસ્ટિક સિલ્કી મેટલાગણીસભર મેટ લિપ્સ લાંબા સમય સુધી રહેશે,મેટ ફિનિશ સાથે ખૂબ ચાલે તેવી લિપસ્ટિક,અત્યંત ઘનિસ્ટ કલર પેલેટ હળવી , સુખદ પાવડર ફોર્મ્યુલા એપ્લિકેશન,લગાવ્યા ના એક મિનિટ બાદ , લિપસ્ટિક ઘનિષ્ટ મેટ કલર સાથે એનાથી તમારું મોઢું ખેંચશે પણ નહી અને કોરું પણ નહી પડે હોઠના તળિયાનું પાણી સુકાઈ જાય તેની સામે રક્ષણ આપશે એ બાઉન્સ નહી થાય , ડાઘ નહી રહી જાય અને ધૂંધળું પણ નહી લાગે એ ચમકીલું કે ઝરીવાળું નથી.

### આત્મચિંતન

## દેવતા બનવું હોય તો આપતાં શિખવું પડે

મિત્રો, તમે એમ માનીને ચાલો કે તમે દેવતા છો. જો તમે દેવતા બની જશો તો તમે આપવામાં સમર્થ હશો. તમારી પાસે આપવા માટે ઘણું બધું છે. તમારી પાસે નિર્વાહ કરવા માટે પણ ઘણું બધું છે અને આપવા માટે પણ ઘણું બધું છે.

તમારી પાસે પૈસા કોઈ નથી માગતું તમે બીજાને પ્રેમ આપો. બીજાને સન્માન આપો. તમે લોકોને પ્રોત્સાહન આપો.આપવા માટે ઓછું નથી...? તમે તમારો પરસેવો આપો. મહેનત આપો. લોકોને સહાનુભુતિ આપો. આપવા માટે તમારી પાસે કાંઈ પણ ઓછું નથી. મિત્રો, જો તમારી પાસે આપવાની મનોવૃત્તિ હોય તો તમે કંઈપણ આપી શકો છો. જો તમે ચાર રોટલી ખાતા હોવ તો ત્રણ ખાઓ. એક ગરીબને આપી દો. તેમનો ભાગ પાડીને આપી દો. પછી જુઓ તે એક રોટલી જે તમે તમારી રોટલીઓમાંથી બચત કરીને આપી હતી તે કેટલું દેવત્વ લાવે છે. અને કેટલી શાંતિ લઈને આવે છે.

તમે તમારી જરૂરિયાતમાં કાપ મૂકો. તમે બીજાને આપવાની તૈયારી કરી લો તમે બીજુ વધારે જરૂરથી મળી જશે.મિત્રો દેવતા ઉદાર હોય છે. દેવતાઓના મનમાં દરેક સમયે આપવાની ઈચ્છા હોય છે કે કોને શું આપીએ? દેવતાના આ જ ગુણ છે.- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# પૂજય સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજ (શંકરતીર્થ આશ્રમ આણંદ)



આ છોકરો નંદુબા તમે મને આપી દો, એને આખા વિશ્વમાં ચમકાવી દઉં.. આખા નાથ સંપ્રદાયનું જે સત્વ છે, તે આનામાં ભરી દઉં.. બ્રહ્મલીન અવધૂત યોગીરાજ પ.પૂ.શ્રી શંકરનાથજી મહારાજ આંનદમૂર્તિજીના બા નંદુબા જોડે પૂજ્ય ગુરૂદેવને માંગી રહ્યા હતાં. જેને ભક્તિનો સ્વાદ ચાખી લીધો હોય તેને સંસારનું સુખ શેને અસર કરે..!

પૂજ્ય શંકરનાથજી પાસેથી નંદુબાએ પુત્ર આનંદમૂર્તિજીના લગ્ન કરાવવાનો આદેશ લઈને લગ્ન તો કરાવ્યા પણ શંકરનાથના આર્શીવાદ જેને મળી ગયા હોય તે સાંસારીક વાતમાં શેને ફસાઈ શકે..! અવધૂત યોગીના "વેણ" હતા તે વર્તમાનમાં આનંદમૂર્તિજી મહારાજમાં સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

આવો, આનંદમૂર્તિજી મહારાજ વિશે જાણવાનો પ્રયત્ન કરીએ...

કંઈક પરભવનું પુણ્ય ભેગુ થાય ત્યારે જ આપણા ઘરે સંત પધારે છે.. એવું કંઈક આજે નંદુબાના આંગણે થયું.. આગતા સ્વાગતા થકી રાજી થયેલા સંતે એવા અંતરના આશિષ આપ્યા કે.."બાઈ તારા ઘેર ગુલાબ રૂપે પુત્ર અવતરશે અને સર્વત્ર કીર્તિમાન બનશે.. તેમની વાણીથી લોકો એક ધ્યાન થશે..." કુદરતને વાત રાખવી ને સમય જતાં નંદુબાના ખોળે પુત્ર અવતર્યા.. અને તે આ પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજ.

એમનો પરીચય આપવા માટે આપણા અક્ષરરૂપી શબ્દો ઓછા પડે.. એવું અદ્રિતીય, અનુપમ વ્યક્તિત્વ ધરાવતા શ્રી આનંદમૂર્તિજી મહારાજને સાંભળવા એ પણ એક લ્હાવો છે.મહારાજશ્રી નો જન્મ મહેસાણાના પઢારિયા ગામે સને ૧૯૭૬ માં શ્રાવણ સુદ અગિયારસના દિવસે થયો હતો. માતાનું નામ નંદુબા અને પિતાજીનું નામ સ્વ.જશવંતસિંહજી ચાવડા નાનપણથી જ સંત સ્વભાવના પૂજ્યશ્રીને એમના માતૃશ્રી નંદુબાએ જ ભક્તિના સંસ્કારો આપ્યા હતા. તો પણ પૂર્વજન્મનું કંઈક કર્મ અહી લઈને આવ્યા હોય તેમ ૭ વર્ષના હતા ત્યારે પ્રથમવાર શાસ્ત્રો વાંચતા જ તેઓને એવો આભાસ થયો કે આ તો હું અગાઉ વાંચી ચૂક્યો છું.

૧૦ વર્ષની વયે તો તેઓ ગીતા, શ્રીમદ્‌ભાગવત, રામાયણ, મહાભારત અને ઉપનિષદ જેવા અનેક શાસ્ત્રો ઉપર અસાધારણ સમજ ધરાવતા થઈ ગયા. પૂજ્ય આનંદમૂર્તિજી નાના હતા ત્યારથી જ તેઓ સાધુ સંતોના દર્શન, સત્સંગ અને તેમની સેવાનો લાભ લેવાનું તેઓ ક્યારેય ચૂકતા ન હતા. અનેક સાધુ સંતોના સંગમાં રહીને અનેક વિધ સાધનાઓ પણ તેઓ કરી ચૂક્યા છે. જેને ઈશ્વર મેળવવાની તીવ્ર આકાંક્ષા જાગે.. તે જ કંઈક કરી શકે છે, અને તે આ સંસારમાં પણ નાટકમાંના રાજાની જેમ જ રહે છે.. સંસારમાં પણ સઘળું હરીને જ અર્પણ કરવાવાળા કોઈક જ નર અહીં જોવા મળે છે. અને એવા જ લોકો ઈશ્વર સુધી જલ્દી પહોંચી શકે છે. પરમાત્મા પ્રાપ્તિની તીવ્ર તડપ અને પોતે કરેલી સાધનાના પરિપાક રૂપે ગુરૂકૃપાથી માત્ર ૨૮ વર્ષની ઉમરે આનંદમૂર્તિજીને પરમતત્વનો સાક્ષાત્કાર થયો અને આત્મદર્શન થયું.

કહેવાય છે કે, જે કોઈ એક વાર ઈશ્વરને ભાળી જાય તેને બીજું બધું તુચ્છ લાગવા માંડે. પૈસા, ધન દોલત, સાહયબી તો તેને તણખલા સમાન લાગે. દહીમાંથી માખણ છુટું પડ્યા બાદ તે માખણ છાશ ઉપર તરે.. ફરીથી ડૂબે નહી. એની જેમ જેને પરમાત્મા પ્રાપ્તિનો અખંડ આનંદની અનુભૂતિ થઈ ગઈ હોય તે સંસારમાં માખણની જેમ રહે..પરમતત્વના સુખની બરાબર સંસારનું સુખ ન આવે.

પૂજ્ય આનંદમૂર્તિજીને પરમતત્વનો સાક્ષાત્કાર થયા બાદ તેઓએ ગૃહસ્થાશ્રમમાં તેમની ફરજ મર્યાદાઓ પુરી કરી ૩૩ વર્ષની વયે પરમ પૂજ્ય

### સંવેદના
**પ્રવીણ એમ. નાઈ**

સદગુરૂદેવ શ્રી શંકરનાથજી મહારાજ પાસેથી સંન્યાસ દિક્ષા ગ્રહણ કરી. સદગુરૂ પાસેથી સંન્યાસ લઈને નિજાનંદની મસ્તી લૂંટાવતા સત્સંગો કરી વર્તમાનમાં ઠેર ઠેર જ્ઞાનની પરબ બની રહ્યા છે.

આનંદમૂર્તિજી મહારાજના મુખેથી સાંભળેલું કે, "મારા મારફતે આ ભક્તિ અને જ્ઞાનરૂપી સત્સંગની અવિરત ધારાઓ આવી રહી છે. તેનો રસાસ્વાદ હું પણ લઉં અને તમે પણ એનો સ્વાદ ચાખો.." એટલે જ તેમનો સત્સંગ કે કથા દરમિયાન કોઈક ખલેલ પડે ત્યારે તેમની ધારા કપાઈ જાય છે. ન કોઈ દેખાવ.. કે ન કોઈ ધન દોલતમાં મન રાખવું.. એવા આનંદમૂર્તિજી જ્યારે કથા કે સત્સંગમાં ઓતપ્રોત હોય ત્યારે ફોટો કે વિડીયો શુટીંગની પણ ના પાડી દે છે.

કહેવાય છે ને કે, જે ઈશ્વર સુધી પહોંચી જાય તેના માટે આ બધું તુચ્છ થઈ જાય છે. પ્રભુના ગુણ ગાવા અને સંભળાવા સિવાય બીજો કોઈ જ ધ્યેય શ્રેષ્ઠ પુરૂષમાં હોતો નથી.

પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજમાં જ્ઞાન ગંગાની ધારા અને વાકછટ્ટાની શૈલી એવી છે કે જેને સાંભળતા જ શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ રસ તરબોળ બની જાય છે. પૂજ્યશ્રીના સ્વંય સ્ફૂટ અસ્ખલિત અમૃતવાણી ભણેલા કે અભણ લોકો સાંભળીને દિવ્ય આનંદનો અનુભવ કરી શકે છે. તેમનામાં રહેલી કોઈપણ ધર્મનું ખંડન નહી કરવાની અને સર્વનો સમન્વય કરવાની શૈલી અને સમદષ્ટિ આપણને આકર્ષયા વગર રહી શકતી નથી..

કોઈપણ કથા કે સત્સંગમાં તેમના માતૃશ્રી નંદુબાને બાજુમાં જ બેસાડીને તેમને ઉદ્દેશીને પ્રભુગુણ ઉપસ્થિત સૌ શ્રોતાગણને સંભળાવે છે. કોઈપણની નિંદા, ઈર્ષ્યા કે અપમાન ન કરવું એવા ઉમદા ગુણો ધરાવતા પૂજ્ય સંત આનંદમૂર્તિજી મહારાજના સાનિધ્યમાં રહીને ઈશ્વરના ગુણ સાંભળવા એ પણ જીવનનો યાદગાર પ્રસંગ બની રહે છે.

પૂજ્યશ્રીને કોઈપણ વિષય ઉપર બોલવાનું કહેવામાં આવે ત્યારે તે વિષય ઉપર ખુબ જ ગહન રીતે રજૂઆત કરે છે અને ઉપસ્થિત સૌને ભાવદશામાં તરબોળ કરવાની ઉમદા શૈલી તેઓ ધરાવે છે. વિષયમાં પ્રવેશ કરે તે પહેલાં પુછાયેલા પ્રશ્નનો યોગ્ય લાગે તો જવાબ આપીને, શ્રોતાના પ્રશ્નનું સમાધાન કરીને મુખ્ય વિષય ઉપર જવાની આગવી સૂઝ તેઓ ધરાવે છે. ઘણીવાર સત્સંગ પૂર્ણ થવાની તૈયારી હોય ત્યારે પણ પ્રશ્નનો જવાબ આપવાની કોશિશ કરે છે. તમે આધ્યાત્મિકને લગતો કોઈપણ પ્રશ્ન પૂછો.. તેનો જવાબ આપવાનો તેઓ જરૂર પ્રયાસ કરે છે. સંતોષકારક જવાબ પણ મળે છે.

નાની ઉંમરમાં જ તેમનામાં અદ્રવ્ય જ્ઞાન, નિષ્ઠા, ભક્તિ રસની મધુરતા, શાસ્ત્રો ઉપર અસાધારણ પકડ, ત્યાગભાવની પ્રબળતા, સમતાભર્યા પ્રેમસભર વ્યવહાર, નિર્મળ વ્યક્તિત્વ, આધ્યાત્મિક પ્રતિભા વગેરે ઉડીને આંખે વળગે તેવી છે.

અને અંતમાં,

**"જો દૃષ્ટિ હોય સારી તો<br>કાદવમાં પણ કમળ ખીલશે,<br>નહીંતર.. સોનામાં કાટ જ<br>દેખાશે."**

ભગવાનની કૃપા અને પુણ્યનું ભાથું ભેગુ થાય ત્યારે જ દિવ્ય પુરૂષ જોડે આપોઆપ ભેટો થઈ જતો હોય છે, પછી તો બસ મૌન રહીને તે પુરૂષની સકારાત્મક ઉર્જા ઝીલવાની રહે છે.

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

## પર્વ વિશેષ : બુધ્ધપૂર્ણિમા ભગવાન વિષ્ણુનો નવમો અવતાર

તથાગત ગૌતમ બુધ્ધનો પ્રાગટ્ય દિવસ-સાક્ષાત્કાર દિવસ અને મહાપરિનિર્વાણે દિવસઃ વૈશાખ સુદ પૂનમ તા.૩૦/૪/૨૦૧૮ ને સોમવાર

જગતના મુખ્ય ૧૧ ધર્મો વિદ્યમાન છે. હિન્દુધર્મ, બૌધ્ધધર્મ, જૈનધર્મ, શીખધર્મ, ઈસ્લામધર્મ, ખ્રિસ્તીધર્મ, યહૂદીધર્મ, જરથોસ્તીધર્મ, તાઓ ધર્મ, કોન્ફયુશિયસ ધર્મ અને શિન્તો ધર્મ. આ ૧૧ ધર્મો પૈકી ચાર ધર્મ હિન્દુધર્મ-જૈનધર્મ-બૌધ્ધધર્મ અને શીખધર્મનો ધર્મભૂમિ ભારતમાં પ્રાદુર્ભાવ થયો. ધર્મ એટલે જે ધારણ કરે તે. ધર્મ એ વ્યક્તિ-સમાજ દેશને ધારણ કરનાર પ્રેરક બળ પૂરૂ પાડનાર અગત્યનું પરિબળ છે.

ભગવાન વિષ્ણુના દશ અવતાર પૈકી બૌધ્ધ ધર્મના પ્રણેતા તથાગત ગૌતમ બુધ્ધ નવમો અવતાર ગણાય છે (જયારે દશમો અવતાર ક્લિક અવતાર છે કેટલાક વિદ્વાનોના મતે થવાનો છે જયારે કેટલાક અભ્યાસુઓ બાબા રામદેવપીરને ક્લિક અવતાર ગણે છે)

આજે વૈશાખી પૂર્ણિમાએ વાત કરવી છે-ગૌતમ બુધ્ધની જેમનું પ્રાગટ્ય અવતરણ, જ્ઞાનદિવસ અને દેહોત્સર્ગ વૈશાખી પૂર્ણિમાએ થયો હતો. જે બુધ્ધ પૂર્ણિમા તરીકે જગતભરમાં જાણીતી છે. ૧૮/૫/૧૯૭૪ ના દિવસે સ્વર્ગીય ઈન્દિરા ગાંધીએ રાજસ્થાનના જૈસલમેર જિલ્લાના પોકરણ તાલુકાના ખેતોલાઈ અને લોહારકી ગામે પરમાણુ વૈજ્ઞાનિક રાજા રામન્નાના સલાહ-સૂચન પ્રમાણે પરમાણુ પરીક્ષણ કરી, જગતને ચોંકાવી દીધુ હતુ. તા.૧૮/૫/૭૪ ના દિવસે હાથ ધરેલ આ ઓપરેશન-અભિયાનને સ્માઈલીંગ બુધ્ધા નામ અપાયુ હતુ ! કારણ કે તે દિવસે બુધ્ધ પૂર્ણિમા વૈશાખી પૂર્ણિમા હતી.

ગૌતમ બુધ્ધનો જન્મ ઈ.સ.પૂર્વે ૫૬૩ માં નેપાળની તરાઈમાં આવેલી કપિલવસ્તુ નગરી પાસે લુમ્બિની વનમાં થયો હતો. તેમનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું. (જયારે ગોત્રનું નામ ગૌતમ હતુ) પિતાનુ નામ શુદ્ધોધન અને માતાનું નામ માયાદેવી હતું. ગૌતમ બુદ્ધને જન્મ આપીને તેમની માતા પરલોક સીધાવી હતી તેથી ગૌતમ બુદ્ધનો ઉછેર માસી ગૌતમીએ કર્યો હતો. તેમની પત્નીનું નામ યશોધરા અને પુત્રનું નામ રાહુલ હતું. તેમના ઘોડાનું નામ કંથક અને સારથીનું નામ છન્ન હતું.

જન્મ વખતે કૌડિન્ય નામના બ્રાહ્મણે ભવિષ્યવાણી કરેલી કે આ બાળક ચક્રવર્તી રાજા બનશે અથવા સન્યાસી બનશે ! ભગવાન ગૌતમ બુદ્ધે ૨૯ વર્ષે અષાઢી પૂનમ (ગુરૂ પૂર્ણિમા) એ ગૃહત્યાગ કર્યો જે ઈતિહાસના પાનાં પર મહાભિનિષ્ક્રમણ નામે અંકિત છે. ૩૫ માં વર્ષે પીપળાના વૃક્ષ નીચે-નિરંજના નદી કિનારે તેમને જ્ઞાન થયું ભારથી ગૌતમ બુદ્ધ તથાગત-સત્યને જાણનાર : પરમપદ પામેનાર કહેવાયા !

ગૌતમબુદ્ધે સારનાથમાં પાંચ બ્રાહ્મણ સંન્યાસીઓને પ્રથમ ઉપદેશ આપ્યો. જે ઘટના ધર્મચક્ર પ્રવર્તન નામે જાણીતી છે. પોતાના શિષ્ય આનંદના કહેવાથી મહિલાઓને સંઘમાં પ્રવેશની પરવાનગી મળી. તેમની પહેલી ભિક્ષુણી પ્રજાપતિ ગૌતમી (માસી) હતી. ત્યારબાદ માસીની દિકરી નંદા, પત્ની યશોધરા અને વૈશાલીની નગરવધૂ આમ્રપાલી અને બિંબિસારની પત્ની ક્ષેમા પણ શિષ્યા બની હતી. કહેવાય છે કે અંગુલિમાલ નામનો લૂંટારો ડાકૂ પણ ગૌતમ બુદ્ધનો શિષ્ય બન્યો હતો. ગૌતમબુદ્ધે લોકભાષા પાલિમાં ઉપદેશ આપ્યો હતો. ૮૦ વર્ષે તેઓ વૈશાખી પૂર્ણિમાએ મહાનિર્વાણ પામ્યા હતા.

**જીતેન્દ્ર ટાંક**

## ડીપીએસ બોપલના ૨૦૦૦ બાળકો એક સાથે ગાંધી વિચારની પરીક્ષા આપશે

નવજીવન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી વિવેક દેસાઈએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે ૨૦૧૯ માં મહાત્મા ગાંધીની ૧૫૦ મી જયંતિ ઉજવાઈ રહી છે.ગુજરાત સહિત દેશભરમાં તેની ઉજવણી થવાની છે. ગાંધીજી સ્થાપિત નવજીવન ટ્રસ્ટ દ્વારા ગાંધીની આત્મકથા સહિત ગાંધીજી લિખીત અને ગાંધી વિચાર સાથે સંકળાયેલા દેશના મહાનુભાવો લિખીત વિવિધ પુસ્તકોનું પ્રકાશન અને વેચાણ થાય છે. ગાંધી ગુજરાતમાં જન્મયા અને તેમણે સાબરમતીથી કિનારેથી આઝાદીનું બ્યુગલ ફુક્યુ હતું. તેનાથી આપ માહિતગાર છો. પણ હવે ગાંધીના આ વિચારને ડીપીએસના ૨૦૦૦ વિદ્યાર્થીઓ ગાંધી પરીક્ષા આપી આગળ વધી રહ્યા છે.

પરંતુ ગુજરાત અને ગુજરાતીઓની કમનસીબી એવી છે કે દેશ અને સમગ્ર વિશ્વ જ્યારે મહાત્માને આદર આપવા લાગ્યું અને તેમના રસ્તે ચાલવા લાગ્યુ ત્યારે તે દિશામાં ગુજારતીઓના પગલા મોડા ઉપડ્યા અથવા ઓછા ઉપડ્યા હતા. તેનું ઉત્તમ ઉદાહરણ ગાંધીની આત્મકથાના આંકડા છે. ગાંધીની આત્મકથા ભારતની ૧૭ ભાષાઓમાં છે, પણ અન્ય ભાષાની ગાંધીની આત્મકથાઓનું વેચાણ ગુજરાતી ભાષા કરતા અનેકગણ વધારે છે, દુ:ખ સાથે કહેવુ પડે કે બાપુના જ ગુજરાતમાં તેમની સ્વીકાર્યતા ઓછી થઈ.

૧૯૬૦ માં ગુજરાતનું અલગ અસ્તિત્વ થયુ ત્યારબાદ આવનારી તમામ સરકારોએ પણ ગાંધી વિચારોના પ્રચાર માટે કંઈ જ કર્યુ નથી. તેવું કહીશ તો અતિશયોક્તિ નથી.

જેના ભાગરૂપે અમદાવાદ અને ગુજરાતની વિવિધ શાળાઓનો સંપર્ક શરૂ કરવામાં આવ્યો છે. નવજીવન ટ્રસ્ટ સ્કુલના બાળકો વચ્ચે ગાંધી લઈ જવા માગે છે. કારણ જો આ દિશામાં નક્કર નાનકડો પ્રયાસ નહીં થાય તો ગાંધી માત્ર પાઠ્યપુસ્તકનો એક પાઠ બની રહી જશે. તેની દોષિત સમગ્ર ગાંધી સંસ્થાઓ અને ગાંધી વિચારને વરેલા લોકો હશે. નવજીવન ટ્રસ્ટ દ્વારા વિવિધ શાળાઓને અપીલ કરવામાં આવી કે ૧૫૦ મી જયંતિ નિમિત્તે તેઓ પોતાની શાળામાં ભણતા બાળકોને ગાંધી આત્મકથા ભણાવે.

વિદ્યાર્થી સુધી પહોંચેલી સુધી આત્મકથા માત્ર તેની સ્કુલ બેગ અથવા તેના કબાટમાં જ રહી નાજાય તે માટે નવજીવન ટ્રસ્ટ દ્વારા ગાંધી વિચાર પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સમગ્રમાં ગુજરાતમાં એક સાથે બે હજાર બાળકો ગાંધી પરીક્ષા આપતા હોય તેવી આ પ્રથમ ઘટના છે,

તા. ૩૦ મી એપ્રિલના રોજ નવજીવન ટ્રસ્ટ ડીપીએસ બોપલમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓની ગાંધી પરીક્ષા લેશે. ગાંધી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ- બીજો અને ત્રીજો નંબર આવનાર વિદ્યાર્થીઓને નવજીવન ટ્રસ્ટ સન્માનીત કરશે અને તેમને ઈનામ પણ આપશે.

## હાર્ટમાં પ્રોબ્લેમ થયા પછી સાઈકલીસ્ટે ૨૦૦ કિ.મી. ની સાઈકલયાત્રા પૂર્ણ કરી

**શાન કી સવારી સાઈકલ હમારી : ભડકે બળતા પેટ્રોલ - ડીઝલના ભાવ અને વાયુ પ્રદુષણને નાથવા સાઈકલ ચલાવો તન અને મનની દૂરસ્તી વધારો**

મારા દીકરા મેઘને રમાડતો હતો ત્યાં જ ભાવનગરના કવયિત્રી માધવી આસરાનો વોટસએપ ઝળકયો અને બાળપણ યાદ આવી ગયું

**'સાઈકલ મારી સ..ર...ર જાય<br>ટ્રીન ટ્રીન ટોકરી વગાડતી જાય<br>ડોશીમા ડોશીમા આઘા ખસો<br>નહીંતર વચ્ચમાં ચગદાઈ જશો<br>રસ્તામાં છીંકણી ના રે સુંઘાય<br>વાતોમાં સાઈકલ વાગી જાય..'<br>સાઈકલ.<br>મોટા શેઠ, મોટા શેઠ આઘા ખસો<br>પાઘડી પડશે તો ગુસ્સે થશો<br>ચોપડા ચીતરી ચાલ્યા બજાર<br>આઘા ખસીને કરજો વિચાર.. સાઈકલ.**

શૈશવના સંસ્મરણો સમા આ બાળગીત હવે આજની પેઢીને યુટયૂબના સહારે સાંભળવા મળે છે. પરંતુ બાળસહજ લહેકાથી આવા ગીત સહજ ભાવે બાળમુખે સંભળાતા નથી.




સાઈકલના આ બાળગીત મોબાઈલ પર વાંચતા જ ભાવનગરના પત્રકાર નારન બારૈયાની યાદ આવી તેને પણ આ ગીત બહુ પ્રિય હતું.

સાથે ખાસ યાદ આવી મારા મિત્ર અને રાજકોટ - ગોંડલમાં વેપાર કરતા મનીષ ઝાટકીયાની જે રાજકોટની પીડા માલવિયા કોલેજ ઓફ કોમર્સનો ૧૯૮૬ ની બેચનો વિદ્યાર્થી. આ બેચના વિદ્યાર્થીઓ પોતપોતાના ક્ષેત્રમાં ઘણા આગળ છે તેમાંનો આ વિરલો નાનપણથી સાઈકલ ચલાવતો પણ કોલેજમાં પ્રવેશતા સ્કૂટર ગમવા માંડયું હતું.

વેપારમાં ઝંપલાવ્યા બાદ આજથી ૧૦ વર્ષ પૂર્વે હાર્ટમાં પ્રોબ્લેમ થયો. તબીબોએ મસમોટા દવાના ડોઝ લખી આપ્યા અને યોગા કરવાની સલાહ આપી.મનના મજબૂત મનીષને ટીકડા ખાવા ગમતા નહીં અને ફરી સાઈકલયાત્રા શરૂ કરવા દઢ નિશ્ચય કર્યો. કારણ હાર્ટની સાથે બીપી, શુગર, કોલોસ્ટોલની સમસ્યા પણ સામે આવવા લાગી હતી.

સાઈકલ યાત્રા શરૂ કરી દરરોજના સાઈકલીંગથી ખાસો ફાયદો થયો અને એક માસ પછી રીપોર્ટ કઢાવ્યા ત્યારે નોર્મલ આવ્યા.તબીબો પણ મનીષની મક્કમતા ડાયટ કન્ટ્રોલ અને સાઈકલીંગની વાત પર ઓવારી ગયા.

બસ, ત્યારથી મનીષ મોટાભાગે સાઈકલ પર જ એક સ્થળેથી બીજે સ્થળે જાય છે. અને હવે તો આ સાઈકલીંગમાં સાચા અર્થમાં સહધર્મચારીણી કહેવાય એની સાબિતીએ ધર્મપત્ની મનીષાજીએ પણ સાઈકલ ચલાવવી શરૂ કરી તેથી મનીષનો ઉત્સાહ બેવડાયો.

સમયનું ચક્ર પણ સાઈકલના વ્હીલની જેમ ફરવા માંડયું...ત્રણ વર્ષ પુર્વે રાજકોટની રોટરી કલબે સાઈકલ મેરેથોન યોજી. જેમાં મનીષે ભાગ લીધો અને વિજયી બન્યો. એ પછી તેનો સાઈકલ પ્રવાસ રાજકોટથી

જેતપુર નજીકના ખોડલધામ, વીરપુર, ગોંડલ વચ્ચે ચાલુ રહ્યો. અને તેણે અમેરિકન કીંગ કંપનીની સાઈકલ વસાવી.

સાથે ગોંડલના પર્યાવરણ વિદ હિતેષ દવે અને ડો.દિપક લંગારીયાની સાથે મળીને ગોંડલ સાઈકલ હેલ્થ કલબની સ્થાપના કરી અને ગોંડલવાસીઓને સાઈકલ ચલાવવા પ્રેરણા આપવા માંડયા તેને કારણે ૧૫ વર્ષથી માંડીને ૬૦ વર્ષના યુવાનો મળીને ૩૦ લોકો નિયમિત સાઈકલ ચલાવતા થયા છે. એ ૩૦ ગોંડલવાસીઓને સો સો સલામ.

દરમ્યાન તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ઓડેકર સાઈકલીંગ સ્પોર્ટસ દ્વારા નોન કોમ્પિટીટીવ રમતનું આયોજન થયું જેમાં કુલ ૮૦ રાઈડરોએ ભાગ લીધો, એમાં આપણા મનીષ ઝાટકીયા તો મોખરે હોય જ.અને શરૂ રાજકોટ - જામનગર - રાજકોટ વચ્ચેની ૨૦૦ કિલોમીટરની નોન સાઈકલ યાત્રા. આ યાત્રા સાંજના ૭ વાગ્યા શરૂ થઈ હતી. અને સવારે ૮:૩૦ કલાકે પૂર્ણ કરવાની હતી. જો કે મનીષે તે યાત્રા એક કલાક વહેલી એટલે કે સવારે ૭:૩૦ વાગે પૂરી કરીને ૫૩ વર્ષની ઉંમરે એક અનેરી સિધ્ધિ હાંસલ કરતા સાઈકલ ચાહકો મિત્રો અને પરિવારજનોને અભિનંદન વર્ષા થવા માંડી હતી.

દીકરીની ઉંમરની જેમ વધતા જતા પેટ્રોલ ડીઝલના ભાવ અને વધતા જતા વાયુ પ્રદૂષણને નાથવા અને પોતાના મન અને તનની તંદૂરસ્તી વધારવા સાઈકલ ચલાવવાનો મેસેજ પણ ભાઈ આપે છે. આપ આ મનીષની સફળતાને બિરદાવસોને આપનો અભિપ્રાય મને મેઘવર્ષા, ૧૪ સપ્તગિરિ સોસાયટી નં.૩, સાંઈમંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર વડોદરા - ૩૯૦ ૦૧૧ મો. ૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે !

**સંવેદનાઃ-** પોતાના દેશની સેવા કરવા વારંવાર વિદેશ પ્રવાસે દોડી જતા પ્રધાનમંત્રીને એક દેશના નેતાએ સાઈકલની ભેટ આપી હતી અને બહોળી પ્રસિદ્ધિ માટે તસવીરો ખેંચાવી હતી પછી એ સાઈકલનું શું થયું ? મારા એક અળવીતરા મિત્ર એ મનીષની વાત વાંચી પુછયું. પણ મારી પાસે જવાબ ન હોવાથી મૌન રહ્યો.

રાજકોટ - જામનગર - રાજકોટ વચ્ચેની આંતર રાષ્ટ્રીય ઓડેકસ કલબ દ્વારા યોજાયેલી સ્પર્ધામાં ૨૦૦ કિલો મીટરની

સાઈકલયાત્રા સાડાબાર કલાકમાં પૂર્ણ કરતો ૫૩ વર્ષીય મનીષ ઝાટકીયા નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસ્વીર.

**મનિષ જોષી,'મૌન' વડોદરા**




# હળદર અને આદુની ગુણકારી ચા શરીરને રાખશે નિરોગી

પોતાને એનર્જેટિક રાખવા માટે આ ચા ખૂબ જ ફાયદાકારક હોય છે. તેમાં કેલરી પણ ખૂબ ઓછી છે. ઉપરાંત મેદસ્વીતા વધવાનો પણ ડર નથી રહેતો. આ હર્બલ ટી પીવાથી પાચન તંત્ર સારૂ રહે છે. ઉપરાંત ઈમ્યુનિટી વધારવામાં પણ મદદરૂપ છે. જાણો આ હર્બલ ટીના શું-શું ફાયદાઓ છે

ઊંઘ અને થાકને ઓછો કરવા માટે ઘણીવાર તમે ચા પીતા હસો. ઓફિસથી લઈને ઘર સુધી બધી જગ્યા પર રિફ્રેશમેન્ટ માટે ચા સૌથી વધારે ઉપયોગમાં લેવાતું પીણું છે. કોફીમાં કેફીન ખૂબ ઓછા પ્રમાણમાં હોય છે. તેના ઘણા પ્રકારના સાઈડ ઈફેક્ટ્સ થાય છે. એવામાં કોઈ એવા વિકલ્પો પર વિચાર કરવાની જરૂર છે જેના ઓછા સાઈડ ઈફેક્ટ્સ હોય અને તે વધારે ફાયદાકારક હોય છે. હળદર અને આદુની ચા તેવા જ વિકલ્પોમાંથી એક છે. પોતાને એનર્જેટિક રાખવા માટે આ ચા ખૂબ જ ફાયદાકારક હોય છે. તેમાં કેલરી પણ ખૂબ ઓછી છે. એવામાં મેદસ્વીતા વધવાનો પણ ડર નથી રહેતો. આ હર્બલ ટી પીવાથી પાચન તંત્ર સારૂ રહે છે. ઉપરાંત

ઈમ્યુનિટી વધારવામાં પણ મદદરૂપ છે. જાણો આ હર્બલ ટીના શું-શું ફાયદાઓ છે. કેવી રીતે બનાવશો એક પેનમાં પાણી લઈને તેને ઉકાળો. આ પાણીને ઉકાળ્યા બાદ તેમાં હળદર, આદુ, ખાંડ મિક્સ કરી લો. ધીમી આંચ પર ૧૦ મિનિટ સુધી ઉકળવા દો. હવે તેને ગાળીને તેમાં થોડું મધ મિક્સ કરીને પીવો.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**



# પુરૂષોમાં દેખાતા આ ૪ લક્ષણો ઘાતક હાર્ટ એટેકના સંકેત હોઈ શકે

કેટલાક લોકોમાં આ અચાનક થાય છે જ્યારે કેટલાક લોકોને અનેક પ્રકારની ચેતવણી આપ્યા બાદ હાર્ટ એટેક આવે છે. પુરૂષોમાં દેખાતા હાર્ટ એટેકના કેટલાક લક્ષણો અંગે જાણવું જરૂરી છે જે સમયસર તમને હાર્ટ એટેકના ખતરાથી ચેતવે છે

**આરોગ્ય સંહીતા**

હાર્ટ એટેક આવતા પહેલા તમામ પ્રકારના લક્ષણો પ્રદર્શિત કરે છે. થોડી સાવધાની દાખવી તેને ઘાતક બનતા બચાવી શકાય છે. આ દર વખતે ઘાતક નથી હોતો પરંતુ દરેક વખતે તેના લક્ષણોને ગંભીરતાથી લેવાની જરૂર હોય છે. તેના લક્ષણો દરેકમાં અલગ-અલગ જોવા મળે છે. કેટલાક લોકોમાં આ અચાનક થાય છે જ્યારે કે કેટલાક લોકોને અનેક પ્રકારની ચેતવણી આપ્યા બાદ હાર્ટ એટેક આવે છે. આજે અમે તમને પુરૂષોમાં દેખાતા હાર્ટ એટેકના કેટલાક લક્ષણો અંગે જણાવવા જઈ રહ્યાં છીએ જે સમયસર તમને હાર્ટ એટેકના ખતરાથી ચેતવે છે.

૧. પેટમાં તકલીફ વારંવાર ઓડકાર આવવા, અપચો અને ઉબકા હૃદય સંબંધી સમસ્યાઓનો સંકેત હોઈ શકે છે. તમારા ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલ ટ્રેક્ટની નસો હૃદયની નસો સાથે જોડાયેલી છે તેથી હૃદયમાં કોઈ પણ પ્રકારની તકલીફ થતાં પેટમાં તેના લક્ષણો જોવા મળી શકે છે.

૨. છાતીમાં દુઃખાવો આ હાર્ટ એટેકનું એક સામાન્ય લક્ષણ છે. દર વખતે છાતીમાં દુઃખાવો થવો હાર્ટ એટેકનું લક્ષણ હોતું નથી પરંતુ જો તમારી છાતીની વચ્ચોવચ્ચ દુઃખાવો થાય છે તો આ હાર્ટ એટેક હોઈ શકે છે. આ ઉપરાંત વધારે તણાવમાં રહેવાથી પણ હાર્ટ એટેકની સંભાવના રહે છે. વધારે ટેન્શન લેવાથી હૃદયના ધબકારા વધી જાય છે જેનાથી નસો સંકોચાઈ જાય છે અને રક્ત પ્રવાહમાં અવરોધ પેદા થાય છે.

૩. નસકોરો બોલવા સતત નસકોરા બોલવા અને ઊંઘતી વખતે પર્યાપ્ત શ્વાસ ન ખેંચી શકવો પણ હાર્ટ એટેકનું કારણ હોઈ શકે છે. એવામાં તેનો તાકીદે ઈલાજ કરાવવો જોઈએ. ઉંઘમાં અનિયમિતતા હૃદયના ધબકારાને અનિયમિત બનાવી દે છે. તેમાં પણ હાર્ટ એટેકનો ખતરો વધે છે.

૪. ચાલતી વખતે પગમાં દુઃખાવો ચાલતી વખતે તમારા પગ કે હિપ્સમાં દુઃખાવો થાય છે તો આ પણ હાર્ટ એટેક આવવાનો સંકેત હોઈ શકે છે. ધમનીઓ સંકોચાઈ જવાથી અને રક્ત પ્રવાહ અવરોધાતા સાંધા, પેટ અને માથામાં ઓછામાં પ્રમાણમાં લોહી પહોંચે છે. એવામાં પગરમાં પણ લોહીની ઉણપ વર્તાવા લાગે છે જેનાથી તેમાં દુઃખાવાની સમસ્યા થાય છે.

# વિટામીન એ આંખ, હૃદય, કીડની, વાળને હેલ્ધી રાખવા આ ફ્રુટ ખાવ

વિટામીન્સ અને મીનરલ્સ આપણા શરીરને સ્વસ્થ રાખે છે અને જરૂરી ન્યુટ્રીઅન્ટસ આપે છે. આ ન્યુટ્રીઅન્સ જુદી જુદી વસ્તુઓમાંથી મળે છેજેથી રોજીંદા જીવનમાં આપણે એવા ખોરાકનું સેવન અવશ્ય કરવું જોઈએ કે આપણને પુરતા પ્રમાણમાં વિટામીન્સ અને મીનરલ્સ મળી રહે. અને આપણે બીમારીઓથી બચી શકીએ. એવું જ એક મહત્વનું વિટામીન છે વિટામીન એ. આપણા શરીર માટે અનેક રીતે ઉપયોગી છે અને જરૂરી છે આપણાં વાળને હેલ્ધી રાખે છે. હાડકાંને મજબુત બનાવે છે. આંખો અને સારી સ્કીન માટે પણ વિટામીન એએ એટલું જરૂરી છે. ઘણા લોકોને ખબરનથી હોતી કે સરળતાથી ઉપલબ્ધ એવા કેટલાક ખોરાકમાંથી પુષ્કળ પ્રમાણમાં વિટામીન એ મળી રહે છે તો આજે અમે તમને જણાવીશું વિટામીન એ આપણા શરીર માટે આટલું જરૂરી છે ને કયા આહારમાંથી આપણને એ મળી રહે છે.

તમને કાચું ખાવાની ટેવ છે ? ગાજર, મુળા, બીટ, શાકભાજીઓનું સલાડ જો તમે ખાતાં હોવ તો જાણે અજાણે બહુ જ સ્વાસ્થ્યવર્ધક વસ્તુઓ ખાઓ છો. કારણ કે આવી કેટલીક વસ્તુઓમાં વિટામીન એ હોય છે જે શરીર માટે મહત્વનું વિટામીન છે.વિટામીન આપણી રોગપ્રતિકાર શક્તિવધારે છે કોશીકાઓના વિકાસમાં મદદ કરે છે, સેલ્સને બચાવે છે અને ત્વચાને તંદુરસ્ત રાખે છે. આ સિવાય આપણું હૃદય, લીવર, કીડની અને શરીરના આવશ્યક અંગોને કાર્યરત રાખવા માટે પણ જરૂરી છે.

**શક્કરીયા :** શક્કરીયામાં સૌથી વધારે પ્રમાણમાં વિટામીન એ હોય છે. શક્કરીયાનો ઉપયોગ અનેક વાનગીઓમાં કરાય છે અને સ્વાસ્થ્ય માટે પણ તેનું સેવન ગુણકારી છે. બટાકાની જગ્યાએ આનું સેવન કરી શકીએ છીએ. સાથે જ શક્કરીયા તમારા શરીરીમાં વિટામીન એ ની ઉણપ દુર કરવામાં મદદ કરે છે.

**લીલા પાનવાળી શાકભાજીઓ :** નાના બાળકોથી લઈને વૃદ્ધોએ પણ લીલા પાનવાળી શાકભાજીનું અવશ્ય સેવન કરવું જોઈએ. તેમાંથી સારા પ્રમાણમાં વિટામીન એ તો મળે છે. સાથે એકસીઓકસીડન્ટ પણ મળે છે.જે આપણા શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.સુકા જરદાળુ :જરદાળુ એક હેલ્ધી ફ્રુટ માનવામાં આવે છે અને ડ્રાય જરદાળુમાંથી આપણને વિટામીન એ મળે છે.**ડ્રાય તુલસી** : ૧૦૦ ગ્રામ ડ્રાય તુલસીના પાનમાંથી ૧૫ ટકા વિટામીન એ મળે છે. તમે ભોજન બનાવતી વખતે સુકી તુલસી નાંખીને બનાવી શકાય છે અને વિટામીન એની ઉણપ દુર કરી શકાય છે.**ટામેટાં** : એક ટામેટાનું રોજ સેવન કરવાથી ૨૦ ટકા વિટામીન એની જરૂરીયાત પુર્ણ કરી શકાય છે. આ સિવાય ટામેટાનું સેવન કરવાથી વિટામીન સી અને લાઈકોપીન પણ મળી રહે છે. જે આપણા સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

# નવજાત માટે સંગ્રહી રાખો

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

ભગવાન દરેક બાળક ને તંદુરસ્ત જ મોકલે છે. પરંતુ આપણી સગર્ભાવસ્થા સમય માં ની બેદરકારી ના કારણે બાળક બિમાર જન્મે છે કે જન્મ પછી વારંવાર બિમાર પડેછે.સગર્ભાવસ્થા માં બાળક ના શારીરિક વિકાસ માટે લોહી ને સાતેય ધાતુઓ ની જેટલી જરૂર છે તેટલી જ જરૂર તેના માનસિક વિકાસ માટે ની જરૂર છે.

સગર્ભા ના દોઢ થી અઢી મહિના માં શૌર્ય, તેજ, પરાક્રમ, ત્યાગ, સમર્પણ, ભાવ ના ગુણો બાળક ના જીવન માં આવતા હોયછે. તેમ અઢી થી ત્રણ મહિના માં સૌંદર્ય નો વિકાસ થાયછે. ચોથા મહિના માં ઈશ્વર નું અવતરણ થાયછે. હૃદય નો વિકાસ થાયછે. બાળક પોતાની ઈચ્છા વ્યક્ત કરેછે. બાળક નું ભવિષ્ય નિશ્ચિત થાયછે. પાંચમાં મહિના માં બાળક માં મન નો વિકાસ થાયછે. છઠ્ઠા મહિના માં બાળક માં બુદ્ધી નો વિકાસ થાયછે. સાતમાં મહિના માં સર્વાંગી વિકાસ થાયછે. આઠમા મહિના માં ઓજ નું આવાગમન થાય છે. આમ દરેક મહિના વિશે સગર્ભા માતા ને શિક્ષિત કરવી ને તે પ્રકારની તેની જીવન ચર્યા ગોઠવાય તે ખુબજ જરૂરી છે. તો જ તન ને મન થી તંદુરસ્ત બાળક નો જન્મ થાય.

છતાં પણ હવા, પાણી ને ખોરાક ના કારણે જ્યારે બાળક ને કોઈપણ બીમારી આવી જાય ત્યારે તેને કૌમારભૃત્ય ના જાણકાર વૈદ્ય પાસે જવું જ પડે. પરંતુ ત્યાં સુધી તાત્કાલિક ઘરેલું ઉપચાર પણ આપણી પાસે હોવા જરૂરી છે જે સંગ્રહી રાખવા જેવા છે.

**૧, મોટી હરડે.....** બાળક ને ગેસ-વાયુ, કબજિયાત, આફરો, ઉબકા-ઉલટી, અપચો થયો તેવું લાગે ત્યારે આ હરડે નો ઘસારો ચટાડી શકાય. આમ પણ એવું કહેવાય છે કે, “ જેની માતા ઘરે ના હોય, તેની માતા હરડે.” બાળક ના જન્મ પછી એકાદ દિવસ માતા ને ધાવણ ક્યારેક આવે નહિ ત્યારે હરડે આપી શકાય છે. તેનાથી બાળક નું શરીર શુદ્ધ થાયછે.

**૨, સૂંઠ નો ગાંઠિયો.....** બાળક ને જયારે શરદી, અપચો, ઝાડા જણાય ત્યારે આ સૂંઠ નો ગાંઠિયો ઘસી ને તેનો ઘસારો આપી શકાય.

**૩. હળદરનો ગાંઠિયો......** હળદર ગરમ છે. તેથી નાના બાળક માં તેનો ઉપયોગ વિવેક પૂર્વક કરવો જોઈએ. શરદી, ખાંસી, વાગવું,

છોલાવુંમાં હળદરને દૂધ માં ઘસી ને ઉપયોગ કરી શકાય. અને ઘી સાથે તેને બહારની બાજુ લેપ કરી શકાય.

**૪, અતિવિષની કળી......** આ ઔષધ હિમાલય ના ઊંચા પર્વતીય વિસ્તાર માં જ થાયછે. પરંતુ બાળકો માટે નું ઉતમ ઔષધ તેને કહી શકાય. શરદી, તાવ, અપચો, મરડો, કફ, વરાધ ને શ્વાસ ના રોગો, પાચન ના રોગો માં આ ઔષધ ને ઘસી ને તેનો ઘસારો આપી શકાય.

સારી રીતે સાફ કરેલી કાચની બોટલમાં આ ચારેય ઔષધો અલગ-અલગ મૂકીને સાચવી રાખવા. અને દર છ-છ મહીને બદલી દેવા. આ ઔષધો ઈમરજન્સીમાં ખૂબ જ ઉપયોગી થઈ પડ છે.

**સુવર્ણપ્રાશ...** જન્મ ના દિવસથી જ બાળકને સુવર્ણ ભસ્મ, મધને ઔષધ યુક્ત ગાયના ઘીથી તૈયાર કરેલ સુવર્ણપ્રાશ બાળકના બળ, બુદ્ધી, સ્મૃતિ, રોગ પ્રતિકાર શક્તિને વધારવા માટે અચૂક આપવું જોઈએ. આજે ભવિષ્યમાં આવનારા તમામ વાયરલ રોગો સામે જેમ વેક્સીનનો ઉપયોગ થાય છે તે લાભ તો ખરો જ ઉપરાંતમાં બળ, બુદ્ધી, સ્મૃતિ નો જે લાભ સુવર્ણપ્રાશ થી મળેછે તે અનોખો છે. જે આપણા ભારતીય ઋષીઓની અલૌકિક દેન છે. ...અંગ્રજો આપણા ઉપર શાસન કરીને ગયા સાથે આપણી બુદ્ધી ને પણ ગુલામ બનાવી ને ગયા છે તેથી આપણે આપણું ભૂલી ગયા છીએ. વેક્સીન ભલે અપનાવ્યું પરંતુ આપણું સુવર્ણપ્રાશ તેનાથી ઘણું શ્રેષ્ઠ છે તે ખ્યાલ હોવો જોઈએ... જય આયુર્વેદ.

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# ગંભીર સંક્રમણમાં પરિવર્તિત થઈ શકે છે પિત્તની પથરી

**સાઈકોથેરાપીસ્ટ**

ગોબ્લેડરની સાથે થનારી એક સામાન્ય સમસ્યા છે પિત્તની પથરી. તેમાં બાઈલ એટલે પિત્ત ગુચ્છની રચનામાં ગૂંથાઇ કડક પિંડ બનાવી લે છે. પિત્તની પથરી આગળ જતા ગંભીર સંક્રમણમાં પરિવર્તિત થઇ શકે છે અને ગોલબ્લેડરને નુકસાન પહોંચાડી શકે છે

સંરચના અને કાર્ય પેટમાં જમણી તરફ, લિવરની નીચે હોય છે ગોલબ્લેડર. આ નાનકડા નાશપતીના આકારનું અંગ હોય છે જેમાં બાઈલ (પિત્ત) નામનું લિક્વડ હોય છે. આ લિક્વિટ ફેટ્સ અને કેટલાક વિશેષ વિટામિન્સને પચાવવામાં મદદ કરે છે. કંઈક ખાધા બાદ શરીર આ લિક્વિડને નાના આંતરડામાં છોડવાનો સિગ્નલ આપે છે. અનેક આકારના ગોલસ્ટોન પિત્તની પથરીના અનેક આકાર હોઈ શકે છે. આ ગોલ્ફ બોલના આકાર સુધીની હોઈ શકે છે અને સંખ્યામાં એક કરતાં વધારે પણ હોઈ શકે છે. આવા મોટાભાગના સ્ટોન કડક બની ચૂકેલા કોલેસ્ટ્રોલથી બનેલા હોય છે. પરંતુ સોરાયસિસ કે સ્કિલ સેલ ડિસીસ જેવી સમસ્યાઓનો સામનો કરી રહેલા લોકોમાં પિગ્મેન્ટ સ્ટોન્સ નામક અન્ય પ્રકાર પણ જોવા મળી શકે છે. આ સ્ટોન્સ લિવર દ્વારા ઉત્પાદિત એક ભૂરા-પીળા રંગના કમ્પાઉન્ડ બિલિ રૂબીનમાંથી બનેલા હોય છે.

કોલેસિસ્ટાયટિસની સમસ્યા જ્યારે પિત્તની પથરી કોઇ એક ડક્ટમાં પહોંચી જાય અને બાઈલને બહાર વહેતા રોકવા લાગે ત્યારે ગોલબ્લેડરમાં સોજો આવી શકે છે. આ સ્થિતિને કોલેસિસ્ટાયટિસ કહેવામાં આવે છે. આ કારણે ગભરામણ, ઊલટી તથા પેટમાં દુઃખાવો થઈ શકે છે. આ સમસ્યા બેક્ટેરિયાના કારણે પણ થઈ શકે છે. તેના દુઃખાવાને પેટમાં જમણી બાજુએ ઉપરની તરફ અનુભવી શકાય છે. ઊંડો શ્વાસ લો ત્યારે આ દુઃખાવો તીવ્ર બની શકે છે તથા જમણા ખભા અને પીઠમાં પણ દુઃખાવો મહેસૂસ કરી શકાય છે. જ્યારે સમસ્યા પરેશાન કરે જો તમને લાગે છે કે તમે આ પ્રકારના લક્ષણોમાંથી પસાર થઈ રહ્યાં છો તો તરત જ ડોક્ટરની સલાહ લો. ડોક્ટર શારીરિક તપાસ કરવાની સાથે જ લોની તપાસ કરી સંક્રમણને શોધવાના પ્રયાસો કરશે. આ ઉપરાંત અલ્ટ્રાસાઉન્ડ કે એક્સરેની પણ સલાહ સ્થિતિ અનુસાર આપી શકાય છે. આ સ્થિતિમાં રહેતી અનેક પથરીઓ સમસ્યા સર્જતી નથી અને અનેક વખતે તેમને એ જ સ્થિતિમાં રહેવા દેવામાં આવે છે. આ સ્ટોન સાઈલેન્ટ સ્ટોન કહેવાય છે પરંતુ લક્ષણો દેખાતા ડોક્ટર સર્જરીની સલાહ આપી શકે છે. એવામાં ગોલબ્લેડરને કાઢવામાં પણ આવી શકે છે. તેના વગર પણ શરીરનું કામ ચાલતુ રહે છે અને લિવર દ્વારા બનાવવામાં આવનારા પિત્ત સીધુ આંતરડા સુધી પહોંચી જાય છે.

આવા લોકોને જોખમ નિષ્ણાતો માને છે કે કેટલીક વિશેષ સ્થિતિઓ લોકોમાં આ સ્ટોન્સ થવાની આશંકા વધારી શકે છે. તેમાં સામેલ છે : - મહિલાઓમાં ફીમેલ સેક્સ હોર્મોન એસ્ટ્રોજન બાઈલમાં કેલોસ્ટ્રોલની માત્રાને વધારી શકે છે. બીજી તરફ ગર્ભાવસ્થા દરમિયાન એક ઘાટા લિક્વિડ ગોલબ્લેડર સ્લજ એકત્રિત થઇ શકે છે. આ બન્ને સ્થિતિઓ પથરીઓ પેદા કરી શકે છે. - ફેમિલી હિસ્ટ્રી પણ સ્ટોન મામલે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. જો પરિવારમાં પહેલા આ કોઈને હોય તો તે થવાની આશંકા વધી શકે છે. - સ્થૂળતા પણ આ પથરીનું કારણ બની શકે છે કારણ કે આ સ્થિતિમાં શરીર વધારે માત્રામાં કોલેસ્ટ્રોલ બનાવી શકે છે. ગોલબ્લેડરનો આકાર પણ મોટો હોઈ શકે છે જેનાથી તે યોગ્ય રીતે કામ કરી શકતું નથી. પેટ પર જામેલી ચરબી આ મામલે સૌથી ખતરનાક હોય છે. - તેનાથી તદ્દન વિપરીત ઝડપથી વજન ઓછુ કરવું પણ તકલીફનું કારણ બની શકે છે. ખાસ કરીને વધારે લો કેલોરી ડાઈટ અને વેટ લોસ સર્જરી ગોલબ્લેડર માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. બીજી તરફ વારં-વાર વજન ઘટવુ-વધવુ પણ તકલીફ વધારી શકે છે. તેથી ધીમે-ધીમે વજન ઘટાડવાનું લ-ય રાખો, જેમ કે એક સપ્તાહમાં એકથી દોઢ કિલો. - વધારે માત્રામાં ફેટ અને કોલેસેટ્રેલ યુક્ત પદાર્થોનું સેવન પણ ગોલસ્ટોનની આશંકા વધારી શકે છે. આ રીતે ડાઈટમાં ફાઈબરની માત્રા ઓછી હોવી કે વધારે માત્રામાં રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ જેમ કે વ્હાઈટ બ્રેડ કે ભાત ખાવાથી પણ આ સમસ્યા વધી શકે છે. - બર્થ કંટ્રોલ પિલ્સ કે હાર્મોન રિપ્લેસમેન્ટ થેરેપી અંતર્ગત લેવામાં આવેલી દવાઓ પણ જોખમ વધારી શકે છે કારણ કે તેમાં એસ્ટ્રોજન હોય છે. અનેક વખત કોલેસ્ટ્રોલ ઘટાડનાર દવાઓ પણ રોગનું કારણ બની શકે છે. - ડાયાબિટીસના કારણે કિડની પર અસર થાય છે. લોહીમાં ટ્રાઈગ્લિસરાઈડ ફેટની માત્રા વધી શકે છે અને ગોલસ્ટોનની આશંકા વધી શકે છે.

બચાવના પગલા ઉંમરનો ચાલીસમો પડાવ પાર કર્યા બાદ આ સ્ટોન્સની આશંકા વધી શકે છે. તેતી યોગ્ય અને સંતુલિત વજન જાળવી રાખો. ભૂખ્યા રહેવાનું અને કડક ડાઈટ ફોલો કરવાનું ટાળો. . બ્રાઉન રાઈસ તથા લોટની બ્રેડને પ્રાથમિકતા આપો તથા નિયમિત વ્યાયામ કરો.

# આ કારણે અસહનીય બની જાય છે પેટનો દુઃખાવો

**મન બિલોરી કાચ**

અનેક વખત પેટનો દુઃખાવો એટલો તીવ્ર થઈ જાય છે કે તેને સહન કરવાનું દરદી માટે અઘરૂ બની જાય છે. પેટના દુઃખાવાનું મુખ્ય કારણ છે અપચો તથા ભોજન સાથે આંતરડા સુધી પહોંચેલ સંક્રમણ. પાચનતંત્ર ખરાબ થવાથી સમગ્ર શરીરની ગતિવિધિઓ પ્રભાવિત થાય છે. ડાયાબિટીસ જેવી બીમારીઓથી પણ પાચનતંત્રની કાર્યપ્રણાલી ખરાબ થઈ જાય છે

અનિયંત્રિત શુગર શુગરનો અસંતુલિત સ્તર શરીરની વિભિન્ન નર્વ્સ અને મસલ્સ પર અસર કરે છે. વેગસ નર્વ પણ તેમાં સામેલ છે. આ નર્વ પેટ જલદી ખાલી થઈ જવાની ક્રિયાને નિયંત્રિત કરે છે. તે ક્ષતિગ્રસ્ત થવાથી પાચન તંત્ર મંદ પડી જાય છે અને ભોજન જરૂર કરતાં વધારે સમય સુધી પેટમાં પડેલું રહે છે. તેને ગેસ્ટ્રોપેરેસિસ કે ડાઈબિટિક સ્ટમક કહેવામાં આવે છે. તેનાથી પીડિતને બેચેની સાથે ઉલટી થવાનો અહેસાસ થાય છે. આ બ્લડશુગર લેવલ પર માઠી અસર કરે છે. આ સમસ્યા જો ટાઈપ-૧ ડાયાબિટીસના દરદીઓમાં સામાન્ય છે પરંતુ ટાઈપ-૨ ડાયાબિટીસ દરદીઓમાં પણ આ હોઈ શકે છે. તેનાથી પીડિત મોટાભાગના લોકો લાંબા સમયથી ડાયાબિટીસથી ગ્રસિત હોઈ શકે છે.

અપચો અને ગભરામણ જેવા લક્ષણો આ સમસ્યાને પગલે પાચન સંબંધી અનેક લક્ષણો ઉભરી શકે છે જેમાં મુખ્યત્વે સામેલ છે : ઉલટી જેવું થવું કે ઉલટી થવી (ગંભીર કેસોમાં આ રોજ પણ હોઈ શકે છે) નોશિયાની સ્થિતિ - એસિડ રિફ્લેક્સ કે છાતીમાં બળતરા - બ્લડ શુગરને નિયંત્રિત કરવામાં સમસ્યા - થોડી માત્રામાં ભોજન કરતાં જ પેટ ભરાઈ ગયું હોય તેવું લાગવું - પેટ ફૂલવું, ભૂખ ઓછી થવી અને વજન ઘટવું

ભોજન પેટમાં સડે છે પેટમાં રહેલ ભોજન લાંબા સમય સુધી પડેલું રહેવાથી સડવા લાગે છે અને બેક્ટેરિયા ઉત્પન્ન થવાનું કારણ બની શકે છે. તેનાથી સંક્રમણની સ્થિતિ સર્જાઈ શકે છે. પચ્યા વિનાનું ભોજન કડક થઈ ગાંઠનું રૂપ લઈ શકે છે. આ ઉપરાંત સતત ઉલટીથી ડિહાઈડ્રેશન પણ થઈ શકે છે. લાંબો ઈલાજ જોઈએ ડાયાબિટીસના દરદીઓમાં આ ઉપરાંત શુગરનું સ્તર વધવાની અને ઘટવાની બન્ને સ્થિતિઓમાં પેટ અને પાચન તંત્ર પર અસર થઈ શકે છે. તેનાથી પેટમાં દુઃખાવો, ઝાડા, ગેસ, ઉલટી કે ગભરામણ, વજન વધી જવું વગેરે તકલીફો પણ ઉભી થઈ શકે છે. તેમાંથી કેટલીક સામાન્ય ઉપાયોથી દૂર થઈ જાય છે તો કેટલાક માટે લાંબા સમય સુધી ઈલાજની જરૂર પડી શકે છે. શુગરને કંટ્રોલમાં રાખો બ્લડ શુગર લેવલ કંટ્રોલ કરવાથી લઈને ખાણીપીણી અને દિનચર્યા સુધી નિયમિત કરવાનું જરૂરી છે. વધારે ગ્રેવીયુક્ત, ગરિષ્ઠ, ગળ્યુ, મેદો, ચીઝ, બટરવાળા ખાદ્ય પદાર્થોનું સેવન તકલીફને વધારી શકે છે. વજનને સંતુલિત રાખવું, સમયસર ભોજન કરવું, દવા ટાઈમ પર લેવી અને નિરંતર લેવી તથા વ્યાયામ કરવાથી પાચનક્રિયાને ડાયાબિટીસની સાથે પણ સુચારૂ અને ક્રિયાશીલ રાખી શકાય છે. આ ઉપરાંત બ્લડ શુગર સ્તરને નિયંત્રણમાં રાખો અને વધારે તકલીફ ઉભી થતા તરત ડોક્ટરની સલાહ લો. રાત હોય કે દિવસ, ખાધા પછી તરત જ સૂવુ ન જોઈએ.

# અહંકાર, આનંદ અને ઉત્સવ

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

અહંકાર અર્થાત્ હું પદ કે અહં. અહંકાર આનંદનો પરમ શત્રુ છે.સત્તા,પદાધિકાર, પૈસો, ઉંચી પહોંચ, લૌકીક પ્રતિષ્ઠા, રાજદ્વારી સંબંધો અને આવી તમામ ભૌતિક વસ્તુઓ ધરાવતી વ્યક્તિઓ મોટા ભાગે અહંકારી હોવાની જ. આવી વ્યક્તિઓને અન્ય નિર્બળ વસ્તુઓનું શોષણ કરી, તેમના પર અત્યાચાર ગુજારી તેમનું નુકશાન કરીને મર્યાદિત સમય માટે પૈશાચિક આનંદ તો પ્રાપ્ત કરી લેશે પરંતુ પરમાત્માના નિર્મળ, નિર્ભેળ, નિરંતર વહેતા અખંડ આનંદની રસધારાથી વંચિત જ રહી જશે.

પરમાત્માની ઉત્સવપૂર્ણ ઉલ્લાસીત સૃષ્ટીનો સત્યાનાશ વાળવામાં સૌથી મોટો ફાળો તેની (પ્રભુ)ની જ ઉત્કૃષ્ટ રચના ગણાતા મનુષ્યનો જ છે. સ્વાર્થ, લોભ, શોષણ, સામ્રાજયવાદ, સત્તાપિપાસા અને અહંકાર જેવી વૃત્તિઓથી લિપ્ત કેટલાક ભૌતિકવાદી લોકોએ જગતના બાકીના જીવોનો આનંદ છીનવી લીધો છે. ભલે પછી એ વાત ક્ષણિક આનંદની હોય કે પરમાનંદની.

જગતના રંગમંચ પર પ્રતિદિન, પ્રતિપળ, પ્રતિક્ષણ ખેલાતા દુરાચાર, અનાચાર, ભ્રષ્ટાચારના વિવિધ ખેલોમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ, શક્તિશાળી માનતા અહંકારી લોકો જ ખેલંદાની ભૂમિકા ભજવી રહ્યા છે અને લાખો જીવાત્માઓ ત્રાસ ભોગવી રહ્યા છે. આવા સંજોગોમાં સરળ શ્રદ્ધાળુઓના અંતરમાં પ્રશ્ન જાગે છે, આવા ઘમંડી અત્યાચારીઓને પરમાત્મામ કેમ કોઈ પદાર્થપાઠ શીખવાડતો નથી ? પ્રભુ જેવું કંઈ છે કે નહીં વિશ્વમાં ??

ઈશ્વર છે.. તે સર્જનહારની સૃષ્ટીમાં લયબદ્ધતા, શીસ્ત અને નિશ્ચિતતા છે. સ્વામી વિવેકાનંદે ગુરૂદેવ રામકૃષ્ણ પરમહંસની કૃપાથી ઈશ્વરનાં દર્શન કર્યા હતા. જ્યારે જ્યારે કોઈપણ વૃત્તિ, વસ્તુ કે પરીસ્થિતિમાં અતિ થઈ જાય છે ત્યારે પરમાત્મા પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે તેને નિયંત્રીત કરે જ છે.ઋષિઓની ભૂમિ ભારતમાં જ્યારે અભિમાની, સામ્રાજય વાદી અને શોષણખોર અંગ્રેજ સલ્તનતનો અહંકાર માઝા મુકવા લાગ્યો. તેનો ઘમંડ ચરમસીમાને સ્પર્શવા લાગ્યો ત્યારે પરમાત્માએ સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ ઘોષ જેવી વિભૂતિઓને ભારતમાં જાગૃતિ આણવા મોકલી. ત્યાર પછી એક બાજુ **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# બીમારીઓથી બચવા માટે આ ખાદ્ય પદાર્થોનું સેવન ટાળો...

**આરોગ્ય**

લોકો મોટાભાગે વગર સમજયા-વિચાર્યા વિના જ ખોરાકનું સેવન કરતા હોય છે. આપણે નથી જાણતા કે આ ખાદ્ય પદાર્થો ખાવાથી આપણા સ્વાસ્થ્ય પર તેની શું અસર થશે. પરંતુ તેમ છતાં આપણે આ ખોરાક લેતા હોઈએ છીએ. આજના સમયમાં બજારમાં વેચાતા ખાદ્ય પદાર્થોમાં મોટાભાગે ભેળસેળ થતી હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે. એવામાં એ જાણવું ખૂબ જ જરૂરી છે કે, શું આપણે આપણા ખોરાકમાં લઈ રહેલ ખાદ્ય પદાર્થો આપણા સ્વાસ્થ્ય માટે નુકશાનકારક તો નથી ને? બજારમાં વેચાતા કેટલાક ખાદ્ય પદાર્થો આપણા સ્વાસ્થ્ય માટે ઘાતક સાબિત થઈ શકે છે. આવા કેટલાક ખાદ્ય પદાર્થો આપણા શરીરમાં ઝેરની જેમ કામ કરે છે, તો અહીં એવા કેટલાક ખાદ્યપદાર્થો વિશે જાણકારી આપવામાં આવી છે જે વિશે જાણવુ અતિજરૂરી છે. ★ નકલી માખણ : ઘણા બધા લોકો બટરની જગ્યાએ નકલી માખણનો ઉપયોગ કરતા હોય છે. આમાં મોટી માત્રામાં કોલેસ્ટ્રોલ હોય છે. તેમજ કૃત્રિમ રંગ, કેલેરી અને ફેટ પણ મળી આવે છે. જે શરીર માટે ઘાતક સાબિત થઈ શકે છે. ★ ફ્રોસ્ટિંગ : ફ્રોસ્ટિંગવાળા ખાદ્ય પદાર્થોમાં મોટી માત્રામાં સુગર મળી આવે છે. આના ઉપયોગથી બચવું જોઈએ કારણકે, ફ્રોસ્ટિંગવાળા ખાદ્ય પદાર્થોમાં ટ્રેંસ ફેટ, કોર્ન સીરપ અને કૃત્રિમ રંગનો ભેળસેળ કરવામાં આવે છે, જે શરીર માટે ઘાતક સાબિત થઈ શકે છે. ★ સ્ટ્રોબેરી : જો તમે ઓર્ગેનિક રીતે ઉગાડવામાં આવેલ સ્ટ્રોબેરી ખોરાકમાં લો છો તો તે તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઘાતક સાબિત થઈ શકે છે.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**આરોગ્ય**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

થિંક અબાઉટ હેલ્થના એક રિપોર્ટમાં જણાવ્યા મુજબ સ્ટ્રોબેરીમાં ૧૩ અલગ-અલગ કીટનાશક દવા મળી આવી છે.એટલે તમે ઓર્ગેનિક અથવા ઘરોમાં ઉગાડવામાં આવેલ સ્ટ્રોબેરીનો જ ઉપયોગ કરો તો સારું. ★ પેકેટ સ્નેક્સ : આજકાલ યુવા વર્ગ ભોજન કરવાની જગ્યાએ બહાર મળતા સ્નેક્સ વધુ ખાતા હોય છે, પેકેટમાં આવતા સ્નેક્સ સ્વાસ્થ્ય માટે ઘાતક સાબિત થઈ શકે છે. ★ ફાસ્ટ ફુડ : ફાસ્ટફુડવાળા પદાર્થમાં સોડીયમ, એમએસજી, સુગર, ટ્રેંસ ફેટ વગેરે મોટી માત્રામાં મળી આવે છે, જેના કારણે ફાસ્ટફુડના સતત સેવનથી શરીરમાં ઘણી બીમારીઓ ઘર કરી જતી હોય.

**માનસ..**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ગાંધીજી તો બીજી બાજુ ક્રાંતિવીરોને મોકલ્યા.

ગોરા અંગ્રેજો ઘઉંવર્ણા ભારતીયોને અપમાન કરવા પોતાના રહેણાંક બહાર ઉદ્યાન, કલબો, રેસ્ટોરાં, કચેરીઓ તથા ટ્રેનોના ફર્સ્ટ કલાસ ડબ્બાના બહાર એક તખતી મુકાવતા. એ તખતીમાં તેઓ લખતા..

Indians and dogs are not allowed here ?

ભારતવાસીઓ અને શ્વાન વચ્ચેની, મનુષ્ય અને પ્રાણી વચ્ચેની ભેદરેખા જ તેમણે અંગ્રેજોએ મીટાવી દીધેલી.. એ ફીરંગીઓના અહંકારની પરાકાષ્ઠા હતી. એ જ અંગ્રેજોના ઘમંડના કારણે બેરીસ્ટર મોહનલાલ કરમચંદ ગાંધીને આફ્રિકામાં એક ટ્રેનમાં મુસાફરી કરતા ફર્સ્ટ કલાસમાં ચઢતા એક અંગ્રેજે ધૃણાથી ધક્કો મારી ઉતારી દીધા હતા. એ અપમાને જ સત્યાગ્રહ અને ગાંધીવાદને જન્મ આપ્યો જે ગોરાઓને ભારે પડયો.

સ્વામી વિવેકાનંદને આધ્યાત્મિક ગુરૂ માનતા જહાલવાદી શ્રી અરવિંદ ઘોષે અતિમનસ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી આગાહી કરી હતી. 'મારા જન્મદિવસે હિંદુસ્તાન આઝાદ થશે !' હા, શ્રી અરવિંદ ઘોષ તા.૧૫-૮-૧૮૭૨ માં જન્મ્યા હતા. તેમની એ આગાહી અંગ્રેજો માટે તો શાપરૂપ જ પુરવાર થઈને ? કેસરી અખબારના તંત્રી લોકમાન્ય બાળ ગંગાધર ટીળકે મહારાજે ચિક્કાર ન્યાયાલયમાં સિંહગર્જના કરી હતી. .. 'સ્વરાજય મારો જન્મસિદ્ધ હક્ક છે અને તે હું મેળવીને જંપીશ..' એ ગર્જના પણ ગોરાઓના ગર્વ માટે અભિશાપ સિધ્ધ થઈ ! **ડૉ. પ્રવિણ પટેલ**

**હળદર અને આદુ**

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

હૃદય માટે સ્વાસ્થ્યવર્ધક હળદર અને આદુ તમારા હૃદયના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ ચામાં રહેલુ મેગ્નેશિયમ બેડ કોલેસ્ટ્રોલને ઓછુ કરવામાં મદદરૂપ સાબિત થાય છે. સાથે જ તે સારા કોલેસ્ટ્રોલના સ્તરને વધારે છે. તેનાથી ધમનીઓ સ્વસ્થ રહે છે અને હૃદય સુધી રક્ત સંચાર સારો રહે છે.

લાંબુ આયુષ્ય હળદરમાં મળતુ મુખ્ય તત્ત્વ કર્કુમિન ઉંમર વધારવામાં મદદ કરે છે. માખીઓ પર કરાયેલી શોધમાં જાણવા મળ્યું છે કે કર્કુમિન ઉમર વધારવામાં મદદરૂપ છે. પેટ સંબંધી બીમારીમાં ડાયેરિયા, ખરાબ પેટ, પેટ સાથે જોડાયેલી સમસ્યાઓમાં આદુ અને હળદરની ચા ખૂબ લાભદાયી છે. આ તમારા પાચન તંત્રને મજબૂત કરે છે.

આ માટે રોજ હળદર અને આદુની ચાનું એક કપ સેવન કરો. સંક્રમણ સામે રક્ષણ કરે આદુ અને હળદર ખૂબ જ લાભકારી હર્બ છે જેમાં એન્ટી બેક્ટેરયલ ગુણ હોય છે. સાથે કર્કુમિન એક એન્ટી ફંગસ તત્ત્વ છે. તેનું એક સાથે સેવન તમારા માટે ઘણા સંક્રમણથી લડવામાં મદદ કરે છે અને તેનાથી બચાવ કરે છે.

## સવારે રોજ એક ગ્લાસ પીવો આ શરબત, અઠવાડિયામાં ૫ કિલો વજન ઘટી જશે

જાડાપણુ અથવા શરીરના વધતા વજનને ઘટાડવા માટે કસરત કરવી, ખોરાક પર કંટ્રોલ કરવો અને દોડવી-ફરવુ વગેરે કરવુ જરૂરી હોય છે. પણ વેબદુનિયાના આ આર્ટીકલમાં અમે તમને એવા જ્યુસ વિશે બતાવી રહ્યા છે જે એક અઠવાડિયામાં તમારુ વજન ૫ કિલો સુધી ઘટાડી શકે છે.

આ પ્રાકૃતિક જ્યુસમાં એંટી-ઓક્સીડેંટ તત્વો ભરપૂર છે જે મેટાબોલિજમ રેટને બૂસ્ટ કરે છે અને તમારા શરીરમાં એક્સ્ટ્રા ફૈટને બર્ન કરવામાં સહાયતા પ્રદાન કરે છે.

આવો જાણીએ કેવી રીતે આ જ્યુસને તૈયાર કરી શકો છો.

જરૂરી સામગ્રી - ગાજરનુ જ્યુસ- ત્રણ ચમચી, કાકડીનુ જ્યુસ - ૨ ચમચી, સન ના બીજ/સૂરજમુખીના બીજ (જેહ જીઙ્ઘજ) - ૧ ચમચી.

બનાવવાની રીત - ત્રણેય પ્રકારની સામગ્રીઓ ભેગી કરી લો અને બંને પ્રકારના જ્યુસને મિક્સ કરી લો. સનના બીજને મિક્સરમાં નાખીને પાવડર બનાવી લો. આ પાવડરને જ્યુસમાં નાખીને મિક્સ કરી લો.

આ પીણાને દરરોજ સવારે ખાલી પેટ પીવુ જોઈએ. આને બનાવીને ન મુકશો પણ તરત જ બનાવીને પી જાવ. એક અઠવાડિયામાં તમને શરીરમાં પરિવર્તન જોવા મળશે.

(નોંધ - તમે સનના બીજને બદલે અળસીના બીજ પણ લઈ શકો છો. અળસીના બીજ ડાયાબિટીસના રોગીઓ માટે લાભકારી રહે છે)

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :.........................

માતા : .........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ......................................................

મોકલનારની સહી : ............................................

## બદલાતી શિફ્ટમાં કામ કરનારને ટાઈપ ટુ ડાયાબિટીસ થવાનું જોખમ

મહિનામાં નિયમિત સમયની એટલે કે નવથી પાંચની નોકરી કરનારા લોકો કરતાં બદલાતી શિફ્ટમાં કામ કરતાં લોકોને ટાઈપ-ટુ પ્રકારનો ડાયાબિટીસ થવાની સંભાવના ઘણી વધી જાય છે. આખા મહિનામાં શિફ્ટ બદલાતી રહે છે. એને કારણે શરીરની સૂવા-ઊઠવા અને કામ કરવાની એમ રિધમ સેટ નથી થતી જેને કારણે તમામ બિન તંદુરસ્ત આદતો પડતી જાય છે. અને પરિણામે ટાઈપ-ટુ ડાયાબિટીસનું જોખમ વધે છે.

અમેરિકાના બોસ્ટનમાં આવેલી બિગહેમ એન્ડ વિમેન્સ હોસ્પિટલના સાયન્ટિસ્ટોનું કહેવું છે કે ડાયાબિટીસ મોટાભાગે જિનેટિકલી આગળ વધતી સમસ્યા છે. જોકે જે લોકો શિફ્ટમાં કામ કરે છે. તેમને જિનેટિકલી જોખમ ન હોય તો પણ ડાયાબિટીસ થવાની સંભાવના વધી જાય છે. અભ્યાસકર્તાઓએ શિફ્ટમાં કામ કરતા ૨,૭૦,૦૦૦ લોકોનો અભ્યાસ કર્યા હતો. તેમાંથી ૭૦,૦૦૦ લોકોને ડાયાબિટીસનું જિનેટિકલ જોખમ હતું.

## ફક્ત આ એક ડ્રિંક સાંધાના દુઃખાવાને કરશે છુમંતર

પપૈયાને ગુણોની ખાણ કહેવામાં આવે છે. પપૈયુ ખૂબ જ લાભકારી ફળ છે. મોટાભાગના લોકો પપૈયાને એક ફળની જેમ જ ખાય છે. પણ આ માટે સ્વાસ્થ માટે પણ ખૂબ લાભ છે. જો તમારા પગની આંગળીઓ, ઘુંટણ અને એડીમાં દુઃખાવો છે તો લોહીમાં યૂરિક એસિડની માત્રા વધી જાય છે. જ્યારે યૂરિક એસિડ ક્રિસ્ટલના રૂપમાં આપણા હાથ અને પગના સાંધામાં જામી જાય છે તો તેને ગાઉટની બીમારી કહે છે.

જો ગાઉટની સમસ્યાને નજરઅંદાજ કરવામાં આવે તો તેનથી ઉઠવુ બેસવુ મુશ્કેલ થઈ જાય છે. જોકે એક ડ્રિંક છે જે કાચા પપૈયા અને પાણીથી તૈયાર કરવામાં આવે છે. જેને આખો દિવસ પીવાથી ગાઉટના દુઃખાવામાં આરામ મળી જાય છે. આજે અમે તમને બતાવી છીએ કે કેવી રીતે તૈયાર થાય છે આ ડ્રિંક.

ડ્રિંક બનાવવાની વિધિ

- સૌ પહેલા ૨ લીટર સ્વચ્છ પાણી લઈને ઉકાળી લો. હવે એક મધ્યમ સાઈઝના કાચા પપૈયાને લઈને તેને સારી રીતે ધોઈ લો.
- પપૈયાની અંદરના બીજ કાઢી લો અને પપૈયાના નાના-નાના ટુકડા કરી લો. આ પપૈયાના ટુકડાને ઉકાળીને પાણીમાં નાખી ૫ મિનિટ સુધી ઉકાળો. પછી તેમા ૨ ચમચી ગ્રીન ટી ના પાન નાખો અને થોડો વધુ સમય સુધી ઉકાળો.
- હવે પાણીને ગાળીને ઠંડુ કરી લો અને દિવસ દરમિયાન તેને પીતા રહો

## શુ ભાત ખાવાથી વજન વધે છે ?

જાડાપણાથી બચવા માટે મોટાભાગે કેટલાક લોકો ભાત ન ખાવાની સલાહ આપે છે. જે ખોટી છે. નો તો ભાત ખાવાથી ફેટ વધે છે અને ન તો તેમા વધુ કેલોરી જોવા મળે છે.

અડધો કપ બાફેલા ચોખામાં લગભગ ૧૨૦ કેલોરી હોય છે. લગભગ આટલી જ કેલોરી ઘઉંની રોટલી કે બ્રેડ જેવા કાર્બોહાઈડ્રેટ યુક્ત અનાજમાં પણ રહેલી હોય છે. એક નાનકડી રોટલી કે એક સ્લાઈસ બ્રેડમાં ૮૦-૯૦ કેલોરી હોય છે.

ભાતમાં રહેલ સ્ટાર્ચમાં ખનિજ-લવણ અને વિટામિન પણ હોય છે. તેને બાફતા પહેલા તેને વારેઘડીએ ધોશો નહી. ઉલ્લેખનીય છે કે જાપાનના લોકો રોજ ભોજનમાં એકવાર ભાત જરૂર સામેલ કરે છે અને દુનિયાભરમાં સૌથી ઓછા જાડાપણાનો દર અહી છે.

ભાતને ઘણા પ્રકારની ધારણાએ છે જેના વિશે જાણવા જરૂરી છે કારણ કે દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકોના મુખ્ય ભોજન ભાત છે. સૌથી દીર્ઘાયુ વાળા દેશ જાપાનમાં પણ લોકો મુખ્ય રૂપથી ભાત ખાય છે. આવો જાણે ભાતના વિશે થોડા ભ્રમ અને એમની સચ્ચાઈ.

૧. એમાં કાર્બોહાઈડ્રેટ છે ?

ભાતમાં કાર્બોહાઈડ્રેટ ની સાથે જિંકની માત્રા પણ હોય છે જે શરીરને ફિટ રાખે છે.

૨. ભાત ખાવાથી વજન વધે છે ?

યોગ્ય માત્રામાં ખાય તો રોગોથી લડવામાં મદદગાર છે. ભાતમાં રહેલા સ્ટાર્ચમાં ખનિજ લવણ અને વિટામિન હોય છે આથી એને રાંધવાથી પહેલા વાર-વાર ધોવા નહી જોઈએ.

ઉપયોગી ભાત અને મગની દાળની ખિચડી ખાવથી મગજના વિકાસ થાય છે. કાર્બોહાઈડ્રેટના કારણે એને ઉર્જાના સારા સ્ત્રોત ગણાય છે. ભાતમાં દૂધ અને ખાંડ મિક્સ કરી ખાવાથી પેટ સાફ થાય છે. માઈગ્રેન થતા રાત્રે સૂતા પહેલા ભાતને મધ સાથે ખાવો.

## રાત્રે જલ્દી ભોજન કરવાના ૫ લાભ ,તમે ચોક્કસપણે જાણવા માંગો છો

રાતનું ભોજન કેવુ હોવુ જોઈએ એ સ્વાસ્થ્ય માટે જેટલુ જરૂરી છે એટલુ જ ભોજન કયારે લેવુ જોઈએ એ પણ જરૂરી છે. સામાન્ય રીતે ડૉક્ટર્સનું કહેવુ છે કે રાતના ભોજન અને ઊંઘવાના સમય વચ્ચે ઓછામાં ઓછા ૨ કલાકનો તફાવત સ્વસ્થ જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે મોડા ભોજન કરો છો તો જલ્દી ભોજન કરવાના આ ૫ લાભ જાણ્યા પછી તમે પણ જલ્દી ભોજન કરવાનું શરૂ કરશો.

વજન નિયંત્રણ : જો તમે મોડી રાત્રે ભોજન કરશો તો સવારનો નાસ્તો પ્રભાવિત થશે. ઘણા અભ્યાસોમાં માનવામાં આવ્યું છે કે યોગ્ય રીતે બ્રેકફાસ્ટ ન કરવાથી લોકો દિવસભર ઓવર ડાઈટ કરે છે.

રાત્રિનું ભોજન તમારી હેલ્થ ક્લોક વ્યવ્સ્થિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેથી લોકો ઓવરડાઈટ ના કરે અને જાડાપણાથી દૂર રહે.

## કબજિયાત સંબંધી સમસ્યાઓનો નિવારણ

જો તમને કબજિયાત સંબંધી સમસ્યાઓ વધુ રહે છે તો તમે રાત્રે વહેલા ભોજન કરવાની ટેવ પાડી લો.

ખરેખર ,જમ્યા પછી તરત સૂઈ જવાથી ભોજનનું પાચન સારી રીતે થઈ શકતુ નથી. જેથી હાર્ટબર્ન જેવી સમસ્યાઓનું જોખમ વધી શકે છે.

**સારી ઊંઘ માટે** :રાત્રે વહેલા અને તંદુરસ્તીને યોગ્ય ભોજન કરવાથી ઉંઘ ન આવવાની સમસ્યા કેટલાક અંશે ઘટાડી શકાય છે.આ હેલ્થ ક્લોકને વ્યવસ્થિત રાખવામાં મદદગાર છે. જેથી ઉંઘ ન આવવાની સમસ્યા દૂર થાય છે.

**રોગોનું નિવારણ** : કેટલાક અભ્યાસોમાં માનવામાં આવે છે કે રાત્રે વહેલા ભોજન કરવાથી લોકોને હાર્ટ અટૈક અને સ્ટોક જેવા હૃદય રોગોનું જોખમ ઘટાડે છે .

**ઊર્જા કાયમ રાખે :** મોડી રાત્રે ભોજન કરવાથી તમે નાસ્તો સારી રીતે નથી કરી શકતા જેથી દિવસભર તમને ઊર્જાનો અભાવ રહે છે . રાત્રે વહેલા ભોજન કરવાથી બીજા દિવસે સવારનો નાસ્તો ભરપૂર લઈ શકાય છે . જેથી ઉર્જા જળવાય રહે છે.

## અમદાવાદમાં પારો ૪૩થી ઉપર : જનજીવન ખોરવાયું

અમદાવાદ રાજ્યમાં કાળઝાળ ગરમીનો અનુભવ હવે થઇ રહ્યો છે. આજે સમગ્ર રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ અમદાવાદમાં થયો હતો જ્યાં પારો વધીને ૪૩.૧ સુધી પહોંચી ગયો હતો. ગઇકાલની સરખામણીમાં આમા એકાએક વધારો થયો હતો. આવતીકાલે પણ કોઇ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઇ રહી છે. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઇને કોઇ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે રવિવારના દિવસે લોકો ઘરમાંથી બહાર નિકળવાનું ટાળતા નજરે પડ્યા હતા જેથી બપોરના ગાળામાં શહેરના મોટાભાગના રસ્તા સુમસામ બન્યા હતા. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઇને કોઇ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. આગ ઓકતી ગરમીના પરિણામ સ્વરુપે જનજીવન ઉપર અસર થઇ હતી. બપોરના ગાળામાં રસ્તા સુમસામ દેખાયા હતા. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઇ મોટા ફેરફાર નહીં થવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં પણ પારો વધી શકે છે. તીવ્ર ગરમીના પરિણામસ્વરૂપે જનજીવન ઉપર પણ પ્રતિકુળ અસર થઈ રહી છે. બપોરના ગાળામાં લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. રસ્તાઓ સુમસામ થઈ ગયા છે. આજે પણ બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. ગરમીના પ્રમાણમાં હાલમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં લોકોને વધુ ગરમીનો અનુભવનો સામનો કરવો પડી શકે છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના માત્ર ૨૧ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૫૯૬, કમળાના ૧૫૯, ટાઈફોઈડના ૧૮૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. એપ્રિલ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૮ કેસ સપાટી ઉપર આવ્યા હતા.

એપ્રિલ મહિનામાં ઝાડા ઉલ્ટીના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કમળાના કેસો પર એપ્રિલ ૨૦૧૭ની સરખામણીમાં ઓછા નોંધાયા હોવા છતાં કોઈ નોંધપાત્ર ઘટાડો થયો નથી. મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના ૨૧ દિવસના ગાળામાં જ સાદા મેલેરિયાના ૧૬૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. ઝેરી મેલેરિયાના ૧૫ કેસો નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના ૧૦ મામલા સપાટી ઉપર આવ્યા છે. જ્યારે ચિકનગુનિયાના ૩ કેસ નોંધાયા છે.

**ભીલડી ખાતે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ભુવાજી શાંતિલાલ મધાજી ઠક્કર દ્વારા ઉપસ્થિત સંતો મહંતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વ. મધાજી રામાજી પરિવારના રતિલાલ મધાજી ઠક્કર, દિલીપભાઈ, અરવિંદભાઈ, અશોકભાઈ, રાકેશભાઈ, સંજયભાઈ, પિન્ટુભાઈ, લાલો(ભાણો), કેશાભાઈ સુથાર વગેરે ખડેપગે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

**મીઠી મધ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પરંતુ ડીસા તાલુકાની જમીન શક્કરટેટીને સારી માફક આવે છે એટલે આટલું માતબર ઉત્પાદન મેળવી શકાયું છે.

ચંદાજી ગોળીયા ગામના ખેડુત ખેતાજી સોલંકીએ માત્ર સાત ધોરણ સુધી જ અભ્યાસ કરેલો છે પરંતુ મોબાઈલ એપ્લીખકેશન અને કૃષિના તજજ્ઞોના સંપર્કમાં રહેતા હોવાથી તેમણે બાગાયત ખેતીમાં મહારત હાંસલ કરી છે. ફક્ત સાત વીઘા જમીન ધરાવતા શ્રી ખેતાજીએ તેમની જમીનમાં રૂ. ૧ લાખ ૨૧ હજારનો ખર્ચ કરી રૂ. ૨૧ લાખની કમાણી કરી છે. માત્ર સાત વીઘા જમીનમાંથી અંદાજે ૧૪૦ ટન જેટલી શક્કર ટેટીનું ઉત્પાદન કર્યું છે એટલું જ નહીં પરંતુ ઉચ્ચ ગુણવતાવાળી ટેટીથી ઊંચા ભાવ પણ મેળવ્યા છે. ખેડુત ખેતાજીએ જણાવ્યું કે મેં ડીસાથી ગોલ્ડન ગ્લોરી નામની શક્કર ટેટીનું વાવેતર કર્યુ હતું. જે બિયાણર સારુ હોવાથી ઉત્પાદન પણ સારું મળ્યું છે. તેમણે કહ્યું કે ઉનાળાની કાળઝાળ ગરમીમાં શક્કર ટેટીના માધ્યમથી લોકોના આંતરડા ઠારવાના કામમાં આનંદ આવે છે.

ખેતાજી સોલંકીએ એક મુલાકાતમાં જણાવ્યું કે રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા મને મલ્ચીંગ માટે રૂ. ૨૨,૦૦૦/-ની સબસીડી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે વાવણીના સમયે આ પ્રકારની સબસીડી ખેડુતોને કંઈક નવું કરવા બળ અને પ્રેરણા પુરી પાડે છે. તેમણે રાજ્ય સરકારના પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને બાગાયત ખેતી તરફ વાળવા માટે ખૂબ સારો સપોર્ટ કરવામાં આવે છે ત્યારે ખેડૂતોએ બાગાયત ખેતી કરી અને ઓફ સિઝનમાં આવી સારી આવક મેળવી શકાય છે તે વિશે વિચારવું જોઇએ. તેમણે કહ્યું કે ઈફકોના અધિકારી કે.સી.પટેલના માર્ગદર્શનથી જૈવિક ખાતરોનો જ ઉપયોગ કરી આટલું સારું ઉત્પાદન લઇ શકાયું છે. મેં આડેધડ રાસાયણીક ખાતરોનો વપરાશ કરી જમીન બગડે તેવો ધંધો કર્યો નથી. છાણ, ગૌમૂત્ર જેવા સેન્દ્રીય ખાતરોનો વધુ ઉપયોગ કર્યો છે જેથી યુરીયા અને ડી.એ.પી.ની પણ જરૂર પડી નથી. તેમણે કહ્યું કે ઓછા પાણીએ સારું ઉત્પાદન મેળવી શકાય તે માટે ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી જ ખેતી કરીએ છીએ. તેમણે કહ્યું ગુજરાત સરકારના સંનિષ્ઠ પ્રયાસોને લીધે રાજયમાં કૃષિ ક્ષેત્રનો વિક્રમજનક વિકાસ થયો છે.

''સોલાર પેનલની ટ્યુબવેલથી સિંચાઇ કરે છે.'' ખેડુત ખેતાજી સોલંકીએ જણાવ્યું કે મારા ફાર્મ પર રાજય સરકારની સહાયથી સોલાર લાઈટ ગોઠવવામાં આવી છે. આ સોલાર લાઇટથી ટ્યુબવેલ ચાલે છે અને સિંચાઇ પણ થાય છે. આ સોલાર લાઈટ વ્યવસ્થા ગોઠવવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૧૦ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે જેમાં મે ફક્ત રૂ. ૩૭,૫૦૦/- જ ખર્ચ કર્યો છે. બાકીનો તમામ ખર્ચ સરકાર દ્વારા સહાયરૂપે આપવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે સોલાર પેનલની ટ્યુબવેલથી દિવસે જ પાણી અપાય છે એટલે રાત્રે ઉજાગરા કરવા પડતા નથી અને કંઇ લાઇટબિલ પણ ભરવું પડતું નથી. તેમણે બીજા ખેડુતોને પણ આ યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું.

**પાલનપુર સિવિલ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ટ્રસ્ટની આવી સક્રિયતાથી સિવિલમાં ખૂટતી જરૂરિયાતો ઉપલબ્ધ બનતા દર્દીઓએ હાશકારો અનુભવ્યો છે અને સંસ્થાની સક્રીયતાને ભારે આવકાર મળી રહ્યો છે.સિવિલના સુધરતા તંત્ર બાબતે પૂછતા કેટલાક દર્દીઓએ જણાવ્યું હતું કે હાલમાં અમને પૂરતી સુવિધાઓ મળી રહી છે.વોર્ડમાં દિવસમાં બે થી ત્રણ વાર સફાઈ કરાય છે અને ડોકટરો પણ સમયસર ચેકઅપ કરે છે તેવુ પણ દર્દીઓએ જણાવ્યું હતું.

દરમ્યાન સિવિલમાં ખૂટતી સવલતો ઉપલબ્ધ કરાવવા માટે સંસ્થા ઉપરાંત સીવીલ સત્તાધીશો પણ સક્રિય પ્રયાસો કરી રહ્યા છે.સિવિલના મદદનીશ અધિક્ષકે જણાવ્યું હતું કે દર્દીઓને પૂરતી અને ગુણવત્તાયુક્ત સેવા મળે એને જ અમે પ્રાથમિકતા આપીએ છીએ.

વિવાદોના વંટોળ વચ્ચે સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ થયું છે ત્યારે હવે આં ટ્રસ્ટ દ્વારા આગામી દિવસોમાં કેવી સુવિધા આપવામાં આવશે. એ જોવું રહ્યું.

**જીએસટીના પરિણામે...**

**પાના નં .૧ ચાલુ**

દલિતો અને આદિવાસીઓ ઉપર અત્યાચાર થઇ રહ્યા છે. દરેક પ્રદેશમાં દલિતો અને લઘુમતિઓની હત્યા થઇ રહી છે પરંતુ મોદી કોઇ ટિપ્પણી કરતા નથી. રાહુલે ઉમેર્યું હતું કે, બેટી બચાવો બેટી પઢાવો પરંતુ છેલ્લા ૭૦ વર્ષમાં પ્રથમ વખત મોદીએ વિદેશમાં કહ્યું છે કે, મહિલાઓ સાથે યોગ્ય વર્તન થઇ રહ્યું નથી. ડોકલામમાં ચીનની ઘુસણખોરી થઇ રહી છે પરંતુ મોદી ચીનમાં એજન્ડા વગર પહોંચ્યા હતા અને કોઇ નિવેદન કર્યું ન હતું. ૬૦ મહિનાઓમાં ભાજપ ધારાસભ્યોએ મહિલાઓ ઉપર હુમલા કર્યા છે. આરએસએસ અને ભાજપના લોકો નફરત અને ક્રોધ ફેલાવી રહ્યા છે. કોંગ્રેસના કાર્યકરોને અપીલ કરતા રાહુલે કહ્યું હતું કે, ગુજરાતમાં કાર્યકરો ઉભા થયા ત્યારે પરિણામ જોવા મળ્યા હતા. ગુજરાત અને કેન્દ્રની સરકાર સીબીઆઈ અને સીઆઈડીનો ઉપયોગ કરવો પડ્યો અને મોદીને સીપ્લેનમાં બેસાડી દીધા હતા. રાહુલ ગાધીએ નિરવ મોદીથી લઇને ડોકલામ સુધીના મુદ્દા ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી.

**બનાસડેરીમાં બે...**

**પાના નં .૧ ચાલુ**

પાછળ પાઈપ ફીટ કરી રહ્યા હતા. ત્યારે અન્ય ટેન્કર ચાલકે અચાનક પોતાનું ટેન્કર રિવર્સ લેતાં દિપકભાઇ બે ટેન્કરો વચ્ચે કચડાઇ ગયા હતા. જેમને ગંભીર ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયા હતા. જ્યાં રસ્તામાં જ તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ.

અકસ્માતને પગલે દાનાપુર સહિત સમગ્રપંથકમાં અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

**મધ્યપ્રદેશ...**

**પાના નં .૧ ચાલુ**

પર દુઃખ વ્યક્ત કર્યું છે. અકસ્માત અંગે પોલીસે કહ્યુ કે, દૂર્ઘટના શામગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થઈ છે. બસમાં ૬૦થી વધુ મુસાફરો સવાર હતા. કેટલાંક બસની છત પર બેઠાં હતા. દૂર્ઘટનાની ખબર મળતાં જ સ્થાનિકોએ સૌથી પહેલાં પોલીસને સુચના આપી હતી જે બાદ તેઓએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કાર્ય શરૂ કર્યું હતું. ગ્રામવાસીઓએ ઘાયલોને પોતાની કાર અને ટ્રેકટર પર હોસ્પિટલ પહોંચાડ્યા હતા. નજરે નીહાળનારાઓએ જણાવ્યું કે બાઈક સવાર ત્રણ યુવકોને બચાવવાના કારણે દૂર્ઘટના થઈ હતી. તેઓ સ્પીડમાં બસને ઓવરટેક કરી રહ્યાં હતા, ત્યારે તેની સાથે અથડાઈ ગયા હતા. ડ્રાઈવરે તેમને બચાવવા માટે બસને ઝડપથી વાળી દીધી હતી, જેનાથી તે પલટી ગઈ હતી. દૂર્ઘટના પર મુખ્યમંત્રી શિવરાજ સિંહે ટ્વીટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતુ.

**શિસ્ત, સમર્પણ અને ..**

**પાના નં .૧ ચાલુ**

રોજા રાખવાના સામૂહિક પાસા પાછળ વાસ્તવિકતા એ છે કે, જ્યારે વ્યક્તિ પોતે ભુખી રહે છે ત્યારે તેને બીજા લોકોના ભુખનો પણ અનુભવ થાય છે. મોદીએ કહ્યું હતું કે, જ્યારે વ્યક્તિને બીજાની ભૂખ અને પાણીની તરસ અંગે અનુભવ થાય છે ત્યારે તે વાસ્તવિકરીતે આગળ વધે છે. મોદીએ કહ્યું હતું કે, પેગમ્બર મોહમ્મદ સાહેબના શિક્ષણ અને તેમના સંદેશાને યાદ કરવાનો સમય છે. એ વખતે એક વ્યક્તિએ પેગમ્બર સાહેબને પ્રશ્ન કર્યો હતો કે, ઈસ્લામમાં સૌથી સારી બાબત કઇ છે. આના જવાબમાં મોહમ્મદ સાહેબે કહ્યું હતું કે, કોઇ ગરીબ અને જરૂરિયાતવાળી વ્યક્તિને ભોજન કરાવવાની બાબત અને તમામ સાથે સદ્ભાવ સાથે મળવાની બાબત સૌથી અગત્યની છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, પેગમ્બર સાહેબ કહેતા હતા કે, અહંકાર જ્ઞાનને પરાજિત કરે છે. પેગમ્બર સાહેબ કહેતા હતા કે જો તમારી પાસે કોઇ ચીજ વધારે છે તો તેને દાન કરવામાં આવે. મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં કોમનવેલ્થ ગેમમાં ભારતના સર્વશ્રેષ્ઠ દેખાવ અને ભારતીય ખેલાડીઓની પ્રશંસા કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ખેલાડીઓના શાનદાર પ્રદર્શનના કારણે દેશના લોકોનું ગર્વ વધી ગયું છે. દેશના ખેલાડીઓને તિરંગા ધ્વજ સાથે જોવાની બાબત તથા રાષ્ટ્રગીત સાંભળવાની બાબત દરેક ભારતીયોને ખુશીથી ભરી રહી હતી. મોદીએ આ કાર્યક્રમ દરમિયાન કોમનવેલ્થમાં ચંદ્રકો જીતનાર ખેલાડીઓના અભિપ્રાય પણ રજૂ કર્યા હતા. સાથે સાથે યોગ દિવસ ઉપર ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આની તૈયારી કરવા લાગી જવા માટે પણ અપીલ કરી હતી. મોદીએ તેમના પોતાના એનિમેટેડ વિડિયો તૈયાર કરનાર વ્યક્તિની પણ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, એનિમેટેડ વિડિયોથી વધુ સારીરીતે યોગ સીખી શકાય છે. વિદ્યાર્થીઓને વેકેશનના ગાળા દરમિયાન વિશેષ ઈન્ટર્નશીપ માટે મોદીએ અપીલ કરી હતીઅને કહ્યું હતું કે, કેટલાક મંત્રાલયો દ્વારા સાથે મળીને સ્વચ્છ ભારત સમર ઈન્ટર્નશીપની શરૂઆત કરવામાં આવી ચુકી છે. બાળકોને આના માટે પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. સો સાથે યુજીસી તરફથી બે ક્રેડિટ પોઈન્ટ પણ આપવામાં આવશે. ટીવી કાર્યક્રમોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, દિલ્હીની ગીતા કોલોનીની ઝુંપડપટ્ટીમાં રહેનાર બાળકોના અભ્યાસની પ્રવૃત્તિનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, અહીં ભણાવનાર લોકો કિંમતી સમય કાઢીને સાથ આપી રહ્યા છે. મોદીએ આ કાર્યક્રમ દરમિયાન જુદા જુદા સેવા કામમાં લાગેલા લોકોનો ઉલ્લેખ કર્યો હતો.

**ભારત સરકારના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અને શિક્ષણ માટેની શું વ્યવસ્થા છે તે અંગેની દેશભરમાં આ આયોગ વ્યવસ્થા જોઈ રહ્યું છે... અને ખાસ કરીને જનજાતિને મળેલ અનામતની પ્રતિકુતી થઇ રહી છે કે નહી તે જોઈ રહ્યું છે... જોકે અંબાજી પહોંચેલા આ આયોગના અધ્યક્ષ નંદકુમાર સાંઈએ ખાસ નશાબન્ધી ઉપર ભાર મુકતા જણાવ્યું હતું કે મધ્યપ્રદેશમાં અનુસૂચિત જનજાતિના લોકોને શરાબ મુક્ત કરવા મેં ૪૭ વર્ષ થી નમક(મીઠું) નો ત્યાગ કર્યો છેને આજદિન સુધી મીઠું મેં ૧૯૭૦ થી આજદિન સુધી નમક (મીઠું) ખાધું નથી.

**બનાસકાંઠામાં ચાલુ ...**

**પાના નં .૮ ચાલુ**

ગુજરાતમાં છ કરોડ કટ્ટાનું ઉત્પાદન થતુ હતુ પરંતુ ચાલુ સાલે એક કરોડનું ઉત્પાદન ઘટ્યું છે જેનાં કારણે બટાટાના ભાવમાં ઉછાળો આવ્યો છે. હાલની વાત કરીએ તો બટાટાના ભાવ ૧૦ થી ૧૨ રૂપીયે કિલો વેચાઈ રહ્યાં છે. જેના કારણે વેપારીઓ અને ખેડુતોને થોડીક રાહત મળી છે. ખેડુતો અને વેપારી જણાવે છે કે અત્યારે તો રાહત છે પણ ચાર વર્ષથી થયેલ નુકશાનમાંથી નીકળી શકાય તેમ નથી. વાવેતર ઘટતા અને ઉત્પાદન ઘટવાના કારણે બનાસકાંઠામાં આવેલ ૨૦૦ માંથી ૧૫ કોલ્ડ સ્ટોરેજનાં તાળાં પણ ખુલ્યા નથી. તો અમુક કોલ્ડ સ્ટોરેજ અડધા ખાલી રહ્યાં છે. જેનાં કારણે સ્ટોરેજ માલિકોને નુકશાન થશે. અગાઉ ચાર વર્ષ સુધી વ્યાપક મંદીના કારણે બેંકની લૉન અને લાઈટ બિલ ન ભરાવાના કારણે કેટલાક સ્ટોરેજને સીલ કરી દેવાયા છે. તો ક્યાંક હપ્તા ન ભરાતા ડી ફોલ્ટર થતા ચાલુ સાલે બેંક દ્વારા લૉન આપવામાં આવી નથી. આ બાબતે કોલ્ડ સ્ટોરેજના પ્રમુખ ગણપતલાલ કચ્છવાએ જણાવ્યું હતું કે બટાટાનું ઉત્પાદન ઘટ્યું છે જેના કારણે ભાવ સારા છે અને રાજ્ય બહાર બટાટા હાલ વેપારીઓ મોકલી રહ્યાં છે. જો કે અનેક સ્ટોરેજ ખાલી રહ્યા છે.

આમ ચાલુ સાલે સારા ભાવના કારણે ખેડુતોને રાહત ચોક્કસ મળી છે પરંતુ ચાર વર્ષ કરેલ નુકશાનની ભરપાઈ ખેડુત કે વેપારી કે કોલ્ડ સ્ટોરેજ માલિક કરી શકે તેમ છે.

**જગાણા પાસે ...**

**પાના નં .૮ ચાલુ**

રમાતો હોવાની બાતમીના આધારે પીએસઆઇ ડી. જે. મરંડે ટીમ સાથે શનિવારે સાંજે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં તિનપત્તિનો જુગાર રમતાં સાત શખ્સોને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી રોકડ રકમ તેમજ જુગાર રમવાનું સાહિત્ય મળી કુલ રૂપિયા ૫૪૩૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ અંગે તમામની સામે પાલનપુર તાલુકા પોલીસમથકે જુગારધારાની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ
સોમવાર ૩૦ એપ્રિલ ૨૦૧૮ (૭)

## સરસ્વતી તાલુકાની ગોલીવાડારૂ ઉત્પાદક સહકારી મંડળી ફડચામાં ગઇ

પાટણ

સરસ્વતી તાલુકાની ગોલીવાડા રૂ ઉત્પાદક સહકારી મંડળી તા. ૧૨/૦૪/૧૮ના રોજથી ફડચામાં લઇ જવામાં આવેલ છે. ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી(ફડચા)શ્રી, પાટણની નિમણુંક કરવામાં આવી છે. જે શખ્સો અથવા હીત સબંધ ધરાવનારાઓનું આ સંસ્થા પાસે જે કાંઇ લ્હેણું કે માંગણું હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી બે માસમાં જિલ્લા રજીસ્ટ્રાર (સહકારી મંડળી) પાટણની રૂબરૂ તે અંગેના પુરાવાઓ સહીત નોંધાવવું. જો તેમ કરવામાં કોઇ ચુકશે તો પાછળથી તેમનું લ્હેણું કે માંગણું નોંધવામાં આવશે નહી.

## મહેસાણાના નવી શેઢાવી ફાટક પાસે યુવક પર સળીયાથી હુમલો

મહેસાણા

મહેસાણા તાલુકાના નવી શેઢાવી ફાટક નજીક બોલાચાલીમાં યુવક અપશબ્દો બોલતા શખ્સને ઠપકો આપતાં આરોપી શખ્સે ઉશ્કેરાઈને લોખંડના સળીયાથી હુમલા કરી ઈજા કરી હતી. આ અંગે લાંઘણજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર દેત્રોજના શોભાસણના પ્રભાત મથુરભાઈ રાવળ મુળ શોભાસણનો અને હાલમાં કલોલ રહેતો રોનીત ઉર્ફે ચિન્ટુ કમલેશજી ઠાકોર સામે ગુરૂવારે લાંઘણજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર પ્રભાત રાવળ અને આરોપી વચ્ચે ગત ૨૫ એપ્રિલે સાંજે બોલાચાલી થઈ હતી. આરોપીએ અપશબ્દો બોલતા તેને અપશબ્દો બોલવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને લોખંડના સળીયાથી હુમલો કરી ઈજા કરી હતી. જેથી લાંઘણજ પોલીસે ફરિયાદના આધારે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ ચલાવેલ છે.

## પાટણમાં ફરીથી બે બાઈકની ચોરી

પાટણ

પાટણમાં વાહન ચોરીના બનાવો જારી રહેવા પામ્યા છે. ત્યારે શહેરના હાંસાપુર રોડ પર આવેલ સાંઈ કુટીર બંગ્લોઝમાં રહેતા ચેતનકુમાર હરગોવનદાસ પટેલે હીરો હોન્ડા સ્પલેન્ડર બાઈક નં.જી.જે.૨૪ એન. ૬૬૪૫ લઈને રાજમહેલ રોડ પર આવેલા વિશ્વાસ કોમ્પ્લેક્સ નજીક પાર્ક કર્યું હતું. થોડીવાર પછી આવીને જોયું તો બાઈકની કોઈ ચોર ઈસમો ઉઠાંતરી કરીને ચોરી ગયા હતા . જ્યારે શહેરના ગુણવંતા હનુમાન પાસે આવેલા નવા માઢમાં રહેતા જોષી રાકેશકુમાર પોતાનું બાઈક લઈને કોલેજ રોડ પર આવેલ ચિંતામણી ફ્લેટમાં ગયા હતા. તે દરમ્યાન અજાણ્યા ઈસમો બાઈકની ચોરી કરી પલાયન થઈ જતાં ફરિયાદ નોંધાવી હતી.

## પાટણમાં નવું નાળુ બનાવવાના કામનો વિધિવત શુભારંભ

પાટણ

પાટણ શહેરના ઈદગાહ પાસે આવેલા જર્જરીત નાળાને નવિન બનાવવાના કામનું ગત ગુરૂવારે પાટણના ધારાસભ્યના હસ્તે વિધિવત રીતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.સદર નાળું કોન્ટ્રાકટર દ્વારા ૪૫ દિવસના સમય ગાળામાં પૂર્ણ કરવામાં આવનાર છે.વર્ષ ૨૦૧૫ - ૧૬ અને ૧૬-૧૭ ની મનોરંજન કરતી ગ્રાન્ટોમાંથી રૂા.૩૪,૫૩૦૦૦ ના ખર્ચે નવિન નાળું બનાવવાના કામને મંજૂર કરવામાં આવતા ધારાસભ્ય કિરીટ પટેલના હસ્તે તેનું ખાતમુહૂર્ત થયું હતું.શહેરમાં વિકાસને લગતા કામો પૂર્ણ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## રાધનપુર તાલુકાના શાહપુર ગામે પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ



રાધનપુર

રાધનપુર તાલુકાના શાહપુર ગામે સમસ્ત ચાવડા ( પગી) પરિવાર દ્વારા શ્રી ખોડિયાર માતાજી,શ્રી સિકોતર માતાજી અને ખેતરપાળ દાદાની પ્રાણ-પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિ-દિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં તા.૨૮ અપ્રિલને વૈશાખ સુદ તેરસને દિવસે સવારે પ્રાયશ્ચિત કર્મ,દશવિધ સ્નાન, હેમાદ્રિ, ગણપતિ પૂજન,પુણ્યવાચન,માતૃકા વર્ધીની પૂજન, મંડપપ્રવેશ, વિપ્રપુજન, કુંડપુજન,દેવતા આહવાન,સ્થાપન,પૂજન,આરતી જેવા ધર્મસભર કાર્યક્રમો યોજાયા હતા,જયારે રવિવારે કર્મકુટીર હોમ,શોભાયાત્રા,જળયાત્રા જેવા કાર્યક્રમોમાં ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સોમવારે મહોત્સવની પુર્ણાહુતી પ્રસંગે મંદિરનું વાસ્તુપૂજન,ધ્વજારોહણ,દિક્ષુહોમ,શિખરપ્રતિષ્ઠા અને મૂર્તિ પ્રતિષ્ઠા જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા છે.આ પ્રસંગે રવિવારે ભવ્ય રંગ કસુંબલ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મહોત્સવ દરમ્યાન પંચકુંડી મહાયજ્ઞમાં ભાવિકજનોએ આહુતિનો લાભ લીધો હતો.પ્રતિષ્ઠાના આચાર્ય તરીકે શાસ્ત્રી પ્રકાશચંદ્ર શર્માએ સેવા આપી હતી.

## કડીના ચડાસણાના મંદિર સામેથી નવજાત બાળક મળી આવ્યું

મહેસાણા

કડીના ચડાસણા ગામ સ્થિત મેલડી માતાના મંદિર સામે ઓટલા પરથી એક ચાર-પાંચ દિવસનું ત્યજાયેલુ નવજાત બાળક મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

૧૦૮ ની ટીમે બાળકને તાત્કાલિક સારવાર અર્થે મહેસાણા સિવિલમાં ખસેડ્યું હતું.નંદાસણ ૧૦૮ ના સ્ટાફને ગત બુધવારે સવારે માહિતી મળેલ કે ચડાસણા ગામ ખાતે મેલડી માતાના મંદિર સામેના ઓટલા પર એક ચાર-પાંચ દિવસનું બાળક જીવીત અવસ્થામાં મળ્યું છે. જેથી ૧૦૮ ની ટીમે ઘટના સ્થળે દોડી આવી બાળકનો કબજો લઈ મહેસાણા સિવિલમાં સારવાર માટે ખસેડ્યું હતું. નંદાસણ પોલીસે આ અંગે તપાસ ચલાવેલ છે.

## ૧ મે થી ૩૧ મે દરમિયાન મહેસાણા જિલ્લામાં સુજલામ-સુફલામ જળ અભિયાન

### ૧૨૧ તળાવો ઉંડા કરવા અને ૭૨ ચેકડેમનું ડીસીલ્ટીંગ અને રીપેરીંગ કરાશે

મહેસાણા

પ્રસ્તાવના-જળ એ જીવન છે પાણી પરમકૃપાળું પરમાત્માએ માનવ જાતને આપેલો મહામૂલો પ્રસાદ છે.માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજયએ સુજલામ-સુફલામ જળ અભિયાન દ્વારા રાજ્યના ખૂણે ખુણામાં જળસંચય માટે ઝુંબેશ હાથ ધરી છે.૦૧ મે થી ૩૧ મે દરમિયાન ચાલનાર આ મહા અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાય તે માટે રાજ્ય સરકાર દ્વારા અપીલ કરાઇ છે.

**લોકભાગીદારી**-મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનમાં ૧૨૧ તળાવો ઉંડા કરવા,૬૬ ચેકડેમ ડીસીલ્ટીંગ, ૦૬ ચેકડેમ રીપેરીંગ અને ૧૪ કિમી લંબાઇની નહેરોની સાફસફાઇ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલના હસ્તે ૦૧ મે ૨૦૧૮ના રોજ મહેસાણા તાલુકાના લાંઘણજ,વિસનગર તાલુકાના રંગાકુઇ અને વિજાપુર તાલુકાના કુકરવાડા ગામથી આ મહાઅભિયાનનો શુભારંભ થશે.જિલ્લામાં વહીવટીતંત્રના પ્રયાસથી લોકભાગીદારીથી આ કામો થવાના છે. આ અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક, સહકારી સંસ્થાઓ, ઉધોગ ગૃહો,ધાર્મિક સંસ્થાઓ, રાજ્ય સરકારના જાહેર સાહસો જોડાયા છે.

**મહેસાણા જિલ્લાની જળસંગ્રહ ઝાંખી :** મહેસાણા જિલ્લોનો ભૌગોલિક વિસ્તાર ૪૩૯૧૫૩ હેકટર જેટલો છે જેમાંથી ખેડાણ લાયક વિસ્તાર ૩૪૯૩૪૨ હેકટર છે. તે પૈકી ૧૮૧૦૪૫ હેકટર જમીનને વિવિધ સ્ત્રોત થકી સિંચાઇનો લાભ મળે છે.જિલ્લામાં જળસંગ્રહના માળખામાં ધરોઇ બંધ,સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર,નર્મદા યોજનાની નહેરો,નાની સિંચાઇ યોજના,અનુંશ્રવણ તળાવો અને ચેકડેમો આવેલા છે.

**જળ અભિયાનની કાર્યપ્રધ્ધતિ** : જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉધોગ ગૃહો,શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ જે મહા અભિયાનમાં સંપુર્ણપણે પોતાના ખર્ચે જળસંચયના કામો કરવા માંગતા હોય તેમનેજિલ્લા કક્ષાએ સરકારશ્રી દ્વારા અમલીકરણ માટે તમામ મદદ કરવામાં આવશે. આ ઉપરાંત જે સંસ્થાઓ પોતાની અથવા ભાડેથી મશીનરી લાવી કામગીરી કરવા ઇચ્છતા હોય તેમને પ્રતિ ઘનમીટર માટી કામના નક્કી કરેલા રૂ.૩૦ના ૫૦ ટકા સરકારશ્રી તરફથી આપવામાં આવનાર છે. આ ઉપરાંત ખોદાણ કામમાંથી મળતી માટીનો આસપાસના પ્રગતિ હેઠળના સરકારી કામોમાં કે ખેડુતોના ખેતરમાં કે જાહેર સ્થળોએ વપરાશ કરી શકાશે અને તે માટે કોઇ રોયલ્ટી ચૂકવવાની રહેશે નહી

**સુજલામ સુફલામ જળ અભિયાનમાં હાથ ધરનારી કામગીરીઃ** મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન થકી તળાવો ઉંડા ઉતારવા તેમજ તેના પાળાઓના મજબૂતીકરણ અને આવરા સાફ કરાવની કામગીરી થનાર છે.જળાશયો અને ચેકડેમોનું ડીસીલ્ટીંગ થશે જેનાથી જળક્ષમતામાં થશે.નર્મદા કેનાલ નેટવર્ક તથા અન્ય જળાશયોની કેનાલની સફાઇ અને રીપેરીંગની કામગીરી થનાર છે.જિલ્લાની ગુજરાત પાણી પુરવઠા બોર્ડની જુથ પાણી પુરવઠા યોજનાની લગભગ ૯૦૦ ઉપરાંત એરવાલ્વનું નીરીક્ષણ અને મરામત કરવાનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં વોટર રિયુઝની પોલીસીનું અમલીકરણ,ગામ તળાવ, સીમ તળાવ,નદીઓના પાણીના પ્રવાહને અવરોધકરૂપ ઉગેલા ઝાડી-ઝાંખરા વગેરેની સફાઇ કરવાની કામગીરી,શહેરી વિસ્તારમાં રેઇન વોટર હાર્વેસ્ટીંગ તેમજ નદીઓ અને તળવોમાં આવતું પ્રદુષિત પાણી અટકાવાની કામગીરી સહિત નદી કાંઠાઓ પર વૃક્ષારોપણનીકામગીરી કરવામાં આવનાર છે.

મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનમાં રૂ.૧૨૫૫ લાખનો ખર્ચનો અંદાજ થનાર છે.જેમાં ૨૦૭ કામો રૂ.૧૮૧ લાખના ખર્ચે લોક ભાગીદારીથી,મનરેગા હેઠળ ૯૭૨ કામો રૂ.૮૦૪ લાખના ખર્ચે થનાર છે જેમાં ધામણી નદી પુન જીવીત કરવાની કામગીરી કરવામાં આવનાર છે. પાણી પુરવઠા અને જળસંપત્તિ નિગમ દ્વારા એરવાલ્વના નિરીક્ષણની અને નહેરોની મરામત જાળવણીના ૯૦૫ કામો રૂ.૨૪૪ લાખના ખર્ચે થનાર છે.વન વિભાગ દ્વારા વન તલાવડી અને ચેકડેમ ડીસ્લીટીંગના કામો થનાર છે નગરપાલિકાદ્વારા નહેરો,નદીઓની સફાઇ,વરસાદી પાણીના લાઇનની સફાઇના ૮૦ કામો રૂ.૨૧ લાખના ખર્ચે થનાર છે.

**મહેસાણા જિલ્લામાં લોક ભાગીદારી** : મહેસાણા જિલ્લામાં મહાઅભિયાનમાં લોકભાગીદારી જોડાઇ છે. જિલ્લામાં ૨૦ થી વધુ ઔધોગિક સંસ્થાઓ, મહેસાણા, ઉંઝા, કડી,વિસનગર અને વિજાપુર ખેતીવાડી ઉત્પન બજાર સમિતિઓ, ધાર્મિક સંસ્થાઓ જેવી કે બહુરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ, ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા, સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ જોડાઇ છે. જેમાં થનારા ખર્ચના ૫૦ ટકા લોકભાગીદારીથી અને ૫૦ ટકા સરકારશ્રી દ્વારા આ કામ થનાર છે.

**વહીવટીતંત્રની અપીલ** : મહેસાણા જિલ્લામાં ૦૧ મેથી ૩૧ મે દરમિયાન ચાલનારા આ મહાઅભિયાનમાં લોકભાગીદારી જોડાય તે માટે જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અપીલ કરી છે

અને ગામે ગામે ગામ તળાવોને જળસંગ્રહની ક્ષમતા વધારવા ઉંડા ઉતારવા તેમજ તેની માટીને જાહેર કામમાં કે ખેતરમાં ફળદ્રુપતા વધારવા માટે ઉપગોયમાં લેવાશે ૦૧ મેના રોજ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ મહેસાણા તાલુકાના લાંઘણજ ગામે સવારે ૧૦-૦૦ કલાકે,, વિસનગર તાલુકાના રંગાકુઇ ગામે ૧૧-૦૦ કલાકે અને વિજાપુર તાલુકાના કુકરવાડા ગામે ૧૧-૪૫ કલાકેથી પ્રારંભ કરાવનાર છે.

## કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બે સગા ભાઈના મોત

(જી.એન.એસ) તલોદ

તલોદના રણાસણ નજીક કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બે સગા ભાઈનાં મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ધનસુરાના રમોસ ગામના આ બે ભાઈઓ પોતાની જીજે-૦૯,બીએ-૭૧૫૯ નંબરની સ્વીફ્ટ ડિઝાયર કાર લઈને જઈ રહ્યા હતા, ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો.

બંને ભાઈઓ કાર લઈને તલોદના રણાસણ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ટ્રેક્ટર સાથે અકસ્માત થતાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો

અને બંનેના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## પાટણ જિલ્લાના દરેક તાલુકામાં કિસાન કલ્યાણ મહોત્સવ ઉજવાશે

પાટણ

પાટણ જિલ્લાના ૯ તાલુકાઓમાં આગામી ૨ જી મે ના રોજ કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવશે. જેમાં વિવિધ ગામોમાં પશુ આરોગ્ય કેમ્પોનું પણ આયોજન કરાશે. જેના સંદર્ભમાં પાટણ ખાત્મા પ્રોજેકટ, ખેતીવાડી શાખા જિલ્લા પંચાયત, બાગાયત ખાતું, પશુપાલન શાખા વિગેરે વિભાગો દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરાઇ રહ્યું છે.

આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાના લક્ષ્યાંક ખેડુતો માટે જરૂરી વૈજ્ઞાનિકો સાથેનો પરિસંવાદ તેમજ શિબિર અને કૃષિ પ્રદર્શનનું પણ આયોજન કરાઇ રહ્યું છે. જેના સંદર્ભમાં આગામી તારીખ ૨ જી મે ના દરેક તાલુકા સ્થળ પર કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન ભારત સરકાર તરફથી કરવામાં આવનાર છે. પાટણ જિલ્લાના કુલ-૯ તાલુકામાં આ મહોત્સવ આગામી તારીખ ૨ જી મે ના રોજ એકી સાથે દરેક તાલુકા સ્થળ પર રાખવાનું આયોજન થયેલ છે. તાલુકા તથા જિલ્લાના પદાધિકારીઓ પણ આ કાર્યક્રમમાં જોડાશે. તેમજ તા. ૦૨/૦૫/૨૦૧૮ ના રોજ કિસાન કલ્યાણ મહોત્સવ કાર્યક્રમ ચાણસ્મા તાલુકાનો ધિણોજ પ્રાથમિક શાળા, મુ.ધિણોજ, પાટણ તાલુકાનો ચુડેલ મા પાર્ટીપ્લોટ, મુ.કુણઘેર,સમી તાલુકાનો એ.પી.એમ.સી. સમી, હારીજ તાલુકાનો એ.પી. એમ.સી. હારીજ, શંખેશ્વર તાલુકાનો લિંબોચ માતાનું મંદિર, મુ.પંચાસર, સિધ્ધપુર તાલુકાનો કે.વી.કે. મુ.સમોડા-ગણવાડા, સરસ્વતી તાલુકાનો મલડી માતા મંદિર, સરસ્વતી ડેમની બાજુમાં, સાંતલપુર તાલુકાનો એ.પી. એમ. સી. સાંતલપુર તેમજ રાધનપુર તાલુકાનો સુકી ખેતી સંશોધન કેન્દ્ર-રાધનપુર ખાતે યોજાશેતેમ નાયબ ખેતી નિયામક (તાલીમ), પાટણની એક યાદીમાં જણાવાયું છે.

## સંડેર સેવા સહ.મંડળીના પ્રમુખ મંત્રીનો ચેક બાઉન્સ કેસમાંથી છુટકારો

પાટણ

પાટણ તાલુકાની સેવા સહકારી મંડળીના હોદ્દાની રુએ તત્કાલીન પ્રમુખ અને મંત્રી સામેના ચેક બાઉન્સના કેસમાંથી ગત ગુરૂવારે પાટણ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એસ.બી.ટાંકે શંકાનો લાભ આપીને છોડી મુકવાનો આદેશ આપ્યો હતો.

સદર કેસની વિગતો એવી છે કે સંડેરની સેવા સહકારી મંડળીના પ્રમુખ રસીકભાઈ કાનજીભાઈ પટેલ અને મંત્રી શૈલેષકુમાર દ્વારકાદાસ પટેલે હોદ્દાની રુએ પાટણ તાલુકા ખરીદ વેચાણ સંઘમાંથી ખાતરની ખરીદી કરી હતી. જે પેટે તા. ૨૪/૯/૦૮ સુધીનાં રૂા. ૧૦,૬૫,૫૩૫ ના ખાતરના ઉપાડના પેટે સંડેરની મંડળીએ વખતોવખત રૂા. ૧,૧૭,૦૦૦ જમા આવ્યા હતા. અને ૯,૪૩,૫૩૫ બાકી લેણા નીકળતાં હતા. જે અંગે સંડેરની મંડળીએ મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકનો ઉપરોક્ત રકમનો ચેક તા. ૨૫/૯/૦૮ ના રોજ આપેલો જે ચેક ખરીદ વેચાણ સંઘે બેંકમાં ભરતાં તે પુરતા બેલેન્સના અભાવે પાછો ફર્યો હતો. જે અંગે પાટણ ખરીદ વેચાણ સંઘ દ્વારા કોર્ટમાં ફરિયાદ કરતાં જે કેસ ચાલી જતાં પાટણની ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ એમ. બી. કોટકે સંડેર મંડળીના બંને આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો આદેશ આપ્યો હતો. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ આર.એલ.મજમુદારે રજુઆત કરી હતી.

## રાધનપુર પાલિકામાં વરસાદી પાણીના નિકાલ માટેની ગટરના ટેન્ડરમાં ગેરરીતિના આક્ષેપો

### કોન્ટ્રાક્ટર,નગરપાલિકા અને પાણીપુરવઠાના અધિકારીઓની મીલીભગત

રાધનપુર

રાધનપુર શહેરમાંથી નેશનલ હાઈવે ઓથોરોટી દ્વારા ફોરલાઇન પસાર કરાયો છે,તેની આજુ-બાજુ વરસાદી પાણીના નિકાલ માટે ગટરો બનાવી છે,પરંતુ આ ગટરો વર્ષોથી સાફ ના થઇ હોવાથી વરસાદી પાણીનો નિકાલ થતો નથી અને પાણી શહેરના અનેક વિસ્તારોમાં ઘુસી જાય છે,જે બાબતે પાલિકાના સદસ્ય અંકુરભાઈ જોશીએ મુખ્યમંત્રીના ઓનલાઇન ફરિયાદ નિવારણ વિભાગમાં લેખિતમાં રજુઆત કરી હોવા છતાંય આ સમસ્યા હલ ના થવાથી તાત્કાલિક આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા તેમણે ફરીથી રજુઆત કરી છે,આ ઉપરાંત રાધનપુર નગરપાલિકા દ્વારા તૈયાર થઇ રહેલી વરસાદી પાણી નિકાલ માટેની ગટરના ટેન્ડરમાં ભ્રષ્ટાચાર થયાના પણ આક્ષેપો કર્યા છે.અને આર. ૠ બી.ના એસ.આર.ઓ.મુજબ ટેન્ડરો બહાર પાડયા ના હોવાથી કોન્ટ્રાક્ટર,નગરપાલિકા અને પાણીપુરવઠાના અધિકારીઓની મિલીભગતથી ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો કરાયા છે.

પાલિકાના સદસ્ય અંકુરભાઈ જોશીએ મુખ્યમંત્રીને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ સામાન્ય રીતે ગુજરાતની તમામ નગર પાલિકાઓ આર. & બી. ના એસ.આર.ઓ. ભાવ પ્રમાણે ટેન્ડર પાડતી હોય છે,પરંતુ રાધનપુર નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને કન્સલ્ટન્ટ પોતાને મનફાવે તેવા ભાવો બહાર પાડે છે.પાલિકા દ્વારા તૈયાર થઇ રહેલી વરસાદી પાણીના નિકાલ માટેની ગટરના વન સી.એમ.ટી.ના ભાવ અંદાજે રૂ.૮૦૦૦ જેટલા છે,જે સમગ્ર હિન્દુસ્તાનમાં ક્યાંય નથી.આ ગટરના કામમાં પહેલેથી જ કોન્ટ્રાક્ટર, રાધનપુર નગર પાલિકા અને પાણીપુરવઠાના અધિકારી તેમજ નગરપાલિકાની આ ગટરની દેખરેખ રાખનાર અને પ્રોજેક્ટ બનાવનાર કન્સલ્ટન્ટ ભેગા મળીને અત્યારે જે ગટર બનાવી રહ્યા છે,તેમણે ૪૯% ટેન્ડર નીચું ભરાવ્યું અને હાલમાં ગટરની કામગીરી ચાલુ છે.અને તેનું બિલનું પેમેન્ટ રૂ.૭૦ લાખ જેટલું ચૂકવાઈ ગયું છે.આ ગટરના એક સી.એમ.ટી.ના ભાવ રૂ.૮૦૦૦ છે.જયારે આ જ ગટરની મંજૂરી આર.ૠ બી. પાસેથી લેવામાં આવી હોય તો તેના ભાવ ફક્ત રૂ.૩૯૮૦ જ છે. આમ, કોન્ટ્રાક્ટરને ટેન્ડરમાં બહુ મોટો ફાયદો થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ સમગ્ર પ્રકરણમાં રાધનપુર નગર પાલિકાના અધિકારોની જેમ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ પણ એટલા જ દોષી છે, જેમણે મોટી ટકાવારી લઈને કૌભાંડ આચરેલ હોવાથી સરકારી અધિકારી દ્વારા એફ. આઈ. આર કરાવી સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા તપાસ કરાવવા માંગ કરવામાં આવી છે.

### ૧૦ વર્ષથી ગેરરીતી ચાલે છે

પાલિકાના સદસ્ય અંકુરભાઈ જોશીએ કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ છેલ્લા ૧૦ વર્ષથી નગરપાલિકામાં કૌભાંડ ચાલે છે.આર. & બી. ના એક સી.એમ.ટી.ના ભાવ રૂ.૩૯૮૦ છે,પાણીપુરવઠાના ભાવ રૂ.૫૮૦૦ છે,તો નગરપાલિકા દ્વારા બહાર પડાયેલ ટેન્ડરમાં રૂ.૮૦૦૦ ભાવ કોણે અને કેવી રીતે નક્કી કર્યા છે એ ખરેખર ગંભીર તપાસનો વિષય છે.છેલ્લા ૧૦ વર્ષના તમામ રોડ,ગટરો,બિલ્ડીંગોના બહાર પાડેલા ટેન્ડરો અને આર. ૠ બી.ના એસ.ઓ.આર.ના ભાવો સરખાવવામાં આવે તો બહુ મસમોટું કૌભાંડ બહાર આવે તેમ છે.આવા કોન્ટ્રાક્ટરો અને જવાબદારો ઉપર ફોઝદારી કેસો કરવાની પણ રજુઆત કરવામાં આવી છે.

## સાંતલપુર તાલુકાના ધોકાવાડામાં બોલામણામાં અગ્રણીઓ ઉમટ્યા




રાધનપુર

સાંતલપુર તાલુકાના ધોકાવાડાના આહીર અગ્રણી અને જિલ્લા પંચાયતના સદસ્ય મહાદેવભાઈ આહીર બીમાર હોવાથી તેમની ખબર પૂછવા માટે બોલામણુ રાખવામાં આવ્યું હતું.આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, રાધનપુર તાલુકા પંચાયતના પ્રમુખ નવીનભાઈ પટેલ, ગોતરકા સ્વામીજીની જગ્યાના મહંત પૂ.સ્વામીજી મહારાજ, પેથાભાઈ દેસાઈ, બળવંતજી ઠાકોર,પરાગભાઈ ચૌધરી સહીત અનેક અગ્રણીઓ મહાદેવભાઈ આહીરની ખબર પૂછવા માટે તેમના નિવાસસ્થાને પહેંચ્યા હતા.

## શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલય પાટણમાં ડિજિટલ સ્માર્ટ ક્લાસનો શુભારંભ કરાયો



પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિદ્યાલયમાં શિક્ષણની જ્યોત સતત પ્રજલિત રાખવા અને પાટણ નગરમાં શિક્ષણ યજ્ઞ અને વિદ્યાદાન માટે સતત ચિંતન કરતુ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સ્કૂલને માતબર રકમ આપી સ્કૂલમાં ડિજિટલ વર્ગોનો શુભારંભ જૈન મંડળના એડ્મિનિસ્ટેશન અશ્વિનભાઈ શાહના હસ્તે રીબીન કાપી બાલદેવો માટે ડિજિટલ વર્ગો અર્પણ કરવામાં આવેલ આ તકે સ્કૂલ આચાર્ય બી.આરઈ દેસાઈ ભૂતપૂર્વ વિદ્યાર્થી એસો સહમંત્રી ધીરુભાઈ શાહ તેમજ નિતીનભાઈ શાહ બાલદેવો ની નજર માં આ વર્ગો માટે શ્રી પાટણ જૈન મંડળ નો આભાર વ્યક્ત થઈ રહ્યો હતો તેમજ સ્ટાફમાં પણ આનંદ વ્યક્ત થઈ રહ્યો અને ૭૪ વષથી શિક્ષણ જયોત સતત વધારો કરવા કાર્યરત કરીશું.

## પાટણના મહત્વના વિસ્તારોમાં લારી-ગલ્લાના દબાણોથી અકસ્માતોનો ભય

પાટણ

પાટણમાં જુના પાવર હાઉસ પાસે, કૃષ્ણ સીનેમા નજીકના પંચાલ ભુવન પાસે તેમજ સુભાષચોક ખાતે આવેલ ગણપતિ મંદિર પાસે લારી-ગલ્લાના દબાણો વધી જતાં ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. રોજ એક બે સામાન્ય અકસ્માતના બનાવો બને છે. આ બાબતે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કડક નીતિ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

શહેરના પાવર હાઉસ પાસે વર્ષો અગાઉ એક પણ લારી ગલ્લાનું દબાણ હતુ નહીં. આ રોડ પર પાલિકા દ્વારા સાર્વજનિક મુતરડી બનાવવામાં આવી હતી. પરંતુ હાલમાં લારી- ગલ્લાના દબાણો એવા વધ્યા છે કે પાલિકાએ મુતરડી તોડીને એક કેબીનવાળાને જગ્યા આપી દીધી છે. જો કે આ સમસ્યા દસેક વર્ષથી ચાલે છે. છતાં દબાણ હટાવવાની કોઈ કાર્યવાહી થતી નથી. જેથી સાંજે ટ્રાફિક વિશેષ રહેતો હોવાથી સામાન્ય અકસ્માતના બનાવો બને છે.

જ્યારે કૃષ્ણ સીનેમા નજીકના પંચાલ ભુવનના ચોકમાં પાણીપુરીની લારીઓવાળા અને રિક્ષા ચાલકોના અડ્ડાથી અન્ય કોઈ ટ્રક જેવા વાહનને પસાર થવું હોય તો મુશ્કેલી રહે છે.

જ્યારે બગવાડા દરવાજા નજીકના સુભાષચોક ચાર રસ્તા પર આવેલ ગણપતિ મંદિર આગળ લારી ગલ્લાની સાથે રિક્ષાઓ, મેટાડોર, જીપ ચાલકોના દબાણો સવારથી મોડી સાંજ સુધી રહેતા ટ્રાફિકની સમસ્યા ગંભીર બને છે. ગત ગુરૂવારે રીક્ષા અને ઉંટલારી વચ્ચે થયેલા અકસ્માતમાં બે જણાને સામાન્ય ઈજા થઈ હતી. આ બાબતે પાલિકા અને સ્થાનિક ટ્રાફિક સત્તાવાળાઓ દ્વારા અનધિકૃત દબાણો દૂર કરવા માંગ ઉઠી છે.